# નગીનવાણી વિલાસ.

— રચી છપાવી પ્રસિદ્ધ કર્તા —

નગીનલાલ રાજારામ બ્રહ્મચારી

— સુરત. —

જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસ, સુરત.

કિંમત બાર આના.

# નગીનવાણી વિલાસ.

રચી છપાવી પ્રસિદ્ધ કર્તા.

નગીનલાલ રાજારામ બ્રહ્મચારી.

સુરત.

સંવત ૧૯૭૧ — પ્રત ૨૦૦૦ — સને ૧૯૧૫.

જૈન વિજય પ્રેસ—સુરત.

કિંમત બાર આના.

છપાવી પ્રસિદ્ધ કરનાર—નગીનલાલ રાજારામ.
પ્રસિદ્ધ કરવાનું ઠે. સોનીફળીયા—સુરત.

છાપનાર—ઠાકોરદાસ માનસીંગ.
છાપવાનું ઠે. "જૈન વિજય" પ્રીન્ટીંગ પ્રેસ.
ચૌટાના પુલ ઉપર—સુરત.

# શુદ્ધ પત્રિકા.

| પૃષ્ટ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૧ | ૧૮ | વિખવ્યું. | સીખવ્યું |
| ૨૦ | ૧૭ | ગુપ્ર. | ગુપ્ત |
| ૨૧ | ૧૭ | પદ. | પગ |
| ૨૧ | ૧૮ | દર્યણ. | દર્પણ |
| ૨૩ | ૨૦ | અસરથી | અસારથી |
| ૨૮ | ૧૫ | વદ્ધિ | વૃદ્ધિ |
| ૩૦ | ૪ | મસ્તનો | મસ્તાનો |
| ૩૦ | ૧૨ | આ | માં |
| ૩૪ | ૮ | માર્ગશીર્ષ | માર્ગશીર્ષે |
| ૩૪ | ૧૬ | અત્રાને | અત્રિને |
| ૬૪ | ૧૪ | રાહ ઉપરનો | રાહ પરજ |
| ૭૨ | ૧૬ | તુજા | તુજ |
| ૭૭ | ૯ | લીટી પછી નીચે લખેલી સેર વાંચી લેવી. | |

### સેર

હામ જેના નામની તે ભક્તિ કરે શ્રી રામની,
સીતા આપે ભરમ રહે ન પચે રામની કામની.
રંડાસે રાણી તાહેરી થાસે ખુવારી ગામની,
ભંડાસે તું સંસારમાં નહી અક્કલ કોડી કામની,


| | | | |
|---|---|---|---|
| ૭૯ | ૧૩ | અસુરપતી | અસુંરપતી |
| ૮૧ | ૩ | ચખીઆ | ચાખીયા |
| ૮૨ | ૧૨ | ત્રિભુત | ત્રિભુવન |
| ૮૩ | ૨ | એડ | એક |
| ૯૨ | ૧ | ભેળા | ભોળા |
| ૯૩ | ૩ | દૂખીયા | દીસે દુખીયા |
| ૯૪ | ૩ | વઠે | વંડે |
| ૧૦૯ | ૧૩ | તરણુ | તારણુ |
| ૧૧૫ | ૬ | નાંખ્યા | નાંખ્યો |
| ૧૨૧ | ૪ | નર્ક | નર્કે |
| ૧૨૨ | ૧૪ | જેહનાથી | જશે જેહનાથી |
| ૧૨૭ | ૧૪ | દંખ | દુખ |
| ૧૪૦ | ૨ | અવિચસ | અવિચળ |
| ૧૪૯ | ૪ | ડામ | કામ |

# अर्पण पत्रिका.

હે, સદચિંદાનંદ ગુરૂજી, આપ કલ્યાણ સ્વરૂપ છો. તેમજ
નિરંતર કલ્યાણ કર્તા છો. આપ મોક્ષ સ્વરૂપ અને મોક્ષ
સુખ આપવા વાળા છો, જેથી હું આપને નમસ્કાર
કરૂં છું. આપ ભવોભવ સંસાર આદિ સુખ આપવા
વાળા છો, આપ શીવશંકર છો. આપ સર્વ
જીવના મંગળ દાતા છો, બીજું કોઇ નથી
આપ મંન ઇંદ્રિય પ્રાણ અને આત્માને
સુખમય છો. વળી આપ અત્યંત કલ્યાણ
મુર્તિ છો હું આપને કોટાન કોટી નમ-
સ્કાર કરૂં છું હે દેવેશ્વર! દેવ
આપ સર્વત્ર પ્રકાસિત છો
આપ સર્વ સંસારને નિય-
મમાં ચલાવવાવાળા છો
એવું જાણી આપણાં
શર્ણમાં આવ્યો છું?

આપ સર્વજ્ઞ છો તેથી આ નગીનવાણી વિલાસનું લઘુ પુસ્તક આપણા ચર્ણાર્વિંદમાં અર્પણ કરૂં છું, તે આપ ભોળાનાથ કૃપાળુ છો જેથી પ્રેમ સહિત અંગિકાર કરશો.

**આજ્ઞાંકિત નગીનલાલ રાજારામ બ્રહ્મચારી.**



નગીનલાલ રાજારામ બ્રહ્મચારી.

જૈન વિજય પ્રિન્ટિંગ પ્રેસ, સુરત.

# પ્રસ્તાવના.

હે! સચ્ચિદાનંદાનન્ત હે! પરમેશ્વર હે! અચળ અવિનાસી અક્ષરધામ નિવાસી હે! સગુણ નિર્ગુણ નિરંજન નિરાકાર અંતર્યામી અનાથના બંધુ કૃપાસિંધુ હે! સૂર્યાદિ સર્વ જગ દ્વિધા પ્રકાશક આપની માયાની જાળમા ફસાયલા જીવ આપની લીલાને જાણી શકતા નથી કારણ, બ્રહ્મા શેષ સનકાદિક પણ આપની લીલાના વર્ણન કરતાં કરતાં થાકી ગયા થાકી જવાય તેમા નવાઇ નથી કેમકે કીડાથી લેઇ બ્રહ્મા સુધીના જીવ અલ્પજ્ઞાની કહેવાય છે તેમજ આશા તૃષ્ણાના બંધથી બંધાયલો સંસારરૂપી ગારામા દટાયલો મલીન જીવ પ્રભુ તમારી પ્રભુતાને શું જાણી શકે જેનાપર આપની કૃપા થાય છે તેનેજ આપની લીલાનું જ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન ત્રણ પ્રકારે થાય છે એક આંખે જોવાથી બીજું કાને સાંભળવાથી ત્રીજું વેદાંત શાસ્ત્ર વાંચવાથી થાય છે. બ્રહ્માનંદની પ્રાપ્તિ એકલા જ્ઞાનથીજ થતી નથી પણ કર્મની જરૂર છે જ્ઞાન તથા કર્મનો યથાયોગ્ય ઉપભોગ થાય છે તેમાંથી ભક્તિનું બીજ રોપાય છે તે બીને ખીલવવા સારૂ તેમજ આત્મ સ્વરૂપનું સાધન કરતા ભજન રૂપે ભક્તિ કરવા અતિસય આણંદમય થઇ પડે છે.

પરમપદ પામવા સાંખ્યયોગ તથા ભક્તિયોગ એ બંને અથવા એકથી બની શકે છે પણ સાંખ્યયોગવાળાના મન તથા ઇંદ્રીયોને કઠીણ કલેશ થાય છે ત્યારે ભક્તિયોગ સુખરૂપ થાય છે ઘણાં ઘણાં ભક્તો ભજનના પ્રતાપે પરમપદને પામી ગયા છે. ભજનથી આત્મ સ્વરૂપમાં એકતાર થઇ જવાય છે. ભજન ગાતી વખતે મનની ચંચળતા વિરામ પામી જાય છે જો ભજન ગાતી વેળાયે મનનું ચંચળપણું રહે તો અનેક વિષયમાં ભટકે જેથી ભજન ગાવાના શબ્દો એક પછી એક તાલ તથા સુર પ્રમાણે ગાઇ શકાય નહીં બીજું ભજનની ધુનનો તાર એવો બંધાય છે કે આકાશમાં ગર્જના થાય અથવા સમિપમાં થઇ ઘોડાગાડી જાય તો પણ જાણી શકતા નથી એજ ચીત્ત સ્થિર રહેવાની નીશાની છે માટે ભજન ભજન અને ભજન સર્વ સ્ત્રિ પુરૂષો વીગેરેને જરૂર જરૂર અને જરૂર છે.

આપણાં સતશાસ્ત્રો વાંચતાં માલમ પડે છે કે સતયુગમાં મનુષ્યોનું આયુષ લાંબું હતું તેથી તપસ્યા કરવામાં આવતી હતી ત્રેતાયુગમાં આયુષ ઘટવાથી યજ્ઞકર્મ થતું હતું દ્વાપોરમાં વધારે ઓછું આયુષ હોવાથી દાને પરમપદમાં રમણ કરવા માંડયું હવે આ કળીયુગમાં અલ્પ આયુષ, અલ્પ વિદ્યા, અલ્પ બુદ્ધિ, અલ્પ ભક્તિ, અલ્પ આહાર,

અલ્પ શક્તિ, અલ્પ લક્ષ્મી, અલ્પ શાંતિ હોવાથી ધર્મ, અર્થ, કામ કે મોક્ષ એ ચારમાંથી એકપણ પુર્ણ મેળવી શકાતું નથી. માટે આપણાપર કૃપાવંત પરમાત્મા તથા મહાત્માઓએ યથાશક્તિ ચાલવા અનંત માર્ગ બનાવ્યા છે તેમાં કળીયુગમાં ભવસાગર પાર ઉતરવા ભજન એક મજબુત વહાણ બનાવ્યું છે.

ભજનરૂપી વહાણ એવી જુગ્તિથી બાંધવું જે ભવસાગરના તોફાની મોજામાં ઘસડાઇ જાય નહીં ભજનના મહિમાથી વિષ્ણું વૈકુંઠપતિ કહેવાય છે, ભજનના પ્રતાપથી શીવજી સદા આનંદમાં રહે છે, ભજનના પ્રભાવે બ્રહ્મા પીતામહનું પદ ધારણ કરી બેઠા છે ભજનથી ઇંદ્ર સ્વર્ગલોકનો વૈભવ ભોગવે છે ભજનથી મોટા મોટા મુનિયો બ્રહ્માનંદમાં એક રસ થઇ ગયા છે ભજન ભવસાગરને સુકવી નાંખનાર સમર્થ સાધન છે ભજનનો પ્રતાપ કેવો છે તે નીચે લખેલા દૃષ્ટાંત ઉપરથી માલમ પડશે.

હીમાલય પર્વતની તળેટીમાં મહાત્મા તપસ્યાનંદની પર્ણકુટી સામે તિર્થાટણ કરતાં કરતાં ભજનાનંદ આવી ઉભા રહ્યા તિર્થવાસીને જોઇ તપસ્યાનંદે ભજનાનંદને સત્કાર કરી કેટલાક દીવસ રાખી પ્રેમથી યથાયોગ્ય સેવા કરી એક

દીવસે ભજનાનંદે નમ્ર વિનંતી કરી કે હે મહાત્મા કાશી ક્ષેત્રમાં પ્રયાણ કરવા આપ આજ્ઞા આપશો.

તપસ્યાનંદ બોલ્યા ભક્તસીરોમણી ભલે પધારો ફરી આપના કિંકરને દર્શણનો લાભ આપશો મારાથી કાંઈ સેવા થઈ નથી માટે આપની પાસે હું ક્ષમા માગું છું વળી મેં મેરૂ શીખરપર દશહજાર વર્ષ તપસ્યા કરી તેનું ફળ હું આપને અર્પણ કરૂં છું તે સાંભળી ભજનાનંદે કહ્યું કે દારૂકાવનમાં મારો આશ્રમ છે ત્યાં કોઈ સમય પધારી હમારી ઝુંપડી પાવન કરશો એમ કહી ભજનાનંદ પોતાના આશ્રમમાં આવી કાળ નિર્ગમન કરવા લાગ્યા.

હવે રામેશ્વરના દર્શણ કરવા જતાં મહાત્મા તપસ્યાનંદ દારૂકાવનમા આવી પોંહુચ્યા ત્યાં ભજનાનંદનો સમાગમ થઇ ગયો અને એક એકને ઓળખી આણંદ માનવા લાગ્યા પછી પ્રેમની વાર્તા કરતાં કરતાં ભજનાનંદના આશ્રમમાં આવ્યા ભજનાનંદે ઘણા દીવસ રાખી ખરી શ્રદ્ધાથી ઉત્તમ પ્રકારે સેવા કરી એક સમયે તપસ્યાનંદે કહ્યું જે રામેશ્વર જવા આપની પાસે આજ્ઞા માગું છું ભજનાનંદે કહ્યું મહાપુરૂષ ફરી પધારજો મારાથી આપની આગતાસ્વાગતા કિંચીત થઇ નથી પણ આપ કૃપાવંત થઇ ક્ષમા કરશો વળી આપનો સત્કાર કરવા મારી પાસે કાંઇ સાધન નથી પણ ખાતાંપીતાં,

હરતાં ફરતાં તથા રમતાં વખત બે વખતે મોજમઝા કરતાં ક્ષણમાત્ર એક ચીત્તથી પરમેશ્વરના ભજનના માહત્મનું ફળ હું આપને અર્પણ કરૂં છું. તપસ્યાનંદ ગુસ્સામાં આવી કહેવા લાગ્યા, હે ભજનાનંદ તમારામાં કાંઈ વિવેક વીચાર નથી, કારણ મેં તમને દશહજારવર્ષ તપસ્યાનું ફળ આપ્યું ત્યારે તમે મોજમઝા કરતાં એક ક્ષણ ભજન કર્યાનું ફળ આપો છો એ બરોબર કહેવાય નહીં પણ તમે મારી મશ્કરી કીધી.

ભજનાનંદે જવાબ આપ્યો હે મહાત્મા દશહજારવર્ષ તપસ્યા કરતાં એક ચિત્તથી એક ક્ષણ ભજનનું માહત્મ વિશેષ છે જો તમારા મનમાં શંકા હોય તો આપ કહો તેની પાસે ન્યાય કરાવીયે ત્યારે તપસ્યાનંદે કહ્યું કે આપણો ન્યાય ઈંદ્રરાજા પાસે કરાવવો જોઇયે પછી બે મહાત્માઓયે સ્વર્ગમાં ઇંદ્રના દરબારમા જઇ ન્યાય માગ્યો તે સાંભળી ઇંદ્રે કહ્યુ તમારો ન્યાય મારાથી થઇ શકે એમ નથી માટે બ્રહ્મા પાસે ચાલો, ત્યાંથી ઇંદ્રિ, તપસ્યાનંદ તથા ભજનાનંદ બ્રહ્મપુરીમા જઇ બ્રહ્માને સાષ્ટાંગ પ્રણામ કરી સર્વ હકીકત નિવેદન કીધી ત્યારે બ્રહ્મા બોલ્યા આ ન્યાય કઠીણ છે માટે વિષ્ણું પાસે થવો જોઇયે.

બ્રહ્માનું વાકય સાંભળી સર્વ વૈકુંઠપુરીમાં આવી સંખ, ચક્ર, ગદા, પદ્મધારી લક્ષ્મીપતિ વિષ્ણુને તપસ્યાનંદે કહ્યું જે

હમારો ન્યાય કરો. વિષ્ણુએ ઉત્તર આપ્યો કે હું સર્વજ્ઞ નથી શીવજી સર્વજ્ઞ છે માટે શીવજી પાસે ચાલો. પછી વિષ્ણુ સર્વને સાથે લઇ કૈલાશપુરીમાં આવી સદાશીવ આગળ સર્વ વૃતાંત નિવેદન કીધું તે સાંભળી પાર્વતીપતિ બોલ્યા વૃદ્ધ પુરૂષો આગળ તમારો ન્યાય થવો જોઇએ તેથી તપસ્યાનંદ અને ભજનાનંદ જઈ શેષજીને તેડી લાવે. શંકરનું વચન સાંભળી બંને જણે શેષજીને પ્રણામ કરી કહ્યું કે ઇંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ, શીવજી કૈલાશમાં બેઠા છે. ત્યાંથી આપને તેડવા હમોને મોકલ્યા છે. તેથી કૃપા કરી પધારશો. શેષજીએ કહ્યું હું આવવા તૈયાર છું પણ મારા મસ્તકપર પૃથ્વીનો ભાર છે તે જો કોઇ રાખી શકે તો મારાથી આવી શકાય. શેષજીના શબ્દ સાંભળી બંને મહાત્માઓએ પુછયું જે પૃથ્વીનો ભાર કોણ સહન કરે તે હમને કહો હમો તે પ્રમાણે ગોઠવણ કરીએ. શેષજીએ કહ્યું સાંભળો પૃથ્વિનો ભાર હું સહન કરૂં છું અથવા પુન્યના આધારે પણ અધર રહી શકે છે. તે સાંભળી તપસ્યાનંદે કહ્યું હે શેષજી માહારાજ હિમાલય પર્વતના શિખર પર દશ હજાર વર્ષ પર્યંત તપસ્યા કરી છે તે પુન્યના આધારે પૃથ્વિ અધર તોળાઇ રહેશે.

તપસ્યાનંદનું વાકય સાંભળી શેષજીએ પૃથ્વિ નીચેથી પોતાનું માથું જરા ખસેડયું એટલે પૃથ્વિ નીચે પડવા

લાગી તે જોઈ શેષજીએ કહ્યું તપસ્યાનંદ તમારા તપના પ્રભાવથી પૃથ્વિ અંતરીક્ષમાં રહેતી નથી. ત્યારે ભજનાનંદ બોલી ઉઠયો કે ખાતાં પીતાં હરતાં ફરતાં તેમજ મોજ મઝા કરતાં એક ચીત્તથી એક ક્ષણ પરમેશ્વરનું ભજન કર્યું હોય તેના સામર્થથી પૃથ્વિ અધર રહેજો તે સાંભળી પૃથ્વિ નીચેથી માથું ખસેડયું એટલે અધર પૃથ્વિ જોઇ શેષજી બોલ્યા ચાલો હવે હું તમારી સાથે આવવા તૈયાર છું તપસ્યાનંદે કહ્યું શેષજી માહારાજ હમારો ન્યાય થઈ ચુકયો છે હવે આપને આવવાની કાંઇ જરૂર નથી હવે મારા સમજ્યામાં આવ્યું કે ભજનનો મહીમા અગાથ છે ભજનના માહત્મનું રહસ્ય નહીં જાણવાથી મેં ભજનાનંદ સાથે વાદવિવાદ કીધો હતો. હવે મને આપદ્વારા પૂર્ણ અનુભવ મળી ચુકયો છે પછી ભજનાનંદે કહ્યું ચાલો માહત્મા કૈલાસમા સર્વ આપણ બેઉની રાહ જોતા હશે તેથી સત્વર જવું જોઇયે પછી શેષજીને નમસ્કાર કરી કૈલાસમા શીવજી સન્મુખ આવી બંને માહત્માઓ કહયું કે શેષજીને ત્યાં હમારો ન્યાય થઈ ગયો તેનું વર્ણન કહી સંભળાવ્યું તપસ્યાનંદ કહેવા લાગ્યા જે ભજનનો મહીમા અલોકીક છે હવે હમો આપ સર્વને વંદન કરીયે છીયે તે સાંભળી શંકરે કહ્યું તમારા બેઉનો જય થાઓ તપ તથા ભજનમાં કાંઇ અંતર નથી કારણ સવ ઇંદ્રિ સમુહને વસમા રાખી સ્થિર

ચોંતથી ભજન કરવું તેનુજ નામ તપ છે નામની ધુનમા એકતાર થવું તેનું નામ તપ અથવા ભજન છે આત્મસ્વરૂપમા લીન્ન થવું તે ભજન કહેવાય છે રોમ રોમમા ભજનથી ઓહં સોહંની ધુન છવાઇ રહે છે ચીતને વસ રાખી ભજન કરનારને ચૌદ ભુવન વસ થાય છે એક ચીત એક સ્ત્રીની બરાબર પ્રેમ-મય હોવું જોઇએ તપસ્યાનંદ પુછવા લાગ્યા હે શંભુ કેવી સ્ત્રીની માફક ચીત હોવું જોઇએ શીવજી બોલ્યા શ્રવણ કરો.

એક યોગીરાજ અરણ્યમાં તપસ્યા કરતા હતા એક દીવસે એક સ્ત્રી પોતાના સ્વામીને મળવા પ્રેમના જોસ્સામાં યોગીરાજની ઝુંપડી પાસેથી જતી હતી તે વખતે યોગી-રાજ ઘુંટણીયે બેસી નીચાવળી પૃથ્વી સાથે શીર નમાવી ધ્યાન કરતા હતા તેની પીઠપર પ્રેમમાં લીન્ન થયલી સ્ત્રી પગ મુકી વીજળીની માફક ચાલી ગઈ તે જોઇ યોગીરાજને ક્રોધ ઉત્પન્ન થયો અને વીચાર કરવા લાગ્યો કે હું ધ્યાનમા લીન્ન હતો તે સમય મારી પીઠપર પગ મુકી જનાર નિડર સ્ત્રી કોણ હશે ફીકર નહીં પાછી અહીંથી જશે ત્યારે તેને તેના કરેલા ગુન્હાનો બદલો જરૂર આપીશ પછી પેલી સ્ત્રી પોતાના પ્રીતમને મળી યોગીરાજની ઝુપડી આગળ પાછી આવી તે સમયે યોગીરાજે પેલી સ્ત્રીને ગુસ્સાથી કહ્યું કે હે લંપટ સ્ત્રી હું પુરૂષોતમ પરમાત્માના ધ્યાનમા લીન્ન

હતો તેવા સમયમા મારી પીઠપર પગ મુકી જતાં તને કોઇનો પણ ભય લાગ્યો નહીં માટે તેના બદલામા હું તને શ્રાપ આપું છું.

યોગીરાજને શાંત કરવા પેલી સ્રીયે કહ્યું હે યોગેશ્વરજી આપ શાંત થાઓ યોગીરાજે સાત્વિક વૃતિમાંથી દગમગવું નહીં જોઇએ યોગીરાજ ભ્રમર ચઢાવી બોલ્યા હે કુલટા સ્ત્રી મારા ધ્યાનમાં ભંગ પડાવી મને શીખામણ દેવા તૈયાર થઈ છે. સ્ત્રી બોલી આપ અસત્ય વચન ઉચારો નહીં તે સાંભળી યોગીરાજે ચીરડઇ કહ્યું શું તું મને જુઠું બોલનારો સમજે છે સ્ત્રીએ કહ્યું હા? યોગીરાજે કહ્યું કેવી રીતે ત્યારે સ્રીયે કહ્યું યોગેદ્રજી આપે કહ્યું જે હું પરમાત્માના ધ્યાનમાં હતો પણ તમારૂં એક ચીતથી ખરૂં ધ્યાન નહીં હતું પણ મારૂં ધ્યાન ખરૂં હતું કારણ આપ માર્ગમાં બેઠેલાને નહીં દેખતાં તેમજ પીઠપર પગ મુકી જતાં પણ ભાન નહીં હતું જે યોગીરાજ ધ્યાનમાં બેઠેલા છે તે છુંદાઇ જશે અને આપ તો મારા ચર્ણના સ્પર્શથી તતક્ષણ ગુસ્સામાં આવી ગયા. ત્યારે કહો તમારૂં ધ્યાન ખરૂં કે મારૂં ધ્યાન ખરૂં તેનો આપેજ વીચાર કરવો જોઇએ પછી આપને યોગ્ય લાગે તેમ કરવું. યોગીરાજે વીચાર કરી કહ્યું તું મારી ધર્મની માતા છે તેં મને સત્ય ઉપદેશ બતાવ્યો છે. જેવું

તારૂં ચીત તારા પતિમાં હતું તેવું જો મારૂં ચીત પરમાત્મામાં હતે તો તુરત પરમપદમાં મળી જતે. માટે સ્થિર ચીતનું ધ્યાન સદાનંદમાં રમણુ કરવાનું સાધન છે. શીવજીએ કહ્યું કે માહાત્માઓ ભજનાનંદનો પુર્ણ અનુભવ મેળવી બ્રહ્માનંદમાં સ્થિરતા પામો. પછી બેઉ મહાપુરૂષો આજ્ઞા લઇ સ્વસ્થાનમાં જઈ ભજનમાં નિશદીન કાળ નિર્ગમન કરી અંત સમયે પરબ્રહ્મ પરમાત્મામાં લીન થઇ ગયા.

વળી માહત્મા કબીર સાહેબનું વચન નીચે પ્રમાણે છે.

**સાખી.**

ભજન ભરોસે રામકે, મગહર તજે શરીર;
અવિનાસીકી ગોદમેં, ખેલત દાસ કબીર.

મગહરમાં જે કોઇ પ્રાણ છોડે તેની સદગતી થતી નથી તે સાંભળી કબીરજીએ ભજનને ભરોસે મગહરમાં દેહ છોડી પરમાત્માની સમીપ સદા આનંદ કરવા લાગ્યા. ભજનાનંદીને કાળનો અથવા યમનો ડર રહેતો નથી. ભજનથી અનેક મનકામના સિદ્ધ થાય છે. ભજન મહા તત્વનું તત્વ છે, ભજન એક અમૃતનો ઝરો છે, ભજનથી દીર્ઘાયુષ થાય છે. તેથી હે પરમાત્મા સર્વ ભુત પ્રાણી અહર્નિશ આપનું ભજન કરી પરમાનંદમાં ભવોભવ ભજન કર્યા કરે એવી શુદ્ધ બુદ્ધિ આપો.

તથાસ્તુ.

# નગીન જીવનવૃતાંત.

વાંચકવૃંદ ભરતખંડના પશ્ચીમ કીનારાપર રત્નાગરસાગર તથા તાપી સંગમપર સુર્યપુરીમા (સુરત) વિક્રમ સંવત ૧૯૧૩ના કાર્તિક સુદ ચતુર્થિને દીવસે પાછલા પોહોરના મારો જન્મ થયો મારા માતા પીતા કાંઇ ભારી વિદ્વાન નહીં હતાં છતાં તેનામાં ભક્તિ સત્યતા વિવેક નિતી તથા સંસારીક ઉંચી કેળવણી પામેલા તેમજ ન્યાતજાત કુટુંબ વિગેરેમાં પ્રતિષ્ટિત હતા. મારા માતાપીતામા નામ પ્રમાણે ઉંચા ગુણો હતાં પીતાશ્રીનું નામ રાજારામ તથા માતુશ્રીનું નામ હરીગંગા હતું. અષ્ટમે વરશે મને યજ્ઞોપવિત ધારણ કરાવ્યું હતું માતુશ્રી હરીગંગા શુદ્ધ ગંગાસ્વરૂપજ હતાં તેમની ઉંચી કેળવણીથી ખરા ખોટાનું ભાન થવા લાગ્યું પાછલી રાત્રીના ઉઠી મારા માતુશ્રી ભજન ગીતો વિગેરે ઘંટીએ બેસી એકચિત સ્થિરવૃત્તિથી ગાતાં હતાં ગાવાનો અવાજ સાંભળી જાગવાથી ભજન ગીત વિગેરે પથારીમાં સુતાં સુતાં સાંભળી આણંદ થતો હતો, વધારે આણંદ થાય ત્યારે ઉઠી માતુશ્રી પાસે બેસી સાંભળતો હતો વખતે કઠીણ શબ્દ આવે ત્યારે મને પુછે જે કાંઇ સમજપડે છે તેનો હું જવાબ કહું અથવા સમજ નહીં પડે તો તુરત મતલબ પુછતો હતો, ધીરે ધીરે મને ભજન શીખવાનો ઉમંગ થવા લાગ્યો ભજનમાં મારો ઉત્સાહ જોઇ માતુશ્રીએ પ્રથમ નીચેનું ભજન વીખવ્યું હતું—

અલખ ભુવનકે જોગી,<br>
હમ રમતે દેશ આવ ભાઇ અપને ચેલે,<br>
આપે જુગદીશ અલખ ભુવનકે જોગી,

અલખ ખલક ભરપુર ચઢે અંગ પર નુર
છતિસ બાજાં બાજે બાજે મૃદંગ
અલખ ભુવનકે જોગી.

ઉપરનું ભજન શીખતી વખતે મારી વય દશ વર્ષની હતી પછી વિદ્યાભ્યાસ કરવા માંડયો અને ગુજરાતી છઠ્ઠા ધોરણમાં પાસ પાસ થઇ અંગ્રેજી ત્રીજી ચોપડી સુધીનો અભ્યાસ સરળ ચાલ્યો પણ પછી અભણ મીત્રોની સંગતમાં પડી માતાપીતાની આજ્ઞાથી ઉલટું ચાલવા માંડયું અને મુર્ખ મીત્રોના સહવાસમાં રહેવાથી ગુજરાતી ભાષાપર લક્ષ વધવા લાગ્યું પણ અંગ્રેજીનો બીલકુલ અભ્યાસ નહીં મળવાથી આગળ વધી શકાયું નહીં તેમજ જેટલું શીખેલો તેમાંથી હજી સુધી ઓછું થયું નથી.

બાલ્યાવસ્થા પુરી થઇ જુવાની આવી એટલે ગાયન, ભજન, લાવણી વીગેરેનો ઉમંગ વધવા લાગ્યો. મારા માતા પીતાશ્રીનો મારા પર સંપુર્ણ પ્રેમ હતો તેથી પ્રસંગોપાત ભક્તિ તથા નિતીનું શીક્ષણ આપતા હતા, વિદ્યાભ્યાસમાં મારૂં ચીત નહીં માલમ પડવાથી મને હુનર શીખવવા માંડયો અને યોગ્ય સ્થળે મારૂં વેવિશાળ કીધું.

સુરતમાં મહાત્મા નિર્મળદાસજી સલાબતપરામાં પોતાના મંદીરમા વાસ કરતા હતા જે મહા ભજનાનંદી હતા નવાંનવાં વિષયપર નવાં નવાં ભજનો અહર્નિષ બનાવતા તથા ગાતા હતા તેમની સંગતથી નીત્ય આનંદ થવા માંડયો ત્રણ વર્ષ સુધી એક સરખો રંગ રહ્યો જેની જડ હજી સુધી અંતઃકર્ણમાં જડીતભુત થઇ રહી છે.

મારી પચીસ વર્ષની ઉમ્મરે મારા પીતાશ્રીએં કૈલાસ વાસ કીધો એટલે પછી સ્વતંત્રતા મળી અને ઇચ્છાનુસાર વર્તન કરવા લાગ્યો પછી ઇસવીસન ૧૮૮૨ મા સુગ્ત જ્ઞાનસાગર નાટક મંડળી ઉભી કીધી જે લલિતા દુઃખ દર્શક નાટકથી દેશ દેશાવરમાં પ્રખ્યાતી પામી છે ત્રણ વર્ષ કંપની ચાલવાથી ભજન તથા ગાયનમા રાત્રી દીવસ નિર્ગમન થતો હતો એક દીવસે વીચાર થવા લાગ્યો જે બીજાઓના બનાવેલાં ગાયન ભજનો ગાઇયે છીયે તે પ્રમાણે નવા બનાવી તથા ગાઇ શકાય કે નહીં એમ ભજન બનાવવાની લેહ વધવા માંડી પણ વીચાર થાય કે કવીતા બનાવવા લાયક મારામાં સમજ નથી તેમજ પીંગળ વિદ્યાનો જોઇએ તેવો અભ્યાસ કીધો નથી વળી ભજન બનાવવામાં વેદાંત વિષયનું મારામાં જ્ઞાન નથી વળી કવીઓનો સંપૂર્ણ સંગ કીધો નથી તેમજ કાવ્ય કળા શીખવા સર્વજ્ઞ ગુરૂ કર્યા નથી ગુરૂ વિના જ્ઞાન મળતું નથી ગુરૂ વિના અંતરમા અજવાળું થતું નથી. ગુરૂ વિના સંસાર બંધ ન છુટી શકતું નથી તેથી અવશ્ય ગુરૂ કરવા જોઇએ પણ ગુરૂ કોને કરવા તે વીચારમા મન ઝોલા ખાવા માંડયું કહેવત છે કે ગુરૂ કરવા જાણીને અને પાણી પીવું છાણીને એવો સ્થિર ચીતથી વીચાર કરતાં સમજાવા લાગ્યું કે આ સૃષ્ટિમાં સાચો ગુરૂ એક પરમાત્મા સતચિદાનંદ સીવાય કોઇ પુર્ણ નથી.

સતચિદાનંદ શીવજીનું શિવાલય મારા રહેવાના ઘરની નજીક છે સતચિદાનંદ માહદેવનું લીંગ સોનીફળીયામાં એક જ્યોતીર્લિંગ છે એ લિંગ વિષે દંતકથા નીચે પ્રમાણે છે.

સુરત સૌનીફળીયામાં ગાયત્રી શંકર બ્રાહ્મણ રહેતા હતા તેને
ક દીવસે રાત્રીએ એવું સ્વપ્નું થયું કે હે ગાયત્રી શંકર મોટી
ોપત્રાડને નાકેના ઘરના ઓટલાનો બચાવ કરવા એક પથ્થર દાટેલો
: તેપર બેસી છોકરાઓ મળમુત્ર કરે છે તેમજ હજારો ગાડાની
કર ખાય છે. પણ એ લીંગ માહરૂં છે માટે મને લઇ આવી
ીવાલય બંધાવી મારી પ્રાણ પ્રતિષ્ટા કરો એવું જોગીના રૂપમાં
ાવી કહ્યું. તે સાંભળી સ્વપ્નમાં ગાયત્રી શંકરે જવાબ આપ્યો
ાહારાજ મારી પાસે પૈસા નથી, તેથી શીવાલય કેવી રીતે બનાવું
। સાંભળી યોગીરાજે કહ્યું સાંભળ, હાલમાં તારી પડોશનું ઘર તારી
ત્રના આભુષણ જુજવા છે તે વેચી ખરીદ કર પછી તે મકાનને
ાદકામ કરતાં શીવાલય બાંધવા જેટલું દ્રવ્ય તને મળશે. એમ કહી
ાગીરાજ અદ્રસ્ય થઇ ગયા.

પ્રાતઃકાળે ગાયત્રી શંકરે પોતાની સ્ત્રીને સ્વપ્નની હકીકત કહી
ંભળાવી. પછી અલંકાર વેચી મકાન વેચાણ લઇ શીવાલય બાંધ-
ાનું આરંભ કર્યું તે વખતે પૃથ્વિમાંથી જે દ્રવ્ય મળ્યું તે પ્રમાણે
ીવાલય બંધાવી લીંગ લેવા મજુરોને મોકલ્યા. જે શેરીમાં લીંગ
ાતું ત્યાંના સર્વ લોક ખુશી થવા લાગ્યા અને કહેવા લાગ્યા જે
ા પથ્થરના પણ નસીબો છે કે જેની ઉપર બેસી છોકરાઓ ઝાડો
ેસાબ કરતા હતા તે હવે પરમેશ્વર રૂપે પુજાશે. મજુરોએ જમી-
ામાંથી પથ્થર ખોદી કહાડી જમીનપર આડો નાંખી ઉચકવા માંડયો
ણ જરા હાલે નહીં તો ઉંચકાય કેવી રીતે લોકોના ટોળાં મળી
ંડાવવા મેહેનત કરી પણ સર્વ નિષ્ફળ ગઇ.

આખરે ગાયત્રી શંકરને ખબર કરી એટલે તુરત આવી લિંગની સ્તુતિ કરવા લાગ્યા જે હે પ્રભો આપ જો મને પ્રસન્ન હોવ તો મારી ખાંધે બેસી મારી સાથે ચાલો એમ કહી ઝટ બે હાથે જમીનપરથી લિંગ ઉંચકી ખાંધે મુકી જ્યાં શીવાલય હતું ત્યાં લાવી પ્રાણ પ્રતિષ્ટા કરી જે હાલમાં સતચિદાનંદ મહાદેવને નામે ઓળખાય છે.

સતચિદાનંદ માહદેવ પર મને બાળપણથી પ્રેમ હતો તેમજ પુર્ણ શ્રદ્ધા હતી તેથી સતચિદાનદને ગુરૂ કરવા નિશ્ચય થયો પછી શુભ મુહુર્ત જોઇ સતચિદાનંદ સન્મુખ જઇ સ્તુતિ કરવા લાગ્યો.

હે જડ તથા ચૈતનના શાક્ષી હું આપના સરણમાં આવ્યો છું, હું નોધાર છું, આપના આધારથી અજ્ઞાન રૂપી પિસાચનો નાસ થશે. આપ સર્વજ્ઞ છો મને આપની કૃપાદ્વારાયે જ્ઞાનામૃતનું પાન કરાવી મુઢમતીને સુમતિ આપી કાવ્ય રચના કરવા આપ આપની શક્તિને મારા અંતઃકર્ણમાં સ્થિર કરશો જેથી ક્ષર અક્ષરનું જ્ઞાન થાય. અક્ષરોનો હાર ગુંથાય તે ભજનરૂપી હાર આપને અર્પણ કરૂં આપ અક્ષર બ્રહ્મ છો સર્વ ભુત પ્રાણી ક્ષર છે માટે અક્ષરના જ્ઞાનથી અક્ષર ધામમાં નિવાસ થાય છે આપ જ્ઞાની તેમજ અજ્ઞાની ભક્તોના ગુરૂ છો જે આપને સરણે આવે છે તેને સહેજે સંસાર સાગર પાર ઉતારો છો તેથી આજથી આપને મારા તનમનથી સતગુરૂ માનું છું. આપ જેવી બુદ્ધિ આપશો તેવી પદ રચના કરી આપનાં ગુણ ગાઇશ. એ પ્રમાણે સ્તુતિ કરતાં કરતાં આસન પર આવી પદ રચના કરવા માંડી અને પ્રથમ એક ત્રોટક છંદ નીચે પ્રમાણે બનાવ્યો.

## ત્રોટક છંદ.

પ્રભુ પાર ઉતારતું આણી દયા,
તુજ નામ રટે નર ન્યાલ થયા;
વિષ પાપથી ના ભર દેહ કદા,
સરણે શીવ રાખો મુનેજ સદા.

ઉપર પ્રમાણે છંદ બાંધવાથી મારા મનમાં આશા ઉત્પન્ન થઇ કે ગુરૂપ્રતાપે મહેનત કરીશું તો કઠીણ કાર્ય સહેલું થઇ પડશે પછી નીત્ય નવા નવા ભજન બનાવી મંડળીમાં બેસી ગાવા લાગ્યો થોડા સમયમાં બસો ભજન તથા બસો સાખી બનાવી તેનું એક હાથે લખેલું પુસ્તક બનાવ્યું તે ગ્રંથ તિર્થયાત્રામાં રટણ કરતાં કાસ્મીરમાં ગુમ થઇ ગયું.

સંવત ૧૯૫૯માં મરકીના ભોગે મારી ધર્મપત્ની, એક પુત્ર તથા એક પુત્રી સ્વર્ગવાસી થયા તે સમયે નરસીંહ મેહેતાનું પદ યાદ આવ્યું કે "ભલું થયું ભાંગી જંજાળ, સુખે જપીશું શ્રીગોપાળ.",

હવે મારા સંસાર સુખનો અંત આવ્યો એવો વીચાર થવા લાગ્યો ફક્ત એક પુત્ર તથા પુત્રીની ફીકર છે પણ પુત્રી યોગ્ય વયની તેના સાસરામાં સુખી હાલતમાં છે વળી પુત્ર મુંબાઇમાં સારી રીતે પોતાનો નિર્વાહ કરે છે તેથી રહેવાના ઘરમાં સંવત ૧૯૫૯ના શ્રાવણ વદ ૯ને દીવસે કાશી વિશ્વેશ્વર મહાદેવની સ્થાપના કરી જીંદગી સુધીના સાથી બનાવ્યા બહારથી ફરી ઘરમાં આવું ત્યારે શીવ પંચાયતનના દર્શણ કરવાથી મનને

માણુસની વસ્તી બરોબર આણુંદ થતો હતો, અને શીઘ્ર સન્મુખ ભજનની ઝડીની ધુન મચી રહેતી હતી, પછી ધીરે ધીરે ભજનનો પ્રતાપ માલમ પડવા લાગ્યો જે જે વીચાર અથવા શંકા ઉત્પન્ન થતી હતી તે રાત્રી અથવા દીવસે સ્પપ્નમાં દરેક વિષયનું સમાધાન થતું હતું.

મારી ધર્મ પત્નિના અંતસમયે મારા મંને પ્રતિજ્ઞા લીધી હતી કે હવેથી મારે આખી જીંદગાની બ્રહ્મચર્ય વૃત્ત પાળી પુરી કરવી ત્યાર પછી ચાર ધામ તથા દ્વાદશ જ્યોર્તિલીંગના દર્શણ કરવા ચીત્ત ભ્રમણ કરવા લાગ્યું પણ પાસે પૈસા નહીં હોવાથી તિર્થયાત્રા કેમ થશે જે સમય પૈસા હતા ત્યારે અનેક વિષયમાં આડે અવળે રસ્તે ચઢી ગયા હવે તો ભજનને ભરોસે રહેવું જોઇએ સુરત રૂઘનાથપરામાં સંકરાચાર્યના મઠમાં દંડી સ્વામી દામોદરા શ્રમ મારા ગુરૂ રહેતા હતા તેમને જઇ વિનંતિ કરી કે મારો ગૃહસ્થા શ્રમ છુટી ગયો છે તેથી હવે મારી ઇચ્છા આપની પાસે સન્યસ દિક્ષા ગ્રહણ કરવાની છે તે સાંભળી ગુરૂએ જબાબ આપ્યો કે હાલમાં બ્રહ્મ ચર્ય અવસ્થામા તિર્થાટણ કરો પછી દિક્ષા લેવી યોગ્ય છે. ગુરૂનું વચન સાંભળી મંનને ઘણોજ સંતોષ થયો જે તિર્થ કરવા ગુરૂની આજ્ઞા થઇ ચુકી છે માટે હવે અનેક પ્રકારે પણ તિર્થ યાત્રા નિર્વિઘ્ન થશે એમ નિશ્ચય મનમાં થયું. પછી સ્વપ્નમાં કંઇ કંઇ તિર્થા પર્વતો જંગલો સમુદ્રો રણો શીવાલયો તળાવ સરોવર દેવી દેવ વીગેરેનો દેખાવ દેખાવા માંડયો, વળી રૂષી મંડળો ભજન મંડળો આકાશમાં ઉડવું પાણી પર તરવું ભુત પ્રેત પિસાચ રાક્ષસ

વીગરે દેખાવે જોઇ આણુંદ થતો હતો અને મનમાં જે જે વીચાર થતા હતા તે સર્વ સફળ થતા હતા પણ પૈસા સંબંધી વીચાર બીલકુલ નિષફળ થતા હતા તેથી પણ નિરાસ નહીં થતાં સુભ મુહુર્ત જોઇ સ્વસ્તિ વાંચન કરાવી દોઢ રૂપીયો પુંજીમાં લેઇ સુરતથી સંવત ૧૯૫૦ના આશ્વિન ચતુર્દસીયે તિર્થો યાત્રા કરવા આસન છોડી નીકળ્યો. પ્રથમ તાપીમાં સ્નાન કરી કાશી વિજયેશ્વર મહાદેવનું પુજન કરી કપાલ મુનીના આશ્રમમાં (કતારગામમાં) કંતારેશ્વરના દર્સણ કરી ગુપ્તેશ્વર ગુપ્તગંગા અશ્વનિકુમાર નિલકંઠ સોમનાથના દર્સણ કરી બે રાત્રી સુરત સ્ટેશન પર મુકામ કરી પ્રથમ કેદારેશ્વર જવા સુરતથી ટાપટી રેલવે મારફતે બારડોલી થઇ કેદારેશ્વર જઇ પુજન કરી એક રાત્રી રહી સોનગઢ નંદનબાર પ્રકાસા અમલનેર ત્રિવેણી પ્રયાગ વિંધ્યાચળ કાશી ગયા ઝાડ ખંડી વૈદનાથથી કલકત્તામાં મારા વહેવાઇજી માણેકલાલ કેશવલાલજીને ત્યાં પંદર વીસ દીવસ આણુંદ લેઇ ખડકપુર કટક ઝાઝપુર વૈતરણીમાં શ્રાધ કરી ભુવનેશ્વર સાક્ષી ગોપાળ થઇ જગન્નાથ પુરીમાં પોંહચ્યા. જગન્નાથજીમાં બડાહરીહરી પંડયાને ત્યાં શ્વેતગંગા ઉપર ચંદન તળાવ પર અવાર નવાર વાસ કરી એક દીવસે સંકરાચાર્યના ગોવર્ધન મઠમાં દર્સણ કરવા ગયો તે સમયમાં ગાદી પતિ મધુસુદન તિર્થસ્વામી કટક શેહેરમાં ગયા હતા પણ તેમના વડીલ સીષ્ય જગન્નાથ તિર્થ સ્વામીના દર્શણ થવા જગન્નાથશંકર સ્વામીની જન્મભૂમી ગુજરાતમાં હોવાથી તેઓ ગુજરાતી ભાષા અષ્ટ જાણુતા હતા તેમજ સંસકૃતમાં પણ કુશળ છે તેમની સાથે સમાગમ થવાથી ઉભયને આણુંદ થયો કારણ ત્યાં સર્વે ઉડીયા ભાષા જાણુતા

હતા ગુજરાતી કોઇ જાણે નહીં તે ગુજરાતીમાં કોની સાથે વાત કરે હિંદુસ્થાની ભાષા હરકોઇ સ્થળે ચાલી સકવાથી સુરત છોડવા પછી મારે પણ ગુજરાતી ભાષા છોડવી પડી તે એવી છુટી ગઇ કે સ્વામી જી સાથે ગુજરાતીમાં વાર્તા લાપ કરતાં બરોબર સબ્દો ચાર નહીં થવાથી ગુંચવણ થવા માંડી પછી ધીરે ધીરે બંન્નેની ભાષા ઠેકાણે પડી પણ ગુજરાતી ભજન વીગરેમા કાંઇ પણ ભુલ થાપ થઇ નહોતી પછી સ્વામીજીયે મને પુછુયું કેમ આ આશ્રમ તમને પ્રસન છે મેં જવાબ આપ્યો કે આ સ્થળ એકાંત તપસ્યા કરવા લાયક છે ત્યારે સ્વામીજીયે કહ્યું સાંભળો પીતાનો આશ્રમ છોડી અન્ય સ્થળમાં રહેવાનું શું પ્રયોજન માટે આજથી તમારી ધ્યાનમાં આવે ત્યાં સુધી હમારી પાસ રહેવું જેથી એકના બદલામાં બે જગન્નાથના નીત્ય દર્સણ થશે.

ગોવર્ધન મઠમા મનુષ્યના કદની આરસ પહાણની આસનવાળી બેઠેલી તેમજ ઉત્તમ કારીગરીથી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે આણંદમય બનાવેલી મુળ સંકરાચાર્યની મુર્તિ છે જેના દર્સણ કરવાથી રોમ રોમમાં આણુંદ છવાઇ રહે છે. તેમજ એકી નજરે એક ચોતથી દર્સણ પ્રાપ્ત થતાં હતા, વળી મઠમાં ગોપાળજીનું મંદીર છે ગુરૂ મહારાજ મધુસુદન સ્વામી યોગ સમાધિમાં ઘણાંજ પ્રવિણ છે તેમના સંગમાં રહેવાથી અહર્નિષ પરમાનંદમાં રહેતા હતા જગન્નાથજીમાં કાર્તિક માસમાં પદ્મવેષ ફાલગુણમાં રાજવેષ પછી રૂઘનાથવેષ જોઇ આણુંદ થયો હતો. રૂઘનાથવેષને માટે મારા સાંભળવામા આવ્યું હતું

જે બસો વરષ પરરૂઘનાથવેષના દર્સણુ થયાં હતાં તેહાલમાંપાછા થનાર છે તેસાંભળી વીચાર થવા લાગ્યો કે હજી રૂઘનાથવેષને ત્રણુ મહીનાની ઢીલ છે ત્યાં સુધી અહીં રહેવું મુસ્કેલ છે, તેમજ બીજી વખત એટલા વખતમાં પાછું આવવું પણુ મુસ્કેલ છે કારણુ, એક વખતના સાંસા તો બીજી વખત કેમ બનસે તેથી રૂઘનાથવેષના દર્શન કરી જવું.

જગન્નાથજીમાં બ્રહ્મ ધર્મ ચાલે છે, ત્યાં બ્રાહ્મણુ ક્ષત્રી વૈસ્ય સાથે બેસી પ્રસાદ ખાય છે. જગન્નાથજીમાં ભૈરવી ચક્ર છે માટે ભિન્ન ભેદ ગણુવામાં આવતો નથી પછી રૂઘનાથ વેષના દર્સન કરી સૌ મળે જગન્નાથજીમાં છ માસ નિર્ગમન કરી બદ્રિનારાયણુ જવા રેલમાં બેસી કલકતે જઇ તારકેશ્વરના દર્શન કરી કાસી થઇ પગપેદલ અયોધ્યા લખનોર નિમીષાર્ણ્ય ગોલાગોકર્ણ બાંસ બરેલી મુરાદાબાદ થઇ હરદ્વાર ગયા મેષ સંક્રાતિ કરી હરદ્વારથી બદ્રીનારાયણુ જવા પગ પેદલ નીકળ્યા ત્યાંથી પ્રથમ સત્યનારણુ રૂપીકેશ લક્ષમણુ ઝુલો વ્યાસ ઘાટ દેવપ્રયાગ ત્યાંથી ગંગોતરી જમનોત્રી જવા ટીરીજ્યાં બદ્રીનારાયણુની ગાદીના દર્શણુ કરી ઉતર કાશી જમનોત્રી ગંગોત્રી તિર્થ કરી બુઢાકેદાર ત્રિજુગીનારાયણુ ગુપ્તકાશી સોમ પ્રયાગ તુંગન્નાથ કેદારેશ્વર ઉખીમઠ જ્યોતિરમઠ વિષ્ણુપ્રયાગ રૂદ્રપ્રયાગ થઇ બદ્રીનારાયણુ પહોંચ્યા ત્યાં ચાર મહીના રહી પાંડુકેશ્વરનંદપ્રયાગ કર્ણુપ્રયાગ શ્રી નગર થઇ પાછા હરદ્વાર આવ્યા મહાત્મા પુરૂષો કહેતા હતા કે હરદ્વારથી નીકળી જમનોત્રી ગંગોત્રી કેદારનાથ બદ્રીનારાયણુ થઇ પાછા હરદ્વાર આવે તેટલા ગાળામાં સવાલક્ષ પર્વત તથા ચોરાસી

લક્ષ તિર્થની પરિક્રમાં થાય છે પછી હરદ્વારથી દીલ્હી કુરૂક્ષેત્ર જલંદર જ્વાળામુખી પઠાણકોટ અમૃતસર લાહોર કટાષરાજ રાવળપીંડી થઇ કાસ્મીર (શ્રી નગર) અમ્મરનાથના દર્સણ કરવા ગયા.

અમ્મરનાથ શ્રી નગરથી :તેર દીવસનો મહાકઠીણ માર્ગ છે જ્યાં શીવજીએ પાર્વતીને અમ્મર કથા સંભળાવી હતી અમ્મરનાથના દર્સણ ફક્ત વર્ષમાં એકવાર શ્રાવણ સુદ પુનેમને દીવસે થાય છે અમ્મરનાથનું લિંગ ગુફામાં બરફનું કુદરતી દરેક માસના સુદ પડવાથી બનવા માંડે છે, તે પુર્ણી માયે પુર્ણ થાય છે તેમજ વદ પડવાથી ધીરે ધીરે ઘટતાં ઘટતાં અમાસને દીવસે વિસરજન થઇ જાય છે. અમ્મરનાથમાં કબુતરનું જોડું છે તે મહાદેવ પાર્વતીના દર્સણ કહેવાય છે. ત્યાંથી દર્સણ કરી પાછા રાવળ પીંડી થઇ પેસાવર જોઇ પાછા ફરતાં પંજા સાહેબમા ત્રણ દીવસ રહી મુલતાન સીંધ હૈદ્રાબાદ સક્કર રોઢી સીકારપુર સાધવેળા જ્યાં બાવા ઝાડ ખંડીની ધુની છે જે સરસ્વતી નદીની વચમાં બેટ પર છે ત્યાં આઠ દીવસ રહી કરાંચી હીંગળાજસ્પર્સિ નગર ઠઠા રુધર નારાયણ શ્વર કોટેશ્વરથી આશાપુરીના દર્સણ કરી કચ્છ માંડવી આવી વહાણમાં બેસી બેટ દ્વારીકા ગયો ત્યાંથી પદ પેદળ ગોમતી દ્વારીકા મુળ દ્વારીકા થઇ સુદામાપુરી ગીર-નાર પ્રભાસ પાટણમાં સોમનાથના દર્ચણ પુજન કરી જ્યાં શ્રી કૃષ્ણે પીપળાના ઝાડ નીચે સ્થુળ દેહ છોડયો હતો તે ભૂમી તથા જુવાન નવપલ્લવ વૃક્ષના દર્સણ કરી પાછા ફરતા વઢવાણ આગળ રાણી રાણકદેવીની દેવડી જોઇ. અમદાવાદ ડાકોર થઇ સ્વસ્થાન સુરતમાં

સાડા ચાર વરષે આવ્યો સુરતમાં તિર્થવાસી તરીકે ચાતુર માસ રહી નેપાળ પસુપતિના દર્સણુ કરવા સુરતથી પ્રથમ નર્મદામાં સ્નાન કરી વડોદરા પાવાગઢ મહાકાળી થઇ ગોધરા રતલામ ઉજન ભોપાળ ઝાંસી કાનપુર લખનોંર ગોંડા ગોરખપુરથી રક્ષોલના સ્ટેશને ઉતર્યા ત્યાંથી નેપાળ આઠ દીવસનો રસ્તો છે પહેલાં રળીયામણું મેદાનો આવે છે પછી ગીચ ઝાડી આવે છે છેવટે પર્વતો ઉતરવા ચઢવાના છે નેપાળ શેહરની ફરતાં જાણે પર્વતોનો કોટ માલમ પડે છે. શીવરાત્રીયે દર્સણુ પૂજન જાગરણુ કરી ત્રણુ દીવસ પસુપતિનાથનું ભજન કરી નેપાળમાં આઠ દીવસ આણુંદ કરી પાછા પગ પેદલ રક્ષોલ સ્ટેશને આવી રેલવે મારફતે સીતા મઢી થઇ પગ પેદલ જનકપુર જઈ ત્યાં હોળી કીધી જનકપુરથી ફરસુરામ કુંડ થઇ ત્રંબક ધનુષના કટકાના દર્સણુકરી પાછા રક્ષોલ આવી ગોરખપુરમાં ઐરાવતિ ગંગામાં સ્નાન કરી ત્યાંથી ઝાંસી ગ્વાલીયર આગ્રા મથુરા ગોકુળ વંદ્રાવન અજમેર પુસ્કરરાજ આબુ અંબાજી બીજી માળ બહુચરાજી સીદ્ધપુરમાં રૂદ્રમાળો અને સરસ્વતિમાં સ્નાન કરી દીસા કાંપ જોઇ અમદાવાદથી ડાકોર રતલામ ચીતોડગઢ થઇ શ્રીનાથજી એક લીંગી કાકરોલી. થઇ પાછા રતલામ આવી ઇંદોર ઓંકારનાથ ભુસાવળ થઇ પાછા સુરત આવ્યા પછી શીવરાત્રી રામેશ્વરમાં કરવાના વિચારથી સુરતથી મુંબાઇ થાણા મહાબલેશ્વર સામે ભીમાશંકર જ્યોતિર્લીંગના દર્શન કરી પુના પંઢરપુર સોલાપુર મલી કાર્જુન જ્યોતિર્લીંગનુ પુંજન કરી ચીદંબર મદુરા થઇ રામેશ્વર ગયા રામેશ્વર સમુદ્ર મધે બેટપર છે રામેશ્વરનું ભવ્ય મંદીર છે ત્યાં ધનુષતિર્થ જ્યાં સાત સમુદ્ર તથા

નવસેંનવાણું તિર્થનો સંગમ છે ત્યાં સ્નાન કરી રામ જરૂખો રામ કુંડ લક્ષમણુ કુંડમા સ્નાન દર્સણુ કરી દશ બાર દીવસ રામેશ્વરનું ભજન દર્સણુ કરી આણુંદ ભોગવ્યો હતો પછી રામેશ્વરથી પાછા મદુરા આવી મીનકાદેવીના દર્સણુ કરી શીવકાંચી વિષ્ણુકાંચી પક્ષી તિર્થ મદ્રાસ બીજવાડા થઇ પન્ના નૃસીંહના દર્સન કરી નીઝામ હૈદ્રાબાદમા મારા વડીલ કાકા વૈદરાજ ચુનીલાલજીને ત્યાં પંદર વીસ દીવસ વિશ્રામ લેવાથી સર્વ બાબતથી આણુંદ તથા સંતોષ થયો, પછી હૈદ્રાબાદથી પુરભણી પરલ્યા વૈદનાથ તથા નાગેશ્વર જ્યોતિ લીંગના દર્સણુ પુજન કરી ઔરંગાબાદ થઇ દોલતાબાદનો કીલ્લો જોયો ત્યાંથી ઘુસ્મેશ્વર જ્યોતિલીંગના દર્સણુ પુજન કરી ત્રણ દીવસ રહી ઇલોરાની ગુફા જોઇ મનમાડ થઇ નાસક ગયા નાસકમાં રહી પંચવટીના દર્શન કરી પછી ત્ર્યંબકેશ્વર જ્યોતિ લીંગના દર્શન પુજન કરી મુંબાઇ થઇ સુરત સ્વસ્થાને આણુંદમય આવી ગુરૂ સતચિદા નંદના પ્રેમ પુર્વક દર્સણુ કર્યા.

ભજન તથા તિર્થાટણુ કરવાથી મન સાંત પડી ગયું મનની ભ્રમણુતા ભાંગી ગઇ સત્યાસત્યનો પુંર્ણ અનુભવ થયો.

ઉતર માંકાસ્મર દક્ષીણુમાં રામેશ્વર પુર્વમાં બંગાળા પશ્ચિમમાં દ્વારિકાએ ચારે દીશાના મુખ્ય તિર્થ પર્વનો જંગલો રેતીના રણો દરીયાની મુસાફરી બરફના પ્રદેશો સંત મહાપુરૂષોનો સમાગમ થવાથી મનના વીચારો બદલાઇ ગયા સંસાર સાર અસારથી ન્યારો દેખાવા લાગ્યો અને રગે રગો રંગાઇ ગઇ ભજનનો રંગ એવો લાગ્યો

જે સ્વપ્નામાં ભજન બનાવી ગાવા લાગ્યો તેમજ સ્વપ્નમાં ભૂત પ્રેત પિસાચ વગેરે ભયંકર દેખાવ જોવામાં આવે ત્યારે ગાયત્રી મંત્રના જપ કરવાથી નષ્ટ થઇ જતા હતા જે જાગવા પછી ભજન તથા ગાયત્રી મંત્રના સામર્થનું અલોકીક ભાન થતાં આશ્ચર્યમાં રસ ગસ થઇ જતો હતો.

મારા બનાવેલાં ભજનો કેટલાંક પ્રેમી જનો સાંભળી પુસ્તક છપાવવા સુચના કરતા હતા અને કહેવા લાગ્યા જે લખેલું પુસ્તક ખુણે પડી સડી જશે માટે છપાવવાથી સ્વાર્થ પરમાર્થ બેઉ સચવાસે ભજનાનંદીને લાભ થશે વળી જ્ઞાની પુરૂષોને કાંઇ સમજાવવાનું નથી તેમજ સમજવાનું નથી પણ અલ્પ જ્ઞાનીને તો બોધ લેવા લાયક છે અને જ્ઞાનીઓને તો ગ્રંથનુ અવલોકન કરી રહસ્ય બરાબર છે કે નહીં તેની પરીક્ષા કરવાનો છે અને ભુલ ચુક સુંચવવાનો છે એ પ્રમાણે કેટલાલક સભ્ય પુરૂષોના કહેવાથી મારા મંનગા ભજન છપાવવાનો વીચાર થવા માંડયો.

વાંચક બંધું ? હું કોઇ જ્ઞાની કે પંડીત નથી જપ તપ જોગ જાણુતો નથી પીંગળ કે તાલસુરનો પુરો સમજવાર નથી, તેમજ કવી કે ગવૈયો નથી પણ ભજનાનંદી પુરૂષોના સમાગમમાં જીવીત ગાળનાર અલ્પ પામર પ્રાણી છું પણ સતસંગના પ્રતાપે તેમજ ભજન મંડળોના સહવાસથી વળી કવી તથા સાયરોના મીલાપથી કાવ્ય રચનાનો રંગ વધારે ચઢવા લાગ્યો અને ભજન બનાવી ગાઇને હું મારા આત્મારામને રીઝવવા લાગ્યો.

કેટલાક કારીગરો કંપાસ તથા ફુટથી માપી કંઇ કંઇ પદાર્થો બનાવે છે જેમાં ખામી હોતી નથી તેમજ કેટલાક અભણ કારીગરો ફુટ કંપાસની મદદ વિના બનાવે છે તેમાં પણ ખામી આવવા દેતા નથી જો કદાચ ખામી માલમ પડે તો તુરત સેહજમાં સુધારી લે છે તે પ્રમાણે મેં કેટલાક ભજનોના શબ્દો કેટલાકની માત્રા કેટલાકના ગણ કેટલાકના પ્રાસ તેમજ લઘુ ગુરૂ વીગેરેનો વીચાર કરી સાખી ગિતી છંદ લાવણી નાટકી રાહ કાઠીયાવાડી ભજનની રાહ ભેરવી ગઝલ કવાલી ખચામ આસાવરી ગોડી માઢ બારમાસી વીગેરે નિતિ ભક્તિ સુગુણ નિર્ગુણ યોગ વીગેરે વિષયમા પદ રચના કરવામાં આવી છે તે પ્રેમી ભક્તોની સમક્ષમાં મુકુ છું જે સુજ્ઞ વિદ્વાન પુરૂષો ભુલ-ચુક સુધારવા લખી જણાવશે તો હું ખરા અંતઃકર્ણથી તેમનો આભાર માનીશ અને પ્રસંગ આવે સુધારો કરીશ.

લી૦ નગીનલાલ રાજારામ બ્રહ્મચારી.

# ॐ तत् सत पर्मात्मने नमः



## સાખી.

૧

સતગુરૂ ગણુપતિ સુમરતાં, વિઘ્ન નાશ થઇ જાય;
કહે નગીન સુખ સમુદ્રમા, આણુંદ ઓચ્છવ થાય. ૧
સમરૂં માતા સારદા, બ્રહ્મ કુંવારી બાળ;
વાણીમા વસી રહો, નગીન જપે છે માળ. ૨
મોહ માયાને છોડીને, તૃષ્ણુાનો કર ત્યાગ,
ક્રોધ જોધને વસ્ય કરે, નગીન એ વર માગ. ૩
નગીન નથી કોઇ તાહેરૂં, તું તારૂં સંભાળ,
અગમચેતી રાખવી શીર ઉભો છે કાળ. ૪
સદચીદ નીત્ય પ્રકાશરૂપ, સતગુરૂ આતમરામ;
ગુરૂ સ્મર્ણુમા સ્થીર રહે નગીન મળે આરામ. ૫

૨

## ગણુપતીની સ્તુતિ.

ગિતિ.

વિઘ્ન હર્ણુંવર દાતા, જાતા કર્તા ભગ્તને મન સાતા;
તે ગુણે ગણી ગાતા, પાતા તુજ પદ અભિલાષે માતા.
મુષક વાહન જેનું, અંગ ચર્ચેલું સીંદુરે રાતું;
ગૌરી શીવ સુત સમરૂં, ત્રણુ લોક સૌ હર્ષે ગીત ગાતું.

૩

## સરસ્વતિની સ્તુતિ.

શું ધેનમા ઘેરાય રાજા થાનીતું હોશીયાર-એ રાગ.

ભગ્તની ભીડ ભાંગવાને આવોની આવાર,
વિણા પુસ્તક ધારણી તું, જગ્તને। આધાર;
સંકટ સમે સેવકને સાહે કરો માત,
પ્રતિષ્ઠાના મારી રહે તો થાશે હર્ષપાત. ભગ્તની

## ધનાશ્રી

(કૃષ્ણ કરો યજમાન)-એ રાહ.

અનંત ગણુનાપતિ, પરમેશ્વર નામ જપું ગણુપતી;
સુખ સંપત સૌને નીત્ય આપે, જેથી માનું પ્રીયપતી.
રીદ્ધી સીદ્ધી નવ નિધના દાતા, ગાવું છું નિધિ પતી.
અનંત કાર્યે નામ અનંત પ્રભુ, પરમેશ્વર મમ પતી.

હ્રદય કમળમાં વાસ વસો નિત્ય, વિશ્વંભર વિશ્વપતી. ૫.
જન્મ મર્ણમાં જગ સૌ ઝુલે, સાધુ સંત ઓર સતી. ૫.
ગર્ભવાસથી આપ નિરાળા, અહર્નિશ છો જોગી જતી. ૫.
સતગુરૂ સમજી શર્ણે આવ્યો, નગીન મહા મુઢ પતી. ૫.

૫

રાગ ઉપરનો.

ગણુપતી ગુણુ ગંભીર, ગમે તો ગા, ગણુપતી ગુણુ ગંભીર (૨)
ગણી ગણુ નાયક, લહે સુખ સાહયક ઘટે અજ્ઞાન તિમિર. ગમે
ત્રિગુણાત્મક ત્રિગુણાતિત તમે છો, ગૌરીનંદન ઓખા વીર. ગમે
ત્રાણુ ત્રાસન ઉભય તુજ મા, તેથી અર્પુ તુને શીર. ગમે
ત્રિવિધ તાપ ટળે ગણુ સ્મરણે, પામે અસી પદ હીર. ગમે
સુધબુધ સ્વામી કહું સીસ નામી, શીવ શરણરૂપી સીંચો નીર. ગમે
નગીનલાલ કહે ગણુપતી પુજે, ગૌલોક પામે પામીર. ગમે

૬

રાગ ઉપરનો.

હર હર હર માહદેવ સમજ મન હર હર હર મહાદેવ. ટેક
તારી બાજી છે તુજ હાથે ભુંડી પડી છે ટેવ. સમજ ૧
બાળપણામાં હુંહું કરતો તરૂણમાં તું તત્ખેવ સમજ ૨
જ્ઞાનપણાની વદ્ધી થાતાં અહં અહં મહાદેવ. સમજ ૩

કાંહ વસે નિરાકાર નિરંજન કહાં કરીશ જઇ સેવ. સમજ ૪
બાહેર ભીતર વ્યાપી રહયો છે, નિરંજન મહાદેવ. સમજ ૫
સોહંમ સાધુ સંગત કરતાં મળે આતમ ગુરૂદેવ. સમજ ૬
હું તુંનો તુને સંગમ થાતાં નગીન નિરંજન દેવ. સમજ ૭

૭

સું દઇશ તને જાવા દુખી થાવા—એ રાહ.

બોલ બોલ બોલ એ'વા, મહાદેવા,
તું કહે અગડ બં બં બં, નાચે ભુતને ભૈરવ છં છં.
કરે ડાકણી સાકણી ઠં ઠં, એવા અનહદ સુખ લેવા.
મહાદેવા—બોલ ૧

તું સદા શીવને નમ નમ,
જેથી દુર નાસે જમ જમ,
નહીં ભગની ભીતર ભમ ભમ
બોલો આદ્ય ગુરૂ દેવા માહદેવા.—બોલ ૨
મન શીવ શીવ રટ તું હરદમ,
જઈ બેસ ત્રિવેણી સંગમ,
બ્રહ્માનંદમાં જઇ રમ રમ.
કહે નગીન કર સેવા મહાદેવા—બોલ ૩

## ૮

મોરે કંગનેકી સંગકી પોં'ચીયા—એ રાહ.

માનો માનો અરજ મારી માનો
ભોળાનાથ દીગંબર શીવ શીવ શીવ. માનો. ટેક
હું છું તમારો દાસ ગુનેગાર, કામી ક્રોધી મસ્તાનો;
શીવ. શીવ કામી ક્રોધી મસ્તનો.
ભોળાનાથ દિગંબર શીવ શીવ શીવ. માનો ૧

રાખો શરણુ જાયે જર્ણું મર્ણું મુજ, જાય ડર જમ ધોકાનો
શીવ શીવ જાય ડર જમ ધોકાનો, ભોળાનાથ દીગંબર
શીવ શીવ શીવ. માનો. ૨

સોનું રૂપું માણેક મોતી, હાર હું જાણું હીરાનો;
શીવ શીવ હાર હું જાણું હીરાનો, ભોળાનાથ દીગંબર
શીવ શીવ શીવ. માનો. ૩

રોમ રોમ આ ઓહં શોહંનો, સુર ઉઠે મરદાનો;
શીવ શીવ સુર ઉઠે મરદાનો, ભોળાનાથ દીગંબર
શીવ શીવ શીવ. માનો. ૪

નગીન નિષદીન નિવૃતીમા ઝીલે ઝુલાવે ઝુલાનો
શીવ શીવ ઝીલે ઝુલાવે ઝુલાનો, ભોળાનાથ દીગંબર
શીવ શીવ શીવ. માનો. ૫

૯

કોયલ પપૈયા બોલે—એ રાહ.

ારા હર હર હર બોલે,
'દી ભંગી બટુક ને ભૈરવ, મગન થઇ થઇ ડોલે-ગૌરા ટેક.
લાસ વિહારી તારી છબી આણુંદકારી,
ોલે બેલની સવારી ઝકઝોલે. ગૌરા ૧
જોતાં નાસે પાપ એવો જગતનો બાપ;
ાભુષણુ પેહેરે સાપ, મન ભોળે. ગૌરા ૨
જનમનો જોગી, આંક વિજયાનો ભોગી,
ગીન નિરખે નિરોગી, અનમોલે. ગૌરા ૩

૧૦

ગોવીંદ નામકો આધાર—એ રાહ.

કોઇ નહીં દાતાર, શીવ તુલ્ય કોઇ નહીં દાતર
શીવ શીવ સમર તું વિશ્વાધાર
શીવ તુલ્ય કોઇ નહીં દાતાર. ટેક.

ભસ્માસુરની ભગતી જાણી, નંદી ભંગી લેઇ આવ્યા સુલ પાણી
મન માન્યું પામ્યો ભીખાર. શીવ. ૧
તેત્રીસ ક્રોડની યાચના માની, વરંબ્રુહી વદે શંકર વાણી,
ગૌરી કુક્ષ ફળે નકો વાર. શીવ. ૨

રાવણ કારણ દીલ દયા આણી, ન જોઇ દોષ મ્હાઇ અલખત લ્હાણી
કર્મે બન્યો એ ખુવાર. શીવ. ૩
મધવામદે કીધો જાલંદર પ્રાણી, બ્રહ્મા વિષ્ણુ દેવ થયા ધુળધાણી
આપી જોધ હર્યો ઇંદ્ર અહંકાર. શીવ. ૪
નગીન શીવ દોષ દાસના જાણી, સદબુદ્ધી ચીત પ્રેરવો પાણી,
પ્રભુ ઉતારો ભવ પાર. શીવ. ૫

૧૧

## બારમાસી.

હમકું છાંડ ચલે બન માધુ—એ રાહ.

શંકરને સેવો સર્વ સનેહી સંસાર સાગર ઓસરવાનેરે,
શંકરને સેવો સરર્વ સનેહી. ટેક
કાર્તિક માસે કામની કેડે કરે ભ્રમણ ચીત ફરવાનેરે.
કામ અરી છે શીવનો ઓ ભાઈ નહી મળે સ્થળ તુંને
ઠરવાનેરે. શંકર ૧
માગશીર માસે મહાદેવ મેહલી મહિલા સું મોહ કરવાનેરે,
મહિલા મેહેલ સમાન દેખીને ચઢી પડયો ધુળ ખાવાનેરે.
શંકર ૨

પોષ માસે પશુ પતિ પરહરી, પરનારી પુઠે રટવટવાનેરે,
પરનારી પુળી ઘાસના જેવી, હૈયે ધરી પ્રજળવાનેરે—શંકર—૩
માઘ માસે મમતા ધરીને, રામાસું લાગ્યો રમવાનેરે;
અઘોર નર્કની નારી છે ભારી પેસેન પામે નીકળવાનેરે-શંકર—૪
ફાલગુણ માસે ફરી નહી આવે, મનુષ્યા દેહ તુને તરવાનેરે,
સુકર્મ સુખ વિસારી દેઈને, કરે કુકર્મ તું મરવાનેરે–શંકર–૫
ચૈત્ર માસે ચાતુરી ચુકી ચતુરા સું ત્રણ ચરવાનેરે,
કસંગતે કાષ્ટજ ઘંટા, દેખી લાગ્યો દીલ ડરવાનેરે–શંકર-૬
વૈશાખ માસે વહની વરસે, વનિતા વિના લાગ્યો ઝરવાનેરે,
ઉભય વહની નહીંરે સહેવાણા, મુર્ખ પડયો ઉછરવાનેરે–શંકર–૭
જેઠ માસે જળ વિના જ્યમ, લાગ્યાં ફુલડીયાં કરમાવવાનેરે,
મનમથ રાજા ક્ષીણ થયેથી, લાગ્યું આયુષ તારૂં ઘટવાનેરે
—શંકર–૮
આશાડ માસે અમૃત મહેલી, વિષ શું લાગ્યો લપટવાનેરે,
અમૃત વિષ કેમ દેખે એ અંધા, પરનારી નર્કે પર
વરવાનેરે——શંકર–૯
શ્રાવણ માસે શીવને ઠગીને જાય બગીચે દુખ હરવાનેરે,
અંતસમો મહા વિકટ જાણી લાગ્યો મન થરથરવાનેરે
—શંકર–૧૦
ભાદરવે ભમતાં તું ભુલ્યો, પામે ફરી નહી આ મનવાનેરે,
લક્ષચોરાસી સુણતાં થરકે ગર્ભવાસ દુખ ખમવાનેરે-શંકર-૧૧

અશ્વિન માસે અરજ સુણો શીવ મહા પંથે-પાપ પરહરવાનેરે,
નગીન નમન કરી નેહથી માગે, મહાપંથ વાટે વસવાનેરે;
શંકરને સેવો સર્વ સ્નેહી, સંસાર સાગર ઓસરવાનેરે-શંકર-૧૨

---

૧૨

## બારમાસી.

કંથ બીના રહી એકેલી મેરી જાન-એ રાહ.

પાર્વતી ધરે શંકરનું ધ્યાન,
જઇ બેઠા સ્મસાન, પાર્વતી ધરે સંકરનું ધ્યાન-ટેક.
કારતીક માસ કોડામણોરે કૈલાસ કડંવા થાય,
દેવદીવાળી મારે મુખે દીવાળી પ્રગટે હોળી મનમાય-પા. ૧
માર્ગશીર્ષ મહાદેવજીરે ભીડ ભંજન કહેવાય,
તમો વિયોગે ભીડ પડી કહો મુજથી કેમ સહેવાય-પા. ૨
પોસે સોષ પડયા ઘણારે કોમળ હમારી કાય,
દારૂણ સીત સંક્રાંતીલાવી થાય રૂવાં ઉભાય-પા. ૩
માહે અજંપા હું જપુંરે એક કરી સુર્તાય,
ઓહંમ સોહંમમાં મ્હાલી રહેથી બ્રહ્માનંદ દર્શાય-પા. ૪
ફાલગુણે કહું ફરી ફરીરે સ્વામીજી શંકરરાય,
જ્ઞાન ગુલાલની ધુમ મચેથી આનંદ થાય જાય લ્હાય-પા. ૫

ચૈતરે ચુકી હું નથીરે ચરણ કમળ પુજાય,
ચુકી હોવું તો ચતુર છો તમો ક્ષમા કરો અન્યાય-પા. ૬
વૈશાખે વાયદો વીતીચોરે વહાલા વિદેસ સોહાય,
પાંખજ હોય તો ઉડી મળું જઈ ભેટ શંભુજી શું થાય-પા. ૭
જેઠે જંતર મંતર જુઠાં, જુઠું જગતે ઝંખાય,
ધ્યાન ધરી લેંઉ ઘટમા તપાસી, પ્રગટ પ્રભુ પર્ખાય-પા. ૮
અસાડે અમરીખનાથજીરે આવો હૈયા માય,
તમો આવેથી પ્રભુજી મ્હારે, અમૃત ઘન વરસાય-પા. ૯
શ્રાવણે શંકર શંભુ હર હર જોગી ભોગી સૌ ગાય,
જોગી જુગત જાણે નહી, ભોગી ભવ તરણ થઇ જાય-પા. ૧૦
ભાદરવે ભવો ભવ તમારી ભગ્તી માંગું સુખદાય,
વિષય ભોગ સંસારના તે અંતે અતી દુખદાય-પા. ૧૧
અશ્વીને મંદીર આવીયારે અલખ નિરંજન રાય,
દીવાળીનો દીવસ આજે નગીન લાગે છે પાય;
પાર્વતી ધરે શંકરનું ધ્યાન જઇ બેઠા સ્મસાન-પા. ૧૨

---

૧૩

રાગ બનજાગનો.

ભોળા ભગ્તની લો ભીડ જાણી;
મારી વાહરે ચઢો સુત્ર પાણી. ટેક.

સુણી વેદ પુરાણની કહાણી,
જ્ઞાનીયે લીલા વખાણી;
રંગ રાગમા રગ રંગાણી. મારી ૧
શીવ કથા જયાં વંચાણી,
ત્યાં પાપને નાખે છાંણી,
એવી અલખ પુરૂષની વાણી. મારી ૨
ભવપાર ઉતારે હાણી;
મળે હામકે મળે એધાણી,
ભજને કાયા હુંફાણી. મારી ૩
મારી નાવ ભઇ પુરાણી,
નીર ભરાયે થઈ ગઇ કાણી,
આવો આવો ઓપી નાક ખ્હાણી. મારી ૪
મારી અરજ સુણો નિર્વાણી,
સીલ સંતોષની લાહો લ્હાણી,
દાસ નગીન પોતાનો જાણી. મારી ૫

---

## ૧૪

રાહ ઉપરનો.

રૂપીયો છે પેટી માયે તે કેમ કરી ખરચાયે.
પેટીએ માર્યું છે તાળું,

બંધ કીધું કુંચીયે અજવાળું રે,
ભ્રમણામાં ભમી ભમી ભાળું,
તાલાવેલી મુને થાયે. રૂપીયો ૧
પેટ પેટી અંદર રૂપીયો,
કંઠ તાળાયે કરી છુપીયો,
જીભ કુંચીયે દીધો ઢુંપીયો,
એતો મુજથી કેમ સહેવાયે. રૂપીયો ૨
જ્ઞાન કુંચી આવે જો હાથે,
કંઠ તાળું ખુલે ભીડે બાથે,
બની જાય લક્ષમી નાથે,
જ્યારે આતમ પદ દર્શાયે. રૂપીયો ૩
મારૂં રત્ન પડ્યું જળ માહે,
આવે લેહેરોને નવ દેખાયે,
લ્હેર સમે તો ઝટ ઝંખાયે.
કહે નગીન જો અજ્ઞાન જાયે,
રૂપીયો છે હાથની માહે, રૂપીયો ૪

---

૧૫

રાહ ઉપરનો.

કાંહ ગયા મન મોહન મા'રા,
મુને મળ્યા ન પ્રીતમ પ્યારા. ટેક.

દુખ આવી પડયું શીર ભારા,
મને સહાય કરો પ્રભુ પ્યારા,
કેવા દુષ્ટ કરમ છે માહરા. મને ૧
જોયું મથુરાં ગોકુલ કાશી,
દીલ્લી આગ્રાને ઝાંસી,
જોયા કાબુલ ને કંદહારા. મને ૨
જોધપુર બરાનપુર ઉજન,
માળવાને મુલતાન ગુડવન,
શેહેર લખનોર નેરે બુખારા. મને ૩
ગીરનાર અને પોરબંદર,
ફરી જોયું દુવારીકા મંદર,
રામનાથ અને હરદ્વારા. મને ૪
જોયું પારીસ ફ્રાંસને જર્મન,
ઇટાલી અમેરીકા હબસન,
મહારાણીકા લંડન સારા, મને ૫
હૈદરાબાદ રંગુન પેટન,
કુસલાવી લઇ ગઇ સોકન,
પુનેથી આવી સતારા. મને ૬
બંદર ચીંચણ તારાપુર,
કોઇ કહે મેં દીઠો કહાનપુર,

જોયા મુંબાઇ શેહેર મેં સારા. મને ૭
આવી સુરત શેહેરની અંદર,
ફરી જોયું વીલદાનું અંદર,
જોયા પનઘટ તાપી કીનારા. મને ૮
જોવું નાટકશાળા મહાલી,
મળે ચકોર તો થાયે ખુશાલી,
નગીન સમજ લે સાર અસારા. મને ૯

---

૧૬

જબકે કલંદર બન બન ફીરકે—એ રાહ.

ભોળા શંકર ભોગી બનકર મથુરા નગરીમેં જાતે હે,
ભસ્મ લગાના છોડ દીયા અંગ તેલ ફુલેલ લગાતે હે.
છોડે બેલ ગંગ ઓર ગવરા,
નાગ આંક ભાંગ ધંતુરા;
ભોળે મનકું તજકે ઉન્ને લીયા કપટી વેષ,
જ્ઞાની બનકે કેસે આયે મુરખકે નરેષ. આંહાં—ભોળા.
માથે મુકટ કુંડળ જોડો,
વાંકો બાંધી લીધો અંબોડો;
વૃંદાના દરબારમા આવ્યા બની જલંદર રૂપ,
કયાં ગઇરે વૃંદા પ્યારી, તરસ્યો ઘણો છું ભુપ. આંહાં. ભોળા. ૨

દાસી કહે ઉઠોની બાઇ,
સ્વામી મળવા કરો સજાઇ,
તેત્રીસ ક્રોડ ઝીતીને આવ્યા ઝીત્યા શ્રી મહાદેવ,
ગણુ કાર્તકિના મસ્તક લાવ્યા દેવ કરે જેની સેવ. આંહાં ભોળા ૩
રૂમ ઝુમ કરતી ચાલી નારી,
સતી આવી ઉભી અટારી,
કામનીયે કપટ જોઇને કહયો શંકરને બોલ,
પીતા થઇ શું પુત્રી પરણુવા આવ્યા મારે મોહલ આંહાં. ૪
જાઓ દુર્બળ જાણી સાંખું,
પલમાં પ્રલય કરી નાંખું,
મુજ આગળથી નાસી છુટી નવ જવાસે કાંય,
નાથ નગીનના નાઠા ત્યાંથી ગયા કૈલાસ માંય,
આંહાં ભોળા શંકર ભોગી બનકર,
મથુરા નગરીમેં જાતે હે, ભસ્મ લગાના છોડ દીયા
અંગ તેલ પુલેલ લગાતે હે.

---

## ૧૭

રાગ ઉપરનો.

સુનકે જલંદર જોગી બનકર કૈલાસ ગીરીમેં જાતે હે;
રોગ ભોગ સબ ચલે છોડકે અબધુત વેષ બનાતે હે.

ભસ્મ ચોળી દીધી અંગે,
શોભે જટા મધે ગંગે,
રૂંઢમુંઢની માળ ધરીને ચત્રુભુજ થઇ ચાલ્યા,
કાને કુંડળ કેડે કટીબંધ નાગ તણુાતો ઘાલ્યા. આંહાં. સુ. ૧

હાંકે નંદી ધીરે ધીરે,
અંગેથી વહે રૂધીરે,
જાલંદરનું સીસ કાપીને પકડયું જમણે હાથ,
ડાક ડમરૂં ત્રીસુળજ શોભે બન્યો દેવનો નાથ. આંહાં. સુ ૨

થર થર ધ્રુજે ઘરકું ગાત્ર,
હીમાચળના બન્યો જમાત્ર,
ઓ પાર્વતી કયાં ગઈરે, પ્રગટયો છે પરીતાપ,
થાકયો પાકયો હું આવ્યો છું સુખ મુને તું આપ. આંહાં સું. ૩

જયા વિજયા દાસી દોડી,
કહું ગૌરાને કર જોડી,
જાલંદરને જીતી કરીને આવ્યા શંકર રાય,
ઉઠો સ્વામીની સેવા કીજે પલમા પાપ પળાય. આંહાં સુ. ૪

સુણી મનમાં પડી ભ્રાંત,
ઠરી બેસી જોયું એકાંત,
કારમું રૂપ તો નવ કળાણું નવ નિશ્ચય થયો આપ,
શીવજી સામે નહીં જાઉં તો મુજને દેશે શ્રાપ. આંહાં. સુ. ૫

વીચારી કરી છે મુકતી,
ત્યાં તો પ્રકટ કરી એક શકતી,
જાઓ શીવની કરો પરીક્ષા સાવધપણે સુજાણ,
ના હોય શીવ તો થાય વ્રત ભંગ તજવા પડે પ્રાણ. આંહાં. સુ. ૬

ચાલી નમન કરીને શકતી,
મનમા કહે શીવની ભગતી,
રૂમઝુમ કરતી અદા ભાવથી કામીને વશ કરવા,
તાળી આપી લૈ ચાલી મંદીરમા મનના સંસય હરવા. આંહાં સુ. ૭

કામાતુર થયો છે પાપી,
શાડી શકતીની ઉથાપી,
ફટફટરે ઓ દુષ્ટ હરામી કોણ છે કયાંથી આવ્યો,
શ્રાપે બાળી ભસ્મ કરીશ શું ઢોંગી વેસ બનાવ્યો. આંહાં. સુ. ૮

ચતુર ચીતમા ચેતી ગયો,
ભરમ મારો તુટી ગયો.
નગીન નાથની નારી તે તો નવે ખંડની રાણી,
નાઠો ત્યાંથી સઠ હરામી સુણી માતની વાણી.
આંહાં સુનકે જલંદર જોગી બનકર કેલાસ ગીરીમેં જાતે હે.
રોગ ભોગ સબ ચલે છોડકે અબધુત વેષ બનાતે હે. ૯

## ૧૮

રાહ ઉપરનો

બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર મળીને એક સમયમા બેઠા.તા,
નારદ આવ્યા મનમાં ભાવ્યા વેણ મધુરી વાતા; ટેક.
આવો આવો નારદ મુની,
કહો વાત નવી જુની,
આ સૃષ્ટિમા કોણુ સતી છે, કહો વર્ણવી પેર,
જેના સત્યથી સૃષ્ટિ ડોલે તે કયા પુરૂષને ઘેર, આંહાં બ્રહ્મા. ૧
નારદ કહે છે સુણો સ્વામી,
પ્રભુ આપ છો અંતર્યામી,
ચઉદ ભુવનમા હાંક તમારી ક્ષણું ક્ષણુંમા વાગે,
કોણુ ગજું એ સતીતણું જે થાય તમારે આગે, આંહાં બ્રહ્મા. ૨
બ્રહ્મા બોલ્યા જાઉં છળવા,
વિષ્ણું આવો હળવા હળવા,
શીવજી સાથે જો આવે તો થાયે લીલા લેહેર,
સતી છળી આવીયે પાછા સુખે આપણે ઘેર, આંહાં. બ્રહ્મા. ૩
જાઓ નથી તમારી ગણત્રી,
જેને માથે સ્વામી અત્રી,
અણી અનુસ્યા સત્ય તણી જે વીંધશે આણી વહાલ,
જાઓ ઝપાટે નહીં થાઓ ઢીલા, કેવી વીતસે કાલ. આંહાં બ્રહ્મા. ૪

નારદ થયા છે અંતર્ધ્યાન,
ગયા ત્રણુ દેવના ભાન,
ઝોળી ઝુંડા ચીપીયા તુંબા ભસ્મ લગાવી અંગ,
વજા કછોટા જનોઇ જોટા બહુ બન્યા અડબંગ; આંહાં
બ્રહ્મા. ૫

આવ્યા અત્રી કેરે ડેરે,
ભીક્ષા માગે ઠેરે ઠેરે,
થાળજ લેઈ અનુસ્યા આવ્યા હરદ્વારજ કેરી મા'ય,
લો, ભીક્ષા હું આપું હાથે ધન્ય પીતા તુજ માય, આંહાં
બ્રહ્મા ૬

ત્યારે બોલા ત્રણે જોગી,
હમો નગ્ન ભીક્ષાના ભોગી,
મસ્તક ઉપર હાથજ મુક્યો સતીયે આણી વહાલ,
બ્રહ્મા વિષ્ણું રૂદ્ર થયા છે છ મહીનાના બાળ, આંહાં
બ્રહ્મા ૭

જાણ્યું નારદે તતકાળ,
પરવસ છ મહીનાના બાળ,
લક્ષ્મી પાર્વતી ઉમીયા માતા કરે છે શોધા શોધ,
અત્રાને ઘેર દત્ત રહ્યા છે, કીધો નારદે બોધ; આહાં
બ્રહ્મા. ૮

ચાલો આવો હમારી સાથ,
બતાવું જ્યાં છે તમારા નાથ,
કાલાવાલા જઇ કરો તો પોંહચે મનના કોડ,
બળીયા સાથે બાથ ભીડેથી લાગે ખાંપણુ ખોડ; આંહાં
બ્રહ્મા. ૯

લક્ષમી થઇ ગઈ ઉદાસ,
ઉમીયા પામી ઝાઝો ત્રાસ,
સાવીત્રાંને સંગ લેઇને, નમ્યા સતીને પાય,
હમો બાળકી માતા તારી ક્ષમા કરો અન્યાય; આંહાં
બ્રહ્મા. ૧૦

બોલ્યા મેહેર કરીને માતા,
હાલરડાં બાળકને ગાતાં,
શોહોર બકોર કરો નહી તમો જાગશે કુંવર માહરા,
પ્રાણજીવન પ્રભુ પુત્રજ મારા વેરી હશે તમારા, આંહા
બ્રહ્મા. ૧૧

એ શું બોલો માતા વાણી,
હમો ત્રણેની ધણીયાણી,
વેરી નહીં એ વાહલા હમારા આપો હમારા સ્વામી,
હમો બાળકી માત તારી, કહીયે ચરણે શીરનામી. આંહાં
બ્રહ્મા. ૧૨

જાઓ નાથને ઓળખો જઈ,
ઝોળીથી લઈ આવો અહીં.
ભુલવણીમાં સઉ ભુલાણું, નહીં ઓળખ્યા ભરથાર,
કરી પ્રદક્ષણા પગે લાગી, આંખે આંસુ ધાર; આંહા
બ્રહ્મા. ૧૩

બાળક કાહડયા ઝોળી બાહર,
નારદ આવ્યા તેણી વાર,
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર કીધા છે માયે પ્રગટ તૈયાર,
નારદ થૈ થૈ થૈ નાચે છે કરે છે નમસ્કાર; આંહાં બ્રહ્મા. ૧૪

લાજ્યા બ્રહમાને મહેશ,
લાજ્યા પોતે રૂષી કેશ,
સુણો માતાજી શું ઇચ્છા છે મુખથી બોલો વાત,
કહે અનુસ્યા હું નહીં બોલું, બોલે તમારા તાત; આંહાં
બ્રહ્મા. ૧૫

માગો માગો હમારા તાત,
જે મન ઇચ્છા હોયે વાત,
અત્રી કહે મમ પુત્ર થઇને રહો તમો ત્રણ દેવ,
વૃદ્ધાવસ્થા થઇ હમારી કોણ કરે હવે સેવ. આંહાં બ્રહ્મા. ૧૬

જય જય પીતા હમારા અત્રી,
આજથી કહેવાઇ સું દતાત્રી,

ત્રિમુખ ષટ ભુજરૂપ ધરીને પ્રગટ શું ત્રણુ દેવ,
પુત્ર થઇને રહીશું. સદાયે કરશું અહર્નિષ સેવ. આંહાં
બ્રહ્મા. ૧૭

નારદ કરે છે નમસ્કાર,
ખાધો કેવો લાડવો સાર,
કહ્યું માન્યું નહીં હમે તમારૂં બનીને અંધા ધુન,
પુત્ર થઇને છુટયા હવેથી નારદ તમારૂં પુન. આંહાં બ્રહ્મા. ૧૮
બ્રહ્મા વિષ્ણુ ગયા સ્વસ્થાન,
માહદેવ જઈ બેઠા સ્મસાન,
નગીન નમસ્કાર કરે છે મુકો મસ્તકે હાથ,
લીલા તમારી હું શું વખાણું જય જય દતાત્રિ નાથ. આંહાં.
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર મળીને એક સમયમા બેઠાતા,
નારદ આવ્યા મનમાં ભાવ્યા વેણુ મધુરી વાતાતા.

---

૧૯

## વાઘેશ્વરી માતાની સ્તુતિ.

કવ્વાલી.

મંમમાયા આદ્ય સાક્ત તું,
સકળ બ્રહ્માંડ વકિત તું,
અંબીકા માહરાણી તું,
વાઘેશ્વરી રૂપ જાણી તું, મંમમાયા ૧

પરમેશ્વરી પ્રેમ પાત્ર તું,
અસુરનાં ભાંગે ગાત્ર તું,
રહી રણ નાચ નાચે તું,
રમણ રમે અગ્ર વાચે તું. મંમમાયા ૨
નગીન નિશ્ચય કહે ગાજી તું,
મારે આધાર માજી તું,
ચઢે વાઘે વર દાતા તું,
આપે મા સુખ સાતા તું મંમમાયા ૩

---

૨૭

શાહ એહ અજબ જમાના હે—એ રાહ.

વાઘેશ્વરી સુણો અરજ મારી,
અરજ મારી લો સ્વીકારી;
વાઘેશ્વરી સુણો અરજ મારી. ટેક.
હું છું તમારો બાળ અજ્ઞાની,
કામ ક્રોધને દો નિવારી. વાઘે. ૧
આશા તૃષ્ણા માયાને મમતા,
એથી માજી લો ઉગારી; વાઘે ૨
ભીડ પડી ભકતોને મા જયારે,
દૈતોને નાંખ્યા છે સંહારી. વાઘે. ૩

શુંભ નિસુંભને રણુમા રોળ્યા,
કરી વાઘે માજી અસ્વારી, વાઘે. ૪
ચંડમુંડને નાંખ્યા ચોળી,
રકતબીજનું પાન કરનારી. વાઘે. ૫
અહર્નિષ તારૂં ધ્યાન ધરૂંમા,
નાવ પુરાણુી મારા લો તારી, વાઘે. ૬
હૃદય કમળમા વાસ કરોમાં,
કહે નગીન ખુબ ખંખારી. વાઘે.

---

## ૨૧

કાનુડે કામણુ દીધુંરે—એ રાહ.

કાયા કરે વિનતીરે, પ્રાણુનાથ—ટેક.
તારી મારી મુળથી જોડી, વારે વારે જાઓ દોડી.
પતિવૃતા થાકી દોડીરે— પ્રાણુનાથ—૧.
પ્રેમ કરી મને પાળી, હવે નવ જાસો ટાળી;
હું છું અબળા ભોળીભાળીરે— પ્રાણુનાથ—૨.
રંગે મને બહુ રમાડી, ફેરવી વિમાન ગાડી;
મોજ આપી બાગ વાડીરે— પ્રાણુનાથ—૩.
અતર ફુલેલ સુગંધ, શૃંગાર શું કમ્મર બંધ,

તમો વિના હું તો અંધરે— પ્રાણુનાથ—૪.
હું છું દાસી સદા તારી, વલવલું વારી વારી;
જુવો મને ધારી ધારીરે— પ્રાણુનાથ—૫.
પ્રીતની તો એવી રીત, તોડે ના તુટે ખચ્ચીત;
સંભાળી લો મારૂં હીતરે— પ્રાણુનાથ—૬.
હું ઠગણી બહુ ઠગાણી, દુધ સાટે પીધું પાણી;
ઘેલી થઇ હું ઘણી સ્યાણીરે— પ્રાણુનાથ—૭.
કોટી અપરાધ મારા, ક્ષમા કરો પ્રીતમ પ્યારા,
નગીન નિભાવનારારે— પ્રાણુનાથ—૮
ઠામા કરે વિનતીરે પ્રાણુનાથ.

---

## ૨૨

### રાહ—ઉપરનો.

જીવ કહે છે કાયાનેરે, કામણગારી–ટેક.
તારી મારી સા'ની જોડી, રતનની સાથે કોડી;
જેવી ગધેડીને ઘોડીરે, કામણગારી, જીવ–૧.
તારા પ્રેમે હું તો ફુલ્યો, ભવસાગર ભમુ ભુલ્યો;
જમને જઇ ઝુલે ઝુલ્યોરે, કામણગારી, જીવ–૨.
સમજ્યો હું નાર ફંદી, ભીતરે તું ભારે ગંદી;
વિષયની ચરે ચંદીરે, કામણગારી, જીવ–૩.

ખાઇ કરી નાખ્યું ખોરી, વારે વારે કરે ચોરી;
ભીતર કારી ઉપર ગોરીરે, કામણગારી, જીવ—૪.
દાસી કરાવે ઉદાસી, હું તો સદચીદ અવિનાસી;
બનીને બેસું સંન્યાસીરે, કામણગારી જીવ—૫.
સાગર તરવાની હોડી, એવું જાણી પ્રીત જોડી;
દીસે તારી ગતી થોડીરે, કામણગારી. જીવ—૬
તું મને દેસે દુણાવી, ઘણી વેળા તું તો ફાવી;
તારૂં મારૂં ખુટયું ભાવીરે, કામણગારી જીવ—૭
સમજીને ચાલ ચાલે, જીવન મુકત થઇને મ્હાલે;
વિદેહી આકાસ ઝાલેરે, કામણગારી જીવ—૮
હું છું અમ્મર આતમ રામ, જઇસ હવે મારે ધામ;
નગીન હવે નથી કામરે, કામણગારી.
જીવ કહે છે કાયાનેરે, કામણગારી— ૯

---

## ૨૩

રાગ જીલ્લો—મનકે તરંગર મીસલે સીકંદર—એ રાહ.

કૃષ્ણ મુરારી કુંજવિહારી, આવો નંદના લાલાજી,
માખણ મીસરી મીઠાઇ મેવા, પ્રસાદ લો બંસીવાળાજી.
જળ જમુનાનાં ભરી મેં આણ્યાં, જડીત કંચન પ્યાળાજી,
પાન સોપારી લવેંગ એલાચી, લો મુખવાસ મોરલીવાલાજી

રાસ રમાડો લગાડો તારૂં ધ્યાનજી,
શીવ નારદ બ્રહ્મા ગરૂડ હનુમાનજી;
વરૂણ વાયુ અગ્નિ મારે સૌ તાનજી,
સુણી સુરને ગોપીયો ભુલી ભાનજી.
રાધા ગાય છે મોહન વાય છે,
ચંદ્રાવળી ચીત ચહાયે;
પકડી પ્રભુએ જમણી બાંહેજી.
હળધરના વીર નગીનને શીર ધરણીધર ધીર ત્રૈલોકયનું હીર.
કૃષ્ણ મોરારી કુંજવીહારી, આવો નંદના લાલાજી.

---

૨૪

રાગ ઉપરનો

જઇયે દરબારમાં શા કારભારમાં, રાંડ રાંડવા આવ્યા છે;
નગરશેઠની દીકરી સાથે, ચકોરને બાંધી લાવ્યા છે;
જુવો નવાઇ કેવી ભવાઇ, જોગી જોગણુ બેઉ કહાવ્યા છે.
સાત માસના ગર્ભજવાળી, બાળરાંડને લાવ્યા છે.
સીધ્વા નારી જારી કરવા નાસી જાયે છે,
વિધ્વા યારી કરી બોકી લાંવી આયે છે,
હકીમ દાઇયણ ગાંધી મળી નાણું ખાયે છે

થાયે જાહેર તો જગમાં જણાયે છે.
ઝેર પાય છે કેર થાય છે. ગર્ભની હત્યાઓ થાયે
સાસુ ઉપર પગ મુકાયે છે, નગીન દેશમાં દુખી
સૈ થાયે છે.
નાતોની રીત બાળે છે હીત, ફરે વિપરીત, બની પલીત,
જઇયે દરબારમા શા કારભારમાં રાંડ રાંડવા આવ્યા છે.

---

## ૨૫

હમસેં ખફા મેરી જાન કે નહીં નહીં. એ રાહ

નાસો નહીં ભગવાન કે નહીં નહીં,
નાસો નહી ભગવાન કે નહીં નહીં. ટેક.
માતા જસોદા બાલને બોલાવે,
જમવાને આવો મારા કહાન કે નહીં નહીં. નાસો-૧
મગદળીયા મેં તો લાડુ બનાવ્યા,
ભાવતા ભોજન પકવાન કે નહીં નહીં. નાસો-૨
શીરાપુરી ઘેભર ખાજાં,
જુગતે જમો જીવ જાન કે નહીં નહીં. નાસો-૩
દોડી દોડીને થાકયા છો વાહલા,
આવો કરાવું પય પાન કે નહીં નહીં. નાસો-૪
નાથ નગીનનો હસ્તો આવી,

સાડીયે વળગ્યો નાદાન, કે નહીં નહીં.
નાસો નહી ભગવાન કે નહીં નહીં. નાસો–૫

---

## ૨૬

યોવન ખીલ્યું આવ્વા છો રસપાન કરો––એ રાહ.

કરે સોર બકોર રાધાકૃષ્ણ વિના, સુર ઝીણાં ઝીણાં,
જેવી નારદ વિણાં, કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ;
કરે સોર બકોર રાધા કૃષ્ણ વિના. કરે—ટેક.

છબીલા છળ કરીને મધુપુરી વાસ કીધો,
કપટી અક્રુરે આવી લાભતો વિયોગ દીધો;
જાદવને જઇ ડસીનાં, રોકવા ગઈ ધસીનાં. કૃષ્ણ–૧.
વનમાં વરી મુજને લ્હાવ તો લાખેણો લીધો,
પરણી પ્રેમદા પરહરી મનમાં ન બીધો;
બાંધ્યાના બંધ રસીનાં, જેથી કાળો જાત ખસીનાં. કૃષ્ણ–૨.
પાઠવી પત્ર ઉદ્ધવ સાથ બતાવ્યો જોગ સીધો,
લોગમાં આપ ભમે હમને તજાવી નિધો;
અંગે છુટે પસીનાં, વેરી તમો છો માસીનાં. કૃષ્ણ–૩.
ગોવર્ધનધારી પ્રભુ વ્રજમા દાવાનળ પીધો,
હમુને લીધાં લુટી આપી કુબજાને રીધ્ધો;
નગીનને મન વસીનાં, વિરહની વાત ઠસીનાં. કૃષ્ણ–૪.

## ૨૭

આ પાણી કાંહસે આયા એ રાહ.

તારી ઝગમગ ઝોતી ઝમકે, સુનસબ્દ સોહં સોહં કે,
સોહંમ ભાવે ભજોની પ્રાણી, અવર દેવ નવ ચમકે,
સકારમાંથી અકાર નીકળે, ઓહંમ નીરખ રમ રમે
—તારી
શુનમાંથી સોહંમ પ્રગટે, નાદ અવાજ ધમધમે
મહાકાશમાં સબ્દ ભેદેથી, આહંમ નીકળે ખમકે. તારી
નીજ વસ્તુને તું તો ભુલ્યો, પડયો પાલવ જાઇ ચમે;
અદેત મેલીદ્વત્ય લહેસુણ, નગીન સબ્દ પડધમ કે. તારી

---

## ૨૮

રાહ ઉપરનો.

આ તનની રચના કેવી જુવો જયાં જોઇએ ત્યાં તેવી
સ્વર્ગ શીસને પગ પાતાળજ, ઉદર મૃત્યુ દેવી,
ચંદ્ર સુરજ બેઉ બેસે બારણે, અંતરની ગત લેવી.
નાભી કમળમા બ્રહ્મા બીરાજે, પ્રથમ ખોજ કરો સેવી;
આહંમ તુરંગ નાચી રહ્યો જયાં, લગામ પકડી રહેવી.
સાવધ થઇને કરો અસ્વારી, સોહંમ સમસેર સહેવી;

ઓહંમ સંગે રહેવું બાઝી, વાડે વેલજ જેવી. ૩
ગગન મંડળને મારગ જાતાં, અવર વાત નહીં કહેવી;
ઇંગળા પીંગળા ઘાટ છોડીને, નીજ ઘરની સુધ લેવી. ૪
નવ દ્વારને બંધ કરીને, દસમાં વૃતી વહેવી;
અલખ નીરંજન આપ બને તું નગીન જો લીલા એવી.
આ તનની રચના કેવી જુઓ જયાં જોઇયે ત્યાં તેવી, ૫

---

## ૨૯

હાંરે તોહે લડકનમે ખંસનકી સુઝી બેઠા—એ રાહ.

હાંરે તું તો મસ્તાનો થઈ માહલે મનજી ઘેટા,
જો વીચારી તુજ સંગેથી ખાવી ફેટં ફેંટા;
મોજ મઝામાં તને મળે શું, વિષય ભોગની દાળ દળે શું.
ચાડી ચુગલી કરી રળે શું, અજ્ઞાની અહર્નિષ બળે શું.
હાંરે તું તો—૧
કામણ દુંમણ જોઇ ચળે શું, દશ ઇંદ્રીયો તને છળે શું.
પાપ પંથમાં પાપી પળે શું, કામ ક્રોધમાં જઈ ભળે શું.
હાંરે તું તો—૨
ઘી સકકરને ખાધે વળે શું, કડવા બીના ઝાડ ફળે શું.
નગીન નીત્યે ઝળ ઝળે શું, બ્રહ્માનંદની છાંય તળે શું.
હાંરે તું તો—૩

૩૦

### ભજન કાઠીઆવાડી.

ચાર ગયા છે વાગીરે, બારની ઉપર ચાર ગયા છે વાગી;
તું તો જોને જીવડા જાગીરે, બારની ઉપર ચાર ગયા છે વાગી ટેક.

દીન ઉગંતાં દીનમણી મ્હાલે,
લાડ લડાવે સોહાગીરે. બારની ૧.
રજની સમયમાં ચંદ્રજ ચાલે,
બને અતી બડભાગીરે. બારની ૨.
ચંદ્ર સુરજ બેઉ સમભાગ હાલે,
ધ્યાન ધરે અનુરાગીરે બારની ૩.
દીનપ્રતિદીન સુખ જો સમાલે,
નગીન જો દુરમત ત્યાગીરે.

બારની ઉપર ચાર ગયા છે વાગી, તું તો જોની જીવડા જાગીરે ૪.

---

૩૧

### ગરબી.

ગોકુળ ગઢસે મૈયારી ઉતરીરે—એ રાહ.

તું તો શબ્દ સુણી બાણુ મારનીરે,

મારની મારની મારનીરે;
તું તો શબ્દ સુણી બાણુ મારનીરે. ટેક.
ગગન મંડળમાં થઇરે ગરજનાં,
હાંરે તારી સુર્તા પહોંચાડ પેલે પારનીરે. તું તો-૧
જુઠી કાયા ને જુઠી માયા,
હાંરે જુઠી જુઠી તો પ્રીત અહંકારનીરે. તું તો-૨
મંદીરને માળીયા સાથ નહીં આવે,
હાંરે નહીં આવે પ્રીતી સંગ નારનીરે. તું તો-૩
શબ્દ સમજવો છે અતી દુર્ઘટ,
નગીન તાણુ દીશા ચમકારનીરે. તું તો-૪
તું તો શબ્દ સુણી બાણુ મારનીરે. ૪

---

૩૨

ભરોસા તેરા અંજનીકે લાલ—એ રાગ.

ત્રીતાળ.

ભરતી જમના જળ, કરતી ચાળા,
ભીખુ ભાનની બાળા. ભરતી જમના જળ-ટેક.
કૃષ્ણ-પનઘટ ઉપર ઉભા કૃષ્ણજી મોર મુગટ મોરલીવાળા,
ચેત ચેત તું રાધા ગોરી જપું છું તારી માળા;

રખડી હું થાકયો જોયા નદી નાળા. ભીખુ ભાનની. ૧
**રાધા**–જાઓ સ્યામજી નહી કામજી નંદકુંવરજી છો કાળા,
ચંપકવરણી હું છું નારી પહેરૂં પટોળાં ગાળા;
કામળી હોડો બંસીવાળા. ભીખુ ભાનની. ૨
**કૃષ્ણ**–તમો કામની હું છું કૃષ્ણજી એક વૃક્ષની બે ડાલા,
રાધા તારો કૃષ્ણ કહેવાઉં મેળવ જન્મોત્રી તાળા;
પ્રેમથી લાવો અમૃત થાળા. ભીખુ ભાનની. ૩
મનમગન થઇ દોડી રાધીકા જેમ ઉડે તુરી પંખાળા,
સૌ સામગ્રી સજ કરીને જમો જમો ગોપાળા;
નવીન કહે વિનવી જપું તુજ માળા;
ભીખુ ભાનની બાળા ભરતી જમના જળ કરતી
ચાળા. ભીખુ. ૪

---

## ૩૩

### રાગ દેશ.

નાથ કેસે ગજકો બંધ છુડાયો—એ રાહ.

સંત સમાગમ સ્યાણો, સાથીડા સંત સમાગમ સ્યાણો,
જેથી મોક્ષનો મળે પરમાણો.–સાથીડા.
જગમાં ઇશ્વર ઇશ્વરમાં જગ આદી અનાદિ જાણો;

વડમાં બીજને બીજમાં વડ છે, મળે છે પ્રત્યક્ષ પ્રમાણો.
સાથીડા-૧.

સંસારરૂપી સાગર ભરીયો, સંત અમુલ્ય એક દાણો,
સંત મળેથી માહ સુખ થાયે, મળે વાણોને તાણો. સાથીડા-૨.
સંત બને નહીં વિભુત લગાવે, માગે ઘરોઘર દાણો;
તીલક માળા છાપા ધારીને, સમજી સંત પુલાણો. સાથીડા-૩.
સંત જે સત્ય પદારથ સમજે, નહી રંકને નહીં રાણો;
નિવૃતીમાં રમી રહ્યો જે, પ્રપંચ પંથ ભુલાણો. સાથીડા-૪.
નગીન નિશ્ચય જો વીચારી, જ્ઞાની સંતને છાણો;
અજ્ઞાનીનો સંગ થયેથી વાગશે બહુવિધ બાણો;
સાથીડા સંત સમાગમ સ્યાણો, જેથી મોક્ષનો મળે
પરમાણો. સાથીડા-૫.

---

૩૪

## જીલ્લો.

હુરરરરર બુટીમાં આનંદ સમાય રહ્યો, ધંતુરીમાં ધ્યાન
રમાય રહ્યો. ટેક.

પેહલે પોહરે ગાંજો પીયે, ધરવા હરીનું ધ્યાન;
પ્રથમ દેવ ગુરૂ સંભારે, અલખ કહી મારે તાન,
દમ હરદમ લગાવો; હુરરરર. ૧.

બીજે પોહરે દમ લગાવે, સુધરે તેનું વાન;
રોગ શક્ષસને મારી હટાવે, મુખડું ચંદ્ર સમાન,
દમ હરદમ લગાવો; હુરરરરર. ૨.
ત્રીજે પોહરે ચલમ પીચે, ચાર મળી વિદ્વાન,
જ્ઞાન ગુંજની કરે વાર્તા મેળવે આત્મજ્ઞાન;
દમ હરદમ લગાવો. હુરરરર. ૩.
ચોથે પોહરે લેહેર ઉડાવે, ભજે શ્રી ભગવાન,
ઘટ ઘટ છાંયા છાંઇ રહી છે નગીન સાચું માન;
દમ હરદમ લગાવો. હુરરરરર. બુટીમાં આનંદ સમાય
રહ્યો ખંતુરીમાં ધ્યાન રમાય રહ્યો. ૪.

---

૩૫

પરજ કાલીંગડો.

દેખો કેસા જગકા ઝમેલા હે,
મરદ બને કોઈ મહીલા હે. દેખો—ટેક.
માતા પીતા ભાઇ ભતીજા, ગુરૂ બન્યા કોઇ ચેલા હે-દેખો.
રાજા પ્રજા કુટુંબ કબીલા, સબ મતલબકા થેલા હે-દેખો
ના કોઈ અપના હમ ના કીસીકા, સુખદુખ શીરપર ઝેલા હે-દેખો
કોઇ પંડીત કોઈ કાજી બન્યા કોઈ, આપે આપ એકીલા હે-દેખો

નહીં પુન્યમાં નહીં પાપમાં, નગીન એહી અલબેલા હે-દેખો.

---

૩૬

રાગ પરજ.

કાશી વિજયેશ્વર હરહરે, હરહરે શીવ હરહરે, ટેક.
દેવનો દેવ તું દેવ દીગંબર, વિષ્ણું ધ્યાન ધરેધરે. કાશી. ૧
સુર સનકાદીક ગણેશ ગીરીજા, બ્રહ્મા જાપ કરે કરે. કાશી. ૨
અક્ષય માળા અંગ વિભુતી, જમદુત દેખી ડરેડરે. કાશી. ૩
જનમ જનમના તાપ નિવારે, જર્ણ મર્ણ દુખ હરેહરે. કાશી. ૪
નીચે ગંગા ઉપર કાશી, વિજય વિશ્વનાથ કરેખરે. કાશી. ૫
શ્વાસોશ્વાસે શીવ સમરતાં નગીન ભવસાગર તરેતરે. કાશી ૬

---

૩૭

રાગ ઉપરનો.

કેસા ઘાટ ઘડે સોનારારે,
પુરણ બ્રહ્મ હે સોના હમારા કુંદન નિર્વાકારારે. ટેક.
સતચીદ નિર્મળ વોહે નિરંજન, નહી સ્વેત નહી
સ્યામારે. કેસા. ૧

નહીં ફાટ નહીં ફુટ સુવર્ણમેં, એસા આતમ પ્યારારે. કેસા. ૨
પંચ તત્વકા ઘાટ બનાયા, માયા ચમક ચમકારારે. કેસા. ૩
માયા ચાંદી તામ્ર મોહ ઓર, જસ્ત જબર હંકારારે. કેસા. ૪
કથીર મૃત્યુ મેખ લગાઇ, ગફલત ખાર વિકારારે. કેસા. ૫
બાહેર હે બ્રહ્મ ભિતર હે બ્રહ્મ, બ્રહ્મકા સકળ પસારારે. કેસા. ૬
ધ્યાન લગાકે નિર્ખો નિષદીન, નગીન વચન ઉચારારે. કેસા. ૯

---

### ૩૮

ઢાળ.

જાગી જોતાં થયું આતમનું ભાનરે, જાગી જોતાં થયું
આતમનું ભાનરે

સુન સીખરથી આપે આવ્યો,
સોહંમનો પરમાણો લાવ્યો;
ષટ ચક્રનો ડાક બનાવ્યો,
ઓહં તાર હલકારો ચઢાવ્યો;
ખચીત વાત નિદાનરે. જાગી. ૧
સુન સીખરપર ઠાઠ મચાવ્યો,
સભા મંડળમા રાય સોહાવ્યો;

કોટી બ્રહ્માસું વેદ ભણાવ્યો,
કોટી સંભુ સું ધ્યાન ધરાવ્યો;
કોટીક નાચત કહાનરે. જાગી. ૨
કોટી સુર્યનો તાપ તપાવ્યો,
કોટી ગાંધર્વે તાન મેળાવ્યો;
કોટી કાળને આપે ડરાવ્યો,
કોટી જાપ અજંપા જપાવ્યો;
કોટીક સ્વયંભુ ભગવાનરે. જાગી. ૩
સેઠ ભુલી સેવક કહાવ્યો,
મુસાફરીનો ભાવ ચલાવ્યો;
માયા સંગ વેપાર મલાવ્યો,
આપ વસ્તુને આપે ભુલાવ્યો;
નગીન તું થા સાવધાનરે. જાગી. ૪

---

૩૯

રાહા ઉપરનો

ભજરામ કૃષ્ણ મેરા પ્યારાહે, નંદન નંદ દુલારારે. (બેવાર)
મથુરા ભીતર જન્મ લીયો હે, ધર્મકાજ અવતારારે. ભજ-૧
પાય પદમ શંખ ચક્ર મુકુટ ધર, કૃષ્ણજી પ્રાણ હમારારે. ભજ-૨

ગોકુળમે આણુંદ ભયો જ્યારે, અમૃત ધનકી ધારારે. ભજ-૩
મથુરામેં દાવાનળ પ્રગટયો, કંસ ધ્રુજે દીન સારારે. ભજ-૪
ભગ્તોકું આણુંદ ભયો હે, બાજત તાલ ચીકારારે. ભજ-૫
નંદ જસોદાકે મનોરથ પુરે, સબપર કરો નિઝારારે. ભજ-૬
બીંદરા બીનમેં રાસ રચ્યો હે, જમના ત્રટ કીનારારે. ભજ-૭
કહે નગીન મોરલીધર નટવર, તુમ કરો નિસ્તારારે. ભજ-૮

## અંગદ વિષ્ટી.

રંગત છોટી લાવણી.

રામ કહે ઉંચો કરી હાથ સુણો સૌ સાથ,
કોઇ જાયે સભામાં કરે વિષ્ટી લંક નાથ;
બતલાવો બળીયો વીર મહારણ ધીર,
જે ચતુર વિવેકી સમર્થ ગુણ ગંભીર,
મને ગમે ન લડવું બ્રહ્મ રાક્ષસ દશ શીર;
બ્રહ્મ હત્યા લાગશે બોલ્યા મુખ રઘુવીર.

## ચોપાઇ

વિભીક્ષણ મન બોલ્યા વિચારી,
બેઠા છે દશ કપી સરદારી;
રહ્યા છે સનમુખ જુઆ ધારી,
જાવા અંગદ દીસે અધિકારી.

## દોહરો.

ઝટ જોધો ઉભો થયો, કરી ગર્જના ઘોર;
આવી ચરણ નમ્યો રામને, અંગદવાળી કીસોર. ૧

## સોહલો.

પ્રભુ દો આજ્ઞા મુને આજ, મારૂં ચીત ઘણું ચમકે છે;
લાવું બાંધી રાવણરાજ, બહુ દમામ એનો દમકે છે.
ફડફડે વીસાન સૌ સાજ, અપસરા જ્યાં ઠમકે છે;
તોડું ત્રંબાળું અવાજ, ઢોલ ઘણા ઘણા ઢમકે છે.

## રંગતજીની.

રામ કહે છે મુજ અંગ અંગદ, ધરો ધીરજ મન માય;
કરો નહિ ક્રોધ નિહાળો ન્યાયજી;
સામ દામ પરપંચ દંડ, એ રાજનીતી કહેવાય;
દાનાથી દોષ નહી કહડાયજી.

## શેર.

બોલ્યો વાળી સુત સુણો, મારી અરજ ભગવાનજી;
સમજાવ્યો શું સઠ સમજે, કામ અંધ અજ્ઞાનજી.
કહ્યું ન માને એ મુરખ, મજો જો વાટ મસાણજી;
સીક્ષા દેવી દુષ્ટને, બોલે છે વેદ પુરાણજી.

રંગત સુન પ્યારે.

રામ–સુન પ્યારે, અંગદ બળીયા છો, જાણે સૌ સંસારે;
સુન પ્યારે, છ માસ સુધી રાવણને માર્યો મારે,
સુન પ્યારે, નહીં માને મમતી રાય પડસે કામ ત્યારે;
જઇ વિષ્ટી કરો મમ ભ્રાત ભીડાવી બાથ. કોઇ. ૧

ચોક ૨ જો.

અંગદ–અંગદ કહે શ્રીરામ, લાયક શું મુજને,
કરવા કાસદી કામ, ધીક મુજ ભુજને.
હું જઇસ સભાને ઠામ, નગરમા જુજને,
ચીરસે અસુરો ચામ, લાગીશું ત્રુજને,

ચોપાઇ.

રઘુવર કહે કપીરાય, થાય તેવા થવું આજ્ઞાય,
પેહેલી ન દેખાડવી પ્રભુતાય, કહેવી નીતીની વાત સુચાય.

દોહરો.

ચરણ વંદી રઘુનાથના, રામનામ જપંત,
કપી કુદયો બહુ બળ કરી, સોભે લંક અનંત.

## સોહલો.

કપી આવ્યો નગરને દ્વાર, દીસે કોટ સોનાનો મેરૂ;
બેઠા છે પાંચ પ્રતીહાર, કૈલાસવાસીનું ડહેરૂં.
બોલ્યા અસુર કરી પોકાર, તારૂં મોત આવ્યું સવેરૂં,
ગ્રહી પુંછને મારે માર થઇ એક એકના ભેરૂં.

## રંગત જુની.

કોપ કરીને કહે અસુરો કપી કયાંથી આવ્યો,
મોત તુજ હમો હાથે લાવ્યોજી.
નથી લાવ્યો મુજ મોત, પોત તુજ જોઇસ સમજાવ્યો,
નીકટ જઈ અસુરને ગભરાવ્યોજી.

## શેર.

ચોટ કીધી ચાતુરીથી પાંચેના શીર તોડીયા,
કરી રંગની રેલ જઇ બીજે દુવારે મોડીયા;
સાત દરવાજે થઇ પાંત્રીસના શીર જોડીયા,
અસુર દેખી ભય પામી દશ દીશામાં દોડીયા.

## રંગત સુન પ્યારે.

સુન પ્યારે, થયો હાહાકાર અતિ ભારે સોર લંકામેં;
સુન પ્યારે, દોડે રાક્ષસીઓ જેવા ઢોર લંકામેં,

,ન જ્યારે, કંઇ ગયા રોળાઇ કર્યું જોર લંકામેં.
ાઇ બચ્યા નહીં જે ચઢયા કપીને હાથ;
ાઇ જાયે સભામાં કરે વિદી લંકાનાથ.

## ચોક ૩ જો–રંગત છોટી.

થઇ ગયું રાવણને ભાન, લંકા નગરમાં;
મોકલ્યું દળ બળવાન, લંકા નગરમાં.
ઢાલ ઢમકે મચે ઘમસાન, લંકા નગરમાં;
લેઇ ચઢયા તીર કમાન, લંકા નગરમાં.

## ચોપાઈ.

અંગદ ચાલ્યો જાયે મહાસુર,
વહે જેવું સરીતાનું પુર;
દેખી દુસ્મન રહે સૌ દુર,
વળગ્યા તે થયા ચકચુર.

## દોહરો.

હાંક વાગી સૌ નગરમાં, ચઢયું રામનું સૈન;
એક કપીયે આવી કરી, દીધું લંકામાં દેન.

## સોહલો.

અગંદ આવ્યો સભાની માય, જ્યાં બેઠો રાવણ રાજા,

બોલે અસુર મુખ છલકાય, એને તોડી રાયની માઝા.
મન ગણે નહીં ગણુનાય, બેઠા છે મંત્રીઓ ઝાઝા;
પાંત્રીસ શીર કર માંહે, જોઇ અસુર મનમાં દાઝા.

## રંગતજીની.

નહીં આપ્યું આસન, બોલાવ્યો નહીં રાજ રીતે;
કરે વિચાર નીજ હીતેજી.
પુંચ્છાસન કરી ઉંચો હાથ એક, બેઠો સન્મુખ પ્રીતે;
રાવણ મન થયો ભયભીતેજી.

## શેર.

રાય મુખથી બોલાયો, તું કોણ છેરે વનચરા;
કોણ પીતા સ્વામી તાહરા, સબ્દ કહે તું પાંસરા.
આણ માની નહીં તે મારી, માર્યા છે બહું નિષચરા;
કાળનો મહાકાળ રાવણ, જો વીચારી તું જરા.

## રંગત સુન પ્યારે.

સુન પ્યારે, રઘુનંદન સાથે વેદ લીલા ધુન ગાજે,
સુન પ્યારે, લેઇયે બ્રહ્માનંદ લ્હાવ સુણો કહું રાજે;
સુન પ્યારે, સઠની સંગતથી ઓછું મળશે સુખ આજે,
હું રામ દુત છું સાંભળની દશમાથ;
કોઇ જાયે સભામાં કરે વીષ્ટી લંકનાથ.

## ચોક ૪–રંગત છોટી.

હું રામ દુત છું આવ્યો વિષ્ટી દેવાને,
આવ્યા છે દસરથ સુત સીતા લેવાને;
રામથી જઇ મજબુત અમર રહેવાને,
કરો પ્રીતી અતિ અદભુત આવ્યો કહેવાને.

### ચોપાઇ.

રાય હસી બોલ્યો મુખ ત્યારે,
વનચર તું મુરખ સરદારે;
સીતા પામસો કહું સુણો કયારે;
રાવણ રણે રોળાઇ જશે જયારે.

### દોહરો.

કપુત નીકળ્યો કુળમાં, નિપજ્યો આગ અંગાર,
રામ વેરી છે વાળીનો, તું કરે સેવા ધીક્કાર.

### સોહલો.

તુજ બળને છે ધીકકાર, દુસ્મનથી ગયો દબાઇ,
તારી માના એ ભરથાર, લજાવ્યો તુને રઘુરાઇ;
તું સમજે નહી ગમાર, રહે શરણ મારે કપીરાઇ,
આપું મોટો અધીકાર, લડો રામ શું રણમાં ધાઇ.

## રંગતજીની.

રામ રામ રટ મુઢ, ગુહ્ય છે, રામગતી ન્યારી,
સેવે શંકર જટા ધારીજી;
વેદન જાણે ભેદ, એવા છે રામ નિર્વિકારી,
જેહુની તું હરી લાવ્યો નારીજી.

### શેર.

કહે છે અંગદ સુણરે રાવણ, ઉત્પતિ તુજ કામની,
આપ બ્રાહ્મણ મા અસુરી મુકું પોક તારા નામની;
ચોરી કરી ચતુરા લાવ્યો, કરે વડાઈ ગામની,
સીતા આપે શરમ રહે, ન પચે રામની કામની.

### રંગત સુન પ્યારે.

સુન પ્યારે, મછરૂપ ધરી સંખાસુરને સંહાર્યો,
સુન પ્યારે હીરણા કશ્યપને હણ્યો પ્રહેલાદ ઉગાર્યો;
સુન પ્યારે ઘણાં ઘણાં માર્યા બળવાન હવે તુંને ધાર્યો,
રણમાં રોળાઇ ભળસે ભુમી સંઘાથ. કોઇ૦ ૪

### ચોક ૫-રંગત છોટી.

રાવણ—શું રહયો વખાણી રામ બોલ્યું કુળ બાધું,
જે ખોઇ બેઠા છે ગામ બની મુળ સાધું;
તારા રામનો નહી રહે ઠામ શીવ આરાધું,
નથી જોયા રાવણના કામ આવી તુજ લાધું.

## ચોપાઈ.

જ્યારે ઉઠસે મુજ કુંભ કર્ણ,
તે તો સર્વના આણસે મર્ણ;
નહી જોધો ઉભો રહે ધર્ણ,
કંપી દેવ રહે સો સર્ણ.

## દોહરો.

દીઠાં નહીં જેણે ડુંગરા, કાંકર કરે વખાણ;
સાગર જળ નિરખ્યાં વિના, કરે વખાણ નવાણ.

## સોહલો.

મારે શીવશંકર છે સહાય, તારા રામ થકી શું થાયે,
ત્રિભુવન રહ્યુ ડોલાય, કરે ચમર દેવનો રાયે.
બળી પુત્ર જે અતિ કાય, કાળના કાળને ખાયે,
નીત વેદ પઢે બ્રહ્માય, સૌ દેવ અગાડી ધાયે,

## રંગત જીની.

મેઘનાદ મુજ ધીરવીર, અમરાપુરી જીત્યો ઝટ,
ઇંદ્રને બાંધી લાવ્યો પ્રગટજી,
ચંદ્ર સુર્ય બે મસાલજી, યમરાજ ડરે ઘટઘટ,
પવન ભરે પાણી આવી નિકટજી.

શેર.

તરૂણી મારી તાડીકા, એ પ્રાક્રમ તારા રામનું,
બળહીણ એ અબળાને ઝીતી, એ તો છે બળ નામનું.
અસુર સુરા સુધે પુરા, કામ નહીં સામદામનું,
ફરે રખડતા વન વિશે, ઠેકાણું નહીં ઘર ગામનું.

રંગત સુન પ્યારે.

સુન પ્યારે બાવાના સંગમાં વસે બાવાના જેવા,
સુન પ્યારે હું રાવણુ જબરો જોધ આવ્યો સું કહેવા;
સુન પ્યારે તારો રામ જાસે જમધામ કરે સું સેવા.
તું ભાટ બનીને ગાઈ રહ્યો શું ગાથ,
કોઇ જાયે સભામાં કરે વિણી લંકનાથ.

ચોક ૬–રંગત બડી.

અંગદ–જે અલખ પુરૂષ ભગવાન, ઘટઘટ વ્યાપી,
આદ્ય નિરંજન પર્મબ્રહ્મ પ્રતાપી;
તરણાનો મેરૂ કરે કષ્ટ દે કાપી,
રામને સમજે મનુષ, અધમ મહા પાપી.

ચોપાઈ.

ત્રંબક તોડયું જનક પુરમાં જ્યારે,
તુને છોડયો ધરમ ધરી ત્યારે;
રામ લક્ષમણ નિર્મળ ન્યારે,
રૂષીયજ્ઞ નિર્ભયે થયો પ્યારે.

## દોહરો.

સુબા હુ સંહારીયો, મરીચી પોંહચ્યો સ્વધામ,
ખર દુષરને ત્રિસરા, અસુર હણ્યા શ્રી રામ;

## સોહલો.

કોપસે જયારે હનુમાન, અમુલ્ય લંકા લુટાશે,
મેઘનાદ ચાંચડ સમાન, ચપટી માંહે ચોળાસે;
નળ નીળ અતિ બળવાન, સાગરમાં શેહેર બોળાસે,
તું ભાઇ માહરો અજ્ઞાન, હું આવ્યો કહેવા હુલાસે.

## રંગતજીની.

કહે લંકપતી સુણરે વનચર, નહી કર મુખ અભિમાન,
સૃષ્ટિમા નહીં મુજ સમાનજી;
સુર વીરંચી વરૂણ વહન્ની, ગાય માહરા ગુણ ગાન,
જાજા તું શું લવે નાદાનજી.

## શેર.

અહી મહી છે મીત્ર મારા, કપી દળ દળસે સહી,
જીવવું હોયે જગ્તમાં તો, નાસજો બચસો નહી,
કનક લંકા કારમી ગઢ અજીત સુરા એ કહી,
દૈત દાવાનળ પ્રજવળસે કપીવન જાસે દહી.

## રંગત સુન પ્યારે

પ્યારે, શું રામ રાવણમાં ભેદ છે અંગદ રાજા,
પ્યારે, મુજ મંદીર પુષ્પ વૈમાન દેવના વાજા,
પ્યારે, રહી કીર્તિ વ્યાપી નમન કરે નર ઝાઝા,
ચાણો થઇને કરે દુર્બળનો સાથ;
જાયે સભામાં કરે વિષ્ટ લંક નાથ.

## ચોક ૭-રંગત ખડી.

.દ-લંપટ લોભી નિર્દય દુષ્ટ હરામી,
નહી તુજ સમાન અજ્ઞાન નર્કનો ગામી;
ધીક પડયો અવતાર મતિ મુઢ કામી,
રામને ભજે છે શીવશંકર તુજ સ્વામી.

## ચોપાઇ.

અહી મહી અતી બળવાન,
વાયુનંદન દેશે બળીદાન;
લંકા લુટશે વીર જાંબુવાન,
નીષચર ભટકસે રાનોરાન.

## દોહરો.

રામ અમુલખ રત્ન છે, રાવણ તું પાષાણ,
કાંહ દાતા કાંહ દરીદ્રી, કાંહ આગીયો કાહ ભાણ.

## સોહલો.

વૈમાનનું રાખે ગુમાન, એતો ચાર દીનની ચટકી,
સુર વાજીંત્ર રંગ તાન, તેતો સેહેજે જાસે સટકી.
રામ પરમ પુરૂષ ભગવાન, યુધમાં નાંખશે પટકી,
લક્ષમણનાં છુટસે બાણ, મેઘનાદની કરશે કટકી.

## રંગત જીની.

અપકીર્તિ તુજ છાઇ જગતમાં ચોર નામ બદનામ,
રામ જપ અહર્નિષ આઠો જામજી.
સહસ્ત્રાર્જુને દીપક જલાવ્યા દશ મસ્તકને ઠામ,
રહ્યા તું વાળી કાખને ધામજી,
રંગત સુન પ્યારે.
સુન પ્યારે શીર ભમે કાળ વિકાળ ન માને દુરીજન,
સુન પ્યારે એક રામ દુતના ડરે સુણ દશાનન;
સુન પ્યારે સસલાની સભામાં સીંહ હું તારા નંદન.
મારી કાયા અંદર રામ બળ અથાથ,
કોઈ જાયે સભામાં કરે વિષ્ટી લંકનાથ.

## ચોક ૮-રંગત ખડી.

ગોપુરપર ઝળકે ભાણ રાવણ બીરાજે,
કરી ગર્જના અતી ઘનઘોર સુણો સમાજે.

બાંધો ધીરજની ઢાલ અસુર કુળ લાજે,
મારો લંગુને માર મળી સૌ આજે.

### ચોપાઇ.

અંગદ કહે મમતાને મારો,
તજો હુંપદ મદ અહંકારો.
દયા રદય કમળમાં ધારો,
વ્યર્થ વ્યતિત કરો જનમારો.

### દોહરો

કાળ ખુટયો હશે જેહનો, તે આવે મુજ પાસ;
બળહીણુ બેઠા બાપડા, સીદ કરાવે નાશ.

### સોહલો.

હોય બળ મુજને દેખાડ, તું નહી તરણાને તોલે,
કૈલાસ નાખું ઉખાડ, શું ગર્વ કરીને બોલે;
બોલે જેવા ભવૈયા ભાંડ, શું નીશાની અંદર ડોલે,
જાસે હારીને ઉઠસે ધાડ, તું સુતો સીંહ ઢંઢોળે.

### રંગતજીની.

જો પગ રોપું સભાની અંદર રામ નામ પ્રતાપ,

ડગાવે જપું તેનો હું બાપજી;
રામ હારે ને રાવણ જીતે, કરી આપું હું છાપ,
જોજે તું રખેને ખાતો થાપજી.

શેર.

ઉઠયા મલ અહંકારમાં, બહુ મદ ભર્યા ખંખાર્તા,
ચરણે વળગ્યા ચંપી કરવા, થાકે પ્રભુ સંભાર્તા;
બહુ બળહીણ થઇ બાપડા ધીર વીરેને સંહાર્તા,
કોટાન કોટી હારીયા, મુખ ત્રાહે ત્રાહે પોકાર્તા.

રંગત સુન પ્યારે.

સુન પ્યારે, મલ મંત્રી યોદ્ધા સર્વે ગયા ત્યાં થાકી,
સુન પ્યારે, કહે રાવણ કરીને ક્રોધ બોલે બોલ છાકી;
સુન પ્યારે, પેહેરો કાંચળીયો બનો રાંડી રાંડ કાકી,
ફેરવી મુછપર હાથ તાલની સાથ,
કોઇ જાચે સભામાં કરે વિષ્ટી લંક નાથ.

ચોક ૯.

આસનથી ઉઠયો અસુરપતી અહંકારી,
મુછ મરડી કરડી કરી, ગર્જના ભારી.
બન્યા રક્ત નયન વિશાળ, રૂદ્ર રૂપ ધારી,
દેવ બન્યા ભયભીત, ગઇ સુધબુધ સારી.

## ચોપાઈ.

જામો ઝરકસનો બાંધ્યો તાણી,
દશ મુગટ સમાલે સહેલાણી.
ગયો અંગદ સન્મુખ સુર આણી,
સમયસુચક કપી બોલ્યો વાણી.

## દોહરો.

ચરણે વળગ્યો અસુરવર, વીચારે વાળી બાળ;
યુક્તી જો કાંઈ નહીં કરૂં, તો ફેરવે ગોફણ માળ.

## સોહલો.

દશાનન વળગ્યો ચર્ણ કહે હસીને અંગદ ફટફટ,
તારે માથે આવ્યું મર્ણ મુને પાયે લાગે સું નટખટ.
જઈ પોંહચ રામને સર્ણ, ટળે મૃત્યુ સુધની કટકટ.
તુજ બળને છે ધિક્કાર, કરે ચંપી નાસ્ય બને ઝટઝટ.

## રંગત જીની.

લંકપતિ ગયો ઝબકી, શબ્દરૂપી વાગ્યું કલેજે બાણ,
બન્યો દીગમુઢ મુર્તિ પાષાણજી;
તારા પુત્રે અવની ઉપર, મારી થાપ એક તાણ,
ડોલી ગયું સર્વે સભા મંડાણજી.

### શેર.

પડયા મુકુટ ચમકતામાં, ગગન મધે નાંખીયા.
રામ લક્ષમણ સુગ્રીવ હનુમાન, નળ નીળે તે દાખીયા,
નાઠો રાવણ જીવ લેઇને, અંગદના કર ચ ખીયા,
અસુરો અંગદને જોઇ, દશ દીશામાં નાસીયા

### સુનપ્યારે.

સુનપ્યારે લઈ સભામંડપને કપી કરે હુકાર,
સુનપ્યારે ભુજે રાક્ષસને દુરથી કરે પોકાર;
સુનપ્યારે રામ સમીપ જઈ ત્યાં કર્યા છે નમસ્કાર,
રંગ રાખ્યો રામ કહે વાહુ વાહુરે કપીનાથ.
કોઇ જાયે સભામાં કરે વિષ્ટી લંકનાથ

### ચોક ૧૦–રંગત ખડી

બોલે મધુર સ્વરથી રમાપતી શ્રીરંગ,
ઝરે નેત્રે નીર અખુટ શંકરી ગંગ;
છો પુરણ બળીયા અંગદ થયો હું દંગ,
મુજ વચન સુણો વીર ધરી રદય ઉમંગ.

### ચોપાઇ.

જયારે કરશો વિભીક્ષણ રાજ,
મુજ ભગતનાં હીતને કાજ;

મુકી આવો મંડપ જઇ આજ,
લંકાનું એ આભુષણ સાજ.

### દોહરો.

ચાલ્યો અંગદ ચોંપથી મુખ જપતો શ્રીરામ,
ગોઠવ્યું જઇ જુગતે કરી આસન સભાને ઠામ.

### સોહલો.

આવ્યો અંગદ શ્રીધરપાસ, મારી અરજ સુણો અવીનાસી,
અસુરનો કરવો નાસ, કહું સત શબ્દ પ્રકાસી.
વેસ્યાનો વિષયમાં વાસ, ન ગણે તિર્થવ્રત કાસી,
જીવે વર્ષ કોટી પંચાસ, જાનકી મળે નહીં હાંસી.

### રંગતજીની.

જેહનાં શીરપર મર્ણ ભમે તે ગુણ પોતાના ગાય,
સુઝે નહીં સત્ય ન્યાય અન્યાજી;
સો મણ સાબુ ઘસી ધુવે પણ કાગ હંસ ના થાય,
અરજ મુજ સુણો ત્રિભુન રાયજી.

### શેર.

જમ્બુ જંગ કીધા વિના સીતાનું મુખ નવ દેખસો,

હુકમ નહીં હજુરનો આવ્યો હું છોડી ટેક સો.
આજ્ઞા દો કૃપાળ થઇ પ્રભુ એક ઘડી નવ બેસસો,
સીતા લાવી ચર્ણ લાગું ઝટ વિભુ અહીં પેખસો;

સુનપ્યારે.

સુન પ્યારે કહે અવધ વિહારી કપી થાઓ સાવધાન,
સુન પ્યારે જાઓ નગરમાં લેઈ વૃક્ષ પાષાણ.
સુન પ્યારે કપી કુદયા રામનું નામ લેઈ બળવાન,
ગાય નગીન રામ ગુણ અંતકરણની સાથ;
કોઇ જાયે સભામાં કરે વિષ્ટી લંકનાથ.

---

૪૦

બટવા ગુંથન દેરે મીજાજરા—એ રાહ.

રાધા—
હાં મારગ જાવા દેરે ઓ કાહના મારગ જાવા દે,
આજ મારે જાવુંરે સૈયરની સાથે મારગ જાવા દે. ટેક.
હાં વાહલા લાગો છો છેલ છબીલા મોર મુગટ ગીરીધારી,
દર્શણ કરવા મારે જવું છે પીઠે આવે વૃજનારી. આજ ૧
હાં પરનારીનો પાલવ પકડયો લંપટ જો વિચારી,

કંસ રાજાને જાણ થશે તો વલે થશે શી તારી. આજ ૨

કૃષ્ણ—
હાં નેન કટારી નારી મારો છો હું છું સદા બ્રહ્મચારી,
ભોળા પુરૂષને ભોળવી નાંખો દીસો તમો ધુતારી. આજ ૩
હાં કંસ રાજા મારો જનમનો વેરી જે છે મોટો અધીકારી,
નામ સુણી મારૂં થરથર કંપે મનમાં જો વિચારી. આજ ૪

રાધા—
હાં એકલી જાણી રોકીને ઉભા હજી હું બાળકુંવારી,
ગરજ હોય મારી ગીરધારી તો પઠાવો માત તમારી. આજ ૫
હાં વેણી મારી શીદને તાણી કર્યો જુલમ મહા ભારી,
નંદ નંદન નઠોર બનીને, લાજ લુટો મોરારી. આજ ૬

કૃષ્ણ—
હાં તુજ રદયે મુજ મન ખેંચ્યું ભીખું ભાન દુલારી,
વેણી ખેંચ્યામાં વાંક શું વિનીતા ન્યાયની રીત છે ન્યારી આજ ૭
હું તો સદાયે તારો થાવા, ગરજી છું સુણ પ્યારી,
ભગ્તી તમારી ભામની ભોળી હું જાઉં હારી હારી. આજ ૮

રાધા—
હાં ચરણકમળ ચીત અહર્નિષ દેજો, નિરંજન નિર્વિકારી;
દાસી જાણીને દયા કરો પ્રભુ જાઉં તમોપર વારી. આજ ૯

ઉલટો તમારો મારગ વાહલા, ઉલટી વાત વીચારી,
ગુનો કોનો ને શીક્ષા કોને, નગીન જો બલીહારી.
આજ મારે જાવુંરે સૈયરની સાથે મારગ જાવા દે.

---

## ૪૧

### લાવણી.

સુન પ્યારે કાંઇ ન કર્યો વીચારે, ટેક.
બાળ અવસ્થા ગઇ રમતમાં તરૂણ તરૂણી ઝમકારે,
વૃધ થઇ ચીંતા વરી બેઠો દુખી મુવો સંસારે;
દુખ અપરંપારે, કાંઇ ન કર્યો વીચારે. ૧
અંગે ગળીયા માથે પળીયા, કટી વળી ખંખારે,
જ્ઞાન ગયું ને ભાન ગયું પણ રમા રામા ઉચારે;
ફટફટ ફીટકારે, કાંઇ ન કર્યો વીચારે. ૨
મુંડ મુંડાવી માળા ઘાલી, વેષ અતી વિસ્તારે,
પાંચ ચોરની સંગત નીષદીન, હર હર મુખ પોકારે;
ખાસે જમના મારે, કાંઇ ન કર્યો વીચારે. ૩
વારેવારે જીવવું મરવું, પસુ પંખી અવતારે,
કાળ શીરપર ગાજી રહ્યો છે, કરે શું હાંરે હાંરે;
ભર્યા રહે ભંડારે, કાંઇ ન કર્યો વિચારે. ૪

પરબ્રહ્મને પ્રીછે નહી ને, સ્મૃતિ શબ્દ ન ધારે,
આપા મુખી બની કરીને ભસ્મ લગાવે ભારે;
ભર્યો કામ વીકારે, કાંઇ ન કર્યો વીચારે. ૫
સગા સંબંધી સુખના સાથી દુખમા ન્યારે ન્યારે,
કહે નગીન મન નિર્મળ થઇને બની રહે બ્રહ્માકારે;
સતનામ આધારે, કાંઇ ન કર્યો વીચારે. ૬
સુન પ્યારે કાંઈ ન કર્યો વીચારે.

---

## ૪૨

### લાવણી—રંગત ખડી.

એક સરોવર માંહે નાહે અપ્સરા નારી;
કરે જળ ક્રીડા આનંદે વસ્ત્ર ઉતારી;
બની મદમાતી મસ્તાન ઉરાડે વારી,
આવ્યા વ્યાસ સુત સુકદેવ બાળ બ્રહ્મચારી.
જોઇ તરૂણ પુરૂષને લજ્યા ઉર નવ ધારી. એક૦ ૧
દ્રી કરજોડીને વિનવે પ્રેમની પ્યારી,
મુજ અબળા જાતીની અરજ લો સ્વિકારી;
તમો અલખ પુરૂષ ભગવાન નિર્વિકારી,
મનનાં સમાવો તાપ કષ્ટ દો નિવારી,
જન્મો જનમનાં પાપ નાંખો વિદારી. એક૦ ૨

જોઇ વ્યાસે વિચાર્યું મન નાર મત જારી,
ભોળવશે પુત સપુત ત્રીયાગત ન્યારી;
ઝટ ધસીને આવ્યા હાં હાં શબ્દ ઉચ્ચારી,
પ્રેમનીચે ઝટ પટ પટ પેહેર્યાં સંભારી.
પ્રભુ ક્ષમા કરો અપરાધ સદા આભારી; એક૦ ૩
સુણુ રંભા તારી જાત દીસે મંઝારી,
તમો ઠગણી જગતને ઠગો અરે ધુતારી,
તેં તરૂણ પુરૂષની લજ્યા નહીં વીચારી;
મુજ વૃધને જોઇ વસ્ત્ર સજ્યા પિંઢારી,
આ સૃષ્ટિ વીશે નિસ્તાર નાર વિકારી. એક૦ ૪
કહે નમન કરીને વિનતા પ્રભુ ઉપકારી,
સુક માયા રહી તને કરી શકે શું નારી;
ન જાણે મરદ કે મેરી લજ્યા વિસારી,
ધન મન ચાહે તે ગણે ભુપ ભીખારી,
તમો જ્ઞાની થઇને જ્ઞાન ગતી ગયા હારી. એક૦ ૫
સુક જન્મી જગતમાં ચઢી બેઠા અટારી,
તમો જોગ ભોગને જાણો કહું વિસ્તારી;
સઉ જાણો કપટને ભેદ તા'રી માહેરી.
નિર્મોહી ને મંન પારસ પથ્થર ભારી;
કહે નગીન તન મનથી જાઉં બલીહારી,
એક સરોવર માહે નાહે અપ્સરા નારી. ૬

४३

બદ્રીનારાયણનું ભજન.

## લાવણી.

જગન્નાથજી દર્શકે આયે, કેદારનાથ ગુણ ગાતે હે,
અબતો સન્મુખ બદ્રીનાથકું, ઘટકે ભીતર ચાહતે હે. ટેક.
નિર્બળ લોભી મોજી આળસુ, બદ્રી દર્શ નવ જાતે હે,
બદ્રી નારાયણ સેવે જો નર, ગર્ભવાસ ન આતે હે;
કભી વોહ આવે ઉદરી દરીદ્રી, કભી નહીં કહેલાતે હે.
બદ્રીકાશ્રમ ના જાવે વોહ જરૂર ખત્તા ખાતે હે;
ધર્મરાજકે મંદીર જાતે, આખરકુ પસ્તાતે હે. અબતો, ૧
હરદ્વાર હરી હરકી પેઢી, બ્રહ્મકુંડમે નાહતે હે,
સત્યનારાયણ રૂષી કેશસેં, લક્ષમણ ઝુલે જાતે હે;
વ્યાસ ઘાટ ઓર દેવ પ્રયાગ, બીલકેદાર સોહાતે હે,
શ્રીનગરસેં સીવાનંદી, કર્ણ પ્રયાગ દર્શાતે હે;
નંદપ્રયાગ ચમોલી ગોપેશ્વર રૂદ્રનાથ હીત લાતે હે. અબ. ૨
અલકનંદા રૂષી ગંગા, પરસકે મહા સુખ પાતે હે,
તપ્તકુંડમેં સ્નાન કરકર, નિશપાપ હો જાતે હે;
કેદારેશ્વર પુજન કરકે, હરી મંદીર દીખાતે હે,
ગરૂડજીકું સીસ નમાકે, મન મેરે મુસ્કાતે હે;
ચરણ કમળમેં સીસ નમાકે બદ્રબદ્રી ઉચરતેરે. અબ, ૩

આદ્ય અનાદિ પુર્ણ બ્રહ્મ સચરાચરમે દર્શાતા હે,
સેષ મહેશ રટે મુખ અહર્નિષ, હમ ઉનકો શીશ નમાતા હે;
તત્વ ત્રિભુવન નર નારાયણ, પ્રભુજી મંગળ દાતા હે,
નગીન રાજારામકી સ્તુતિ, માહ પંથ મન ભાતા હે;
સકળ સૃષ્ટીકા આપ હો તારણ, બદ્રીનારાયણ જ્ઞાતાહે;
અબતો સનમુખ બદ્રીનાથકું ઘટકે ભીતર ચાહતે હે. ૪

---

૪૪

## ભજન

મોહે સતગુરૂ મોરના બાણ—એ રાહ.

કરતું આતમ તત્વ વીચાર શરીર તારૂં શોધીને,
જ્યાં વસે છે સર્જન હાર, શરીર તારૂં શોધીને. ટેક૦
સ્વર્ગ મૃત્યુ પાતાળ છે, જો શોધીને,
જ્યાં મોક્ષ તણા છે દ્વાર, શરીર તારૂં શોધીને. ૧
દશ ઈંદ્રીઓ દમી રહી જો શોધીને,
તજ કામ ક્રોધ અહંકાર, શરીર તારૂં શોધીને. ૨
ત્રિગુણ તજ વીવેકથી જો શોધીને,
છોડ પંચ કોષ વિકાર, શરીર તારૂં શોધીને. ૩
હાડ ચામનું પુતળું જો શોધીને,
જ્યાં દીસે નરકનાં દ્વાર, શરીર તારૂં શોધીને. ૪

અજર અમ્મર છે આત્મા, જો શોધીને,
જેને છેદે નહીં હથીયાર, શરીર તારૂં શોધીને. ૫
પાણીથી પલવે નહીં, જો શોધીને,
નહી બાળી શકે અંગાર, શરીર તારૂં શોધીને. ૬
વાયુથી શોષાય નહીં જો શોધીને,
નગીન નીત્ય જે રહેનાર, શરીર તારૂં શોધીને. ૭
કરતું આતમ તત્વ વીચાર શરીર તારૂં શોધીને,

---

૪૫

રાગ ઉપરની.

જો તું આહંમ સોહંમનો જાપ, મન તારૂં સુધ કરીને,
સતગુરૂજી કેરે પ્રતાપ, ધોવાય મંન સુધ કરીને.
ગગન મંડળ ઘર તાહેરૂં, જો સોધીને,
જ્યાં નહીં પુન્ય નહીં પાપ, શરીર તારૂં સોધીને. જો. ૧
ગગન મંડળ ગરજી રહ્યું જો સોધીને,
તે માર્ગનો ચીલો માપ, શરીર તારૂં સોધીને જો. ૨
બંકનાળને આસરે જો સોધીને,
ટળસે ચતુરવિધ પાપ શરીર તારૂં સોધીને. જો. ૩
બ્રહ્મા વિષ્ણુ શીવ છે જો સોધીને,
ત્રણેની સમજતું છાપ, શરીર તારૂં સોધીને. જો. ૪

જાપ અજંપા જપી રહ્યા જો સોધીને,
કર સુતાંનો મીલાપ, શરીર તારૂં સોધીને. જો. ૫
પંચ પ્રાણ વસે કારમાં જો સોધીને,
સમસે ત્રિવિધના તાપ, શરીર તારૂં સોધીને. જો. ૬
અલખ નિરંજન આત્મા, જો સોધીને,
કહે નગીન કરીરે અલાપ, શરીર તારૂં સોધીને. જો. ૭
જો તું ઓહંમ સોહંમનો જાપ, સરીર તારૂં સોધીને.

---

૪૬

## મહાદેવ પાર્વતીને કહે છે.

જોગીંદ્રપણું શીવજી તમારૂં મેં જાણ્યું—એ રાહ.

હમને જોગીંદ્ર જન્મના જાણો.
પાર્વતી નવ જાણો મારા પ્રમાણો. ટેક.
સાંભળની વાત જરી હીમાલયની છોરી,
તાહરાથી વધારે નથી ગંગા ગોરી ગોરી. હમને. ૧
ભાગીરથ કારણ માથે એ સાહી,
હું લાવ્યો ગંગા જેહની પીળી સાડી. હમને. ૨
નથી મારે ચોરી નવ કરો શીરજોરી,
હળી મળી વાતો કરો મીઠી થોરી થોરી. હમને. ૩

ભોળો ભેળો કહી મને વિશ્વ વખાણે,
મર્મની વાતો ભક્તો મારા જાણે. હમને. ૪
આદ્ય અંતને મધ્યમાં જોગી,
ભક્તને કારણ બનું છું હું ભોગી. હમને. ૫
વનમાં જઇ નારી હમે તપ કરીયે,
નારીનો સ્નેહ રદય્ નવ ધરીયે. હમને. ૬
આંક ભાંગ ધંતુરો ઘુંટો,
જન્મ જન્મના બંધથી છુટો. હમને. ૭
ભક્ત ગાય રસે નાચે કુદે હસે,
નગીનનો નાથ તે તો સૌને મન વસે. હમને. ૮

---

૪૭

રાગ ઉપરનો.

દુખીયા દુખીયા શું કરો ભાઇ,
જે દીઠા તે દુખીયા સવાઈ. દુખીયા. ટેક.
જોગી દુખીયા ભોગી દુખીયા,
રોગી દુખીયા નિરોગી દુખીયા. દુખીયા. ૧
રાજા દુખીયા પ્રજા દુખીયા,
જન્મ જન્મના દીઠા દુખીયા. દુખીયા. ૨
કોઇ તન દુખીયા કોઇ મન દુખીયા,

અણજીત દીઠા ધનના દુખીયા. દુખીયા. ૩
દેવજ દુખીયા દૈતજ દુખીયા,
સૃષ્ટિ વિસે સૌ દુખીયા. દુખીયા. ૪
બ્રહ્મા વિષ્ણુ રૂદ્રજ દુખીયા,
સેષ સારદને નારદ દુખીયા. દુખીયા. ૫
સમજ વિનાના સર્વે દુખીયા,
કહે નગીન સંતોષી સુખીયા. દુખીયા. ૬

## રંગત-લંગડી.

દુશ્મન મુજે કહે દીવાના જાકી અકલ ચકરાણી હે,
મેં હું દાના, ઓર દુસ્મનોકી બાની દીવાની હે;
મેં હું દાના. (૨) ૧
દગળબાજ કહેતે દુનિયામેં, પંચ ઉપકાર બહુત ભારી હે,
મેં કહેતા હું. પંચ પ્રપંચસે કભી ન ન્યારી હે. ૨
મેં કહેતા હું.
મુરખ કહેતે દુનીયામેં સગા સહોદર ભારી હે,
મેં કહેતા હું, સબીયે સ્પપ્ન ઠાઠ અસ્વારી હે;
મેં કહેતા હું. ૩
આંખકે અંધે કાનકે બેહેરે શેઠ જો અમલદારી હે,
મેં કહેતા હું, અમલદારીના એજલ્લાદકારી હે,
મેં કહેતા હું. ૪

મત સતાવો જાલીમ મુજકો દેખી તુમારી નાદાની;
મેં હું દાના ઔર દુશ્મનોકી બાની દીવાની.          ૫

---

## ૪૮

ઘર વંઠે તેનું કર્મજ વંઠે, કર્મ વઠે કુકર્મ કરે,
છતે ધણીયે, ધણી વિનાની કુંભારજા ફરતી ફરે,
છતે ધણીયે.          ૧
પારસ જેવો પતિ પરહરી, પથ્થર યાર પાસે વિચરે,
સંખણીઓજે, કલેશ કંકાશ કરીને પેટ ભરે,
સંખણીયો જે.          ૨
પતિ પત્નિમાં પ્રેમ નહીં તો, પુત્ર પુત્રી કેમ અવતરે,
વેસ્યાઓને, વત્સ વાહલાં નહી પતિને ખાવા ઝેર ધરે,
વેસ્યાઓને.          ૩
નાતી નારી સદા સુભાગી અભાગીયા વંઝા ઉચરે,
પાપણીયો, પસ્તાયે જયારે દુખ દાવાનળ ઝર્ણું ઝરે,
પાપણીયો.
અગમવાણી જુવો વીચારી, સમજ સમજ ઓ અભિમાની,
મેં હું દાના.          ૪

---

૪૯

ગોળ ગમે નહીં ગધેડાને ઠીકરાં ખાઇ આનંદ કરે,
ચોખાઓને, ચ્હાય નહીં ને કુસ્કાં ખાઇને પેટ ભરે;
ચોખાઓને. ૧
પતિવૃતાનો પ્રેમ નાં જાણે, પતિને પાપી કહીને ઠરે,
લોક લાજને, કુલ્ટા ગણે નહીં, મદમાતી મસ્તાન ફરે,
લોક લાજને. ૨
ચાર ન રાખે પતિ ન સાંખે, દુનીયા આ ફીટકાર કરે,
અગ્નિને, પાણીની મધ્યે તંબાકુ જેમ ચરચરે;
અગ્નિને. ૩
મળે અભાગી નાથ નારીને, રંજડે રણ રહી અરે,
શેઠીયા થઇને, કરે મદાંધી બાળ બચ્ચાં વણ કામ મરે;
શેઠીયા થઇને, ૪
કુટુંબીમાં કેર કરે બહુ, ઘર બાળવાની નીસાની,
મેં હું દાના. ૫

---

૫૦

કુમાડીયાનો વિસ્તાર આજો, વડને કહે કંઇ જાઓ પરે,
ચાર માસની, મુદત આપો પછી ન રહું હું પળ ભરે,
ચાર માસની. ૧

લોક પરલોકનું હીત ગુમાવી, અલ્પ જીવડા બુડી મરે,
ગયું ચોમાસું, મરવા લાગ્યા કુમાડીયા સ્વર્ગે સંચરે,
ગયું ચોમાસું. ૨
વડ કહે છે સંભાળી લેજો બીજે ગામ હમો વસીયે ખરે,
મરતાં મરતાં, કહે કુમાડીયા હમો જઇયે તમે રહો અરે,
મરતાં મરતાં, ૩
દરીદ્રીને ધન ગમે નહીં, ધુળ માથાની માંહી ભરે,
એકોતેર પેહેડીને લજાવે એકે કારજ નવ સરે,
એકોતેર.
નગીન કહે સેઠ સુણો સ્વાર્થિ કેમ કરો આંખો કાંણી,
મે હું દાના, ઓર દુશ્મનો કીબાની દીવાની.

---

૫૧

કવ્વાલી.

કહે બ્રહ્મચારી પોકારી, હમારે સેઠ જોઇયે છે,
જ્ઞાતીનું હીત વિચારી, સતવાદી શેઠ જોઇયે છે, ટેક.
દયાળું યુધિષ્ટર દેવા, પર્માર્થિ વિક્રમ તેવા,
ન્યાયી પ્રેહેલાદજી જેવા, હમારે શેઠ જોઇયે છે. કહે. ૧
જ્ઞાની સુકદેવ બ્રહ્મચારી, વ્યાસજી વેદ ઉચ્ચારી;
ધર્મની ઢાલ શાહેંભારી, એવો હવે શેઠ જોઇયે છે. કહે. ૨

સગાળસા શેઠ વૃત ધારી, તેજસ્વી અર્જુન હીતકારી,
ભગવદ ગિતા જ્યાં વિસ્તારી, શીયળ વ્રત શેઠ જોઇયે છે.
કહે ૩

પડી છે ફાટપુટની લુટ, જ્ઞાન અજ્ઞાનની માથાકુટ;
બાંધી લે સૌને એકે ખુંટ, બળીયો શેઠ જોઇયે છે. કહે. ૪

વાંણી અગમ ઉચ્ચારી, નમન કરી કહે બ્રહ્મચારી,
સાંભળ જો નર ને નારી, ગુણીયલ શેઠ જોઇયે છે. કહે. ૫

---

## પર

કોઇ પ્રેમી અંસ અવતરે.

નાતમાં સતીયા સેઠ થઇ ફરે,
બાળગોપાળના દુખડાં હરે. ટેક.

અવિદ્યાનો નાસ કરવાને, ઢાલ ધીરજની ધરે,
બાળકોને બોધ સુબોધી, પર્માનંદમાં ફરે. નાત. ૧

પ્રેમદાઓને પતિવ્રતાનો, ધર્મ વિદિત કરે ખરે;
પ્રેમ પારસની જાળ ફેલાવે, આનંદનો ઘન ઝરે. નાત. ૨

તરૂણ પુરૂષને તેજ બનાવે, દુષ્ટોથી નવ ડરે;
એક કુટુંબી થઇને મ્હાલે, બ્રહ્મવિદ્યાને વરે. નાત. ૩

દયા દાનને દીનતા ત્રણે, દશે દિશા વિચરે;
કર્મ અર્થને કામ પુર્ણ કરી, મુક્ત માર્ગે સંચરે. નાત. ૪
સમાન સત્રુ મીત્રને જાણે પર્માર્થમાં ઠરે,
કહે બ્રહ્મચારી બ્રહ્મપુરીમાં સતીયા સેઠ પરવરે;
નાતમાં સતીયા સેઠ થઇ ફરે,
બાળ ગોપાળના દુખડાં હરે. નાત. ૫

---

## ૫૩

### રાડ ઉપરનો.

નાતમાં મોટા શેડ થઈ ફરે, પેટ પ્રપંચ કરીને ભરે-ટેક.
કર્મ વિરૂધ વચન બહુ બોલે, દોષ થકી નવ ડરે,
કલ્પિત કર્મ કરે કરાવે, કપટ જાળ પાથરે. નાતમાં. ૧
તન મન ધન ગરીબના હર્વા, સુરા થઇને ફરે;
ન્યાય અન્યાયનો ભેદ ન જાણે, પક્ષા પક્ષી કરે. નાતમાં. ૨
પર્માર્થનો પંથ તજીને, મમત તાણીને મરે,
નિર્દોષીને દંડી નાંખે, હાય અર ઓઅરે. નાતમાં. ૩
કક્ષાને જે કુટી મારે, ઉલટ સુલટ ઉચરે;
મામા માશીની કરવા સારૂ શેડ થઇ અવતરે. નાતમાં. ૪

કર્તાનો ભય લેષ ગણે નહીં, અવિદ્યા વહુને વરે,
કહે બ્રહ્મચારી કુંભી પાકમાં, કપટી શેઠ પરવરે;
નાતમાં મોટા શેઠ થઇ ફરે, પેટ પ્રપંચે કરીને ભરે.

---

## ૫૪

આંખ વિના અંધારૂંરે—એ રાગ.

આંખ છતાં અંધારૂંરે, (બેવાર)
પટેલીયાને આંખ છતાં અંધારૂં. ટેક.
સૌને દીસે અજવાળું, ઘુવડને કાળું કાળું;
દેખે નહીં સારૂં નઠારૂંરે. પટેલીયાને ૧
ઝાંઝવાનું જળ લેવું, અમરને તજી દેવું;
મીઠડું દુધ ખારૂં ખારૂંરે. પટેલીયાને ૨
દેખે નહીં દેવ દેવી, માને વિછોડી દેવી;
સપુત સુત વારૂ વારૂંરે. પટેલીયાને ૩
ધર્મને અધર્મ જાણે, અધર્મને ધર્મ માને;
ધીઃક ધીઃક જીવતર તારૂંરે. પટેલીયાને ૪
સ્વાર્થ ને સગાઇ માંહી, મદાંધ ન્યાય દેખે નહીં;
નગીને મન નિરધાર્યુંરે,
પટેલીયાને આંખ છતાં અંધારૂંરે.

---

## ૫૫

### કટાવ છંદ

કામની કંથ ન જાય વિછોડી,
હળી મળી રહે સારસ જોડી;
પીયુ પીયુ જપે દોડી દોડી,
એવી નાર સતીની જોડી. ૧
પતિને પરમેશ્વર કરી જાણે,
નીચ મમતા મનમાં નવ તાણે;
પીયુ પારસ અવર જન કોડી,
એવી નાર સતીની જોડી. ૨
સાસુ સસરો જેઠ જેઠાણી,
સમાન માને દીયર દેરાણી;
સૌને પોરાઢી જાયે પોઢી,
એવી નાર સતીની જોડી. ૩
સુખ સૈયાથી જાગે સ્વામી,
એઉ કરજોડી કહે સીરનામી;
રાત રહી છે થોડી થોડી,
એવી નાર સતીની જોડી. ૪
જાર આજરામા રહે રાજી,
મેહેલ પરાયામા નારાજી;

મંગળ ગાય ગાય રાગ ગોડી,
એવી નાર સતીની જોડી. ૫
લંપટ લોભી હોય હરામી,
કોઢી કપટી દંભી કામી;
નગીન કહે નવ જાયે છોડી,
એવી નાર સતીની જોડી. ૬

---

૫૬

અક્કલ હિણો કરે પટલાઇ,
દયા ધર્મથી જાય બદલાઇ;
ઘરમાં ઢોંગ ઢીંગાણું ચોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧
આપ છિદ્રને રાખે ઢાંકી,
મુછ મરડી ફરે છાકી છાકી;
પગે પહેરવા મળે ન જોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૨
ફરે હરાયો માહજન ગોધો,
કરે શાંડવાઓને ઓધો;
ખાંધે બદનને અંગે બોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૩

ઇનસાફીના જાણે જણીયા,
જેના બાપદાદા નવ ભણીયા;
તેહનો કુંવર સવાયો દોહડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૪

મુળ ધર્મને ખોઇ બેઠા,
પુર્વજોને નાંખ્યાં હેઠા;
વિના સમજનો ફુટે અથોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૫

હું પટેલ પટલાઇ કરનારો,
બીકણને દાબી દેનારો;
માથે કરજ ને ઘરમા ઘોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૬

ગરીબને ઝટ નાંખે દંડી,
ચારો ચરવા જાયે મંડી;
બૈરીના પગમાં નહીં તોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૭

સવા પોહોર ચઢી જાયે દહાડો,
પથારીમા આળોટે પાડો;
રાત જાગે ને ઉઠે મોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૮

ચાડી ચુગલીમા બહુ રાજી,
પટેલ બનવા કરે પતરાજી;
પટેલાઇ કરવાના કોહડો;
એ પટેલ પરજાપતનો ઘોડો. ૯

પંડે આપ બનીને બેઠો,
હું પટેલ છુ સૌથી જેઠો;
તુટી જાય ન ખસે મંકોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧૦

પરધનપર સુખના બહુ રસીયા,
સજ્જનોને સહેજે ડસીયા;
મારા હાથમા નાત અછોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧૧

જમણુ જમવામાં બહુ સુરો;
ખાવો ઓછવ પુરેપુરો;
ત્રીસની પૂંજી એંસી અંકોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧૨

પટેલ નહીં ને કરે પટલાઇ.
ધન નહીં ને કરે છેલાઇ;
જેના પેટમા મોટો મરોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧૩

વિષૈ લંપટી હરામજાદો,
ગ્રહસ્થ અને દાદાનો દાદો;
હાથે લાકડી ચાલે ખોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧૪

મળે માથાનો વીરલો જ્યારે,
દરમાં પેસી જાયે ત્યારે;
વાઘ આવ્યો છે ભાઇયો દોડો,
એ પટેલ પરજા પતનો ઘોડો. ૧૫

કાયદાને વાયદા બહુ કીધા,
અન્યાયના ડુંગર સીર લીધા;
હાર જીતની માંડે હોડો,
એ પટેલ પરજા પતનો ઘોડો. ૧૬

રીઝે તેને રાખે રાજી,
દુખી કરે થાયે નારાજી;
સાધુની સાથે નહી સોડો,
એ પટેલ પરજા પતનો ઘોડો. ૧૭

પંગતમાં ઉભો રહી બબડે,
ગુદા વિનાનો ગોળો ગબડે;
જમવા બેઠા પૈસા છોડો,
એ પટેલ પરજા પતનો ઘોડો. ૧૮

નહીં હોય તો લાવો ઉછીના,
ના મળે તો વેચો જરીના;
ચાહે તમારૂં માથું ફોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૧૯
ચોરે બેસી મારે તડાકા,
ચાર દીવસના હોય કડાકા;
અમીરીમા નહીં મારો જોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૨૦
બાળ બચ્ચાંઓ ભુખે ટળવળે,
કરે પટેલાઇ રસ્તે અવળે;
હાય ગરીબની લાખ કરોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૨૧
ગણે ગોરને ગુલામ જેવો,
બરફી પેંડાને જમાડે મેવો;
સેહજ સેહજ કરે દોડા દોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૨૨
રંગ રંગીલો બન્યો છે ઘોડો,
સોધે મળે નહીં જેનો જોડો;
નગીન કહે જે મારે ગપોડો,
એ પટેલ પરજાપતનો ઘોડો. ૨૩

૫૭

## બારમાસી

હમકું છાંડ ચલે બન માહુ—એ રાહ.

જગનાથ જગદીસ જનાર્દન, જુગ જુગ પ્રગટ ભયે હરીરે,
મત્સ રૂપ ધર્યું હીતકારી, નિરંજન નિર્વિકારીરે, ટેક૦
પ્રથમ દુખ બ્રહ્માનું ભાંગી, વેદની રક્ષા કરી કરીરે. જ. ૧
સાગર મથાંયો કચ્છપરૂપે, મોહનીરૂપ મોરારીરે,
અમૃતપાન કરાવી હરી હર, દેવની રક્ષા કરી કરીરે. જ. ૨
વ્યાહારારૂપે બ્રહ્મા પીતાસું, વાણી મુખે ઉચારીરે,
દીન દયાળુ દામોદર માધવ, પૃથવી રક્ષા કરી કરીરે. જ. ૩
પુર્ણ બ્રહ્મ સચરાચર વ્યાપી, સ્થંભ વસ્યા ગીરીધારીરે,
નૃસીંહરૂપ ધરી અવીનાસી, પ્રહેલાદ રક્ષા કરી કરીરે. જ. ૪
વામનરૂપ ધર્યું મારે વાહલે, બળીના બન્યા પ્રતિહારીરે,
ત્રિપદમાં ત્રિભુવન સમાવી, ઇંદ્રની રક્ષા કરી કરીરે. જ. ૫
ફરસરામ ભયે બાવન વીરા, કુંકણુ વાસી ફરસી ધારીરે,
પીતાજીની આજ્ઞા પાળી, વીપ્રોની રક્ષા કરી કરીરે. જ. ૬
દશરથ નંદન રામચંદ્રજી, અહલ્યા સલ્યા ઉદ્ધારીરે;
રામ લીલા ઉચારી વાલમીક, વાણીની રક્ષા કરી કરીરે. જ. ૭
કૃષ્ણુ સ્વરૂપે ગોકુળ વસીયા, મોર મુકુટ બંસી ધારીરે;
કારાગ્રહથી માત તાત છોડાવી, પાંડવ રક્ષા કરી કરીરે. જ. ૮

બુધ સ્વરૂપે જગનનાથજી, ઉડીસા મઠ ધારીરે;
ઈંદ્રધુમ્ન પોતાનો જાણી, ભગ્તની રક્ષા કરી કરીરે. જ. ૯
કલંકીનાથ પ્રગટ થઈને, નિષકલંકી કરસો ભુ સારીરે;
ભગ્ત જનોના કષ્ટ નિવારી, ધર્મની રક્ષા કરી કરીરે. જ. ૧૦
ધ્રુવ અમરીખ વિભીક્ષણ જટાયુ, દસરથ કૌસલ્યા તારીરે;
હરીશ્ચંદ અયોધ્યા હનુમંત, ઓધવ રક્ષા કરી કરીરે. જ. ૧૧
સુધનવા સુદામાં અક્રુર, નરસીંહ મેહતો ભગ્ત ભારીરે;
કબીર કમાલ વિદુર મોરધ્વજ, ગજ ગ્રાહ રક્ષા કરી કરીરે. જ. ૧૨
ધના ભગત રોહીદાસ નામદેવ, સેન ભગત ઉપકારીરે;
અજામેલ જે માહ પાતકી, ચંદ્રહાસ રક્ષા કરી કરીરે. જ. ૧૩
મીરાંચંદ્ર સખી મામીકી ગુણકા, સવરી કરમાંબાઈ નારીરે,
કુબજાનું ચંદન સ્વિકારી, દ્રૌપદી રક્ષા કરી કરીરે. જ. ૧૪
ગોરખ ઓધવ માધવ મલુકદાસ, તાનસેન વાણી વિહારીરે,
ધરમદાશ તુળસીદાસ નાનક, પક્ષીની રક્ષા કરી કરીરે જ. ૧૫
બળી કર્ણપીયા તુકારામ, આખા વાણી વિસ્તારીરે,
નીર્મળદાસની લજ્યા રાખી, અગ્નીથી રક્ષા કરી કરીરે. ૧૬
અનેક ભગ્તની રક્ષા કીધી, કથે નગીન નિરધારીરે,
યમપુરીનો ભય મટાડો, દાસની રક્ષા કરી કરીરે,
જગન્નાથ જગદીસ જનાર્દન, જુગજુગ પ્રગટ ભયે હરીરે. ૧૭

## ૫૮

### જગન્નાષ્ટક.

### હરીગીત છંદ.

આદ્ય ઇશ જગદીશ સુરવર સેવે બ્રહ્મ મહેશ્વરં,
કૌસ્તુભ માળ વિશાળ લોચન વાહનં ખગેશ્વરં;
પીત પીતાંબર સંખચક્રં ગદાપદ્મ સુરેશ્વરં,
શ્રી નીલ માધવપુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૧

ઇંદ્રચંદ્ર કુબેર દીનમણી ધરત ધ્યાન યોગેશ્વરં,
અખીલ બ્રહ્મ સચરાચર વ્યાપી, નિરંજન જગદીશ્વરં,
રિદ્ધીસીદ્ધી ભુક્તિમુક્તિ અનાથ નાથ વિશ્વેશ્વરં,
શ્રી નિલ માધવપુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૨

રોહીણી ઇંદ્રદ્યુમ ચંદન શ્વેતગંગ તિર્થેશ્વરં,
કોટી સુર મુની વદત સ્તુતિ કમળનયન ભુવનેશ્વરં;
બળરામ દક્ષણ બાંહે સાજે સહસ્ત્ર મુખ નાગેશ્વરં,
શ્રી નિલ માધવપુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૩

મહોદધિ સાગરવિલાસી રાસલીલા અદભુતં,
સારદ નારદ સેષ વિભીક્ષણ હનુમંત રામંદુતં;
ઇંદ્ર દ્યુન્મ પુજીત પ્રભુજી ભ્રાત ભગિન શ્રીયુતં,
શ્રી નિલ માધવ પુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૪

જ્યોતીરૂપ જગતનિયંતા દીવ્ય પુષ્પે સુપુજીતં,
ધુપ દીપ નૈવેદ ગ્રહીતં જળ કુંભ કંચન ભુષીતં;
હીરા મસ્તક કંઠમાળા મુક્તા ફળ ઉર સોભીતં,
શ્રી નિલ માધવ પુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૫
મત્સ કછ નરસીંહ વ્યાહારા વામન રૂપ ધારીતં,
રામ પરસુરામ કૃષ્ણ જગન્નાથ પ્રકાસીતં;
મુકુટ કુડળ ઝળ હળે લક્ષમી પતિ વિરાજીંત,
શ્રી નિલ માધવ પુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૬
વસિષ્ટ વિશ્વામીત્ર રૂષીવર વૈદનાથ સદા સીવં,
સ્તુતિ નિષદીન વ્યાસ વદતે જય જય જય જીવન જીવં;
ધ્રુવ પ્રહેલાદ ઉધવ ઉધાર્યા લંકા પતિ દસ ગ્રીવં,
શ્રી નિલ માધવ પુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૭
અધમ ઉધારણ જગત તારણ જર્ણમર્ણ વિનાસનં,
અનાથનાથ વસુદેવ નંદન કમળાકાન્ત પ્રણવાસનં;
પ્રાતકાળે દારૂમુર્તિ મધ્યાને સન્મુખ ભાસનં,
શ્રી નિલ માધવપુર નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૮
ભગત નિષદીન પઠત સ્તુતિ તાપી તિર્થ નિવાસીતં,
નગીન રાજારામ સુત જગન્નાથ અષ્ટક ભાષીતં;
કૃપા કરો કૃપા નિધી દોદર્સ જગદીસ સંનિધં,
શ્રી નિલ માધવ પુરી નિવાસી જગન્નાથ પરમેશ્વરં. ૯

૫૯

"બદ્રીનારાયણાષ્ટક"

## હરીગીત છંદ.

અખંડા નંદ બદ્રીનાથ સ્વામી હીમ સીખર નિવાસીતં,
અલક નંદા વહુત સીતળ તપ્ત કુંડ પ્રકાસીતં;
કેદારેશ્વર શીવ વિરાજે મંદ પવન મંદ સીતં,
બદ્રીનારાયણ બ્રહ્મ પરાયણ ત્રિભુવન પતિ વિશ્વેશ્વરં. ૧
બ્રહ્મ કપાળ પીત્રુ ઉધારણ, વસુધાર નરેશ્વરં,
બદ્રીપુરી વૈકુંઠપુરી સમ સેવે બ્રહ્મા મહેશ્વરં;
સુવર્ણ શીખરે ઝગ મગે આદ્ય પુરૂષ પરમેશ્વરં,
બદ્રીનારાયણ બ્રહ્મ પરાયણ ત્રિભુવનપતી વિસ્વેશ્વરં. ૨
પ્રહેલાદ વિષ્ણું કુર્મ ધારા રૂષીગંગા નિર્મળ,
સુર્ય ગૌરીકુંડ નારદ અઘનિ વારે નિશ્ચલં;
કામી ક્રોધી લંપટ લોભી તારે ભક્તો નિર્મળં,
બદ્રીનારાયણ બ્રહ્મ પરાયણ ત્રિભુવનપતિ વિસ્વેશ્વરં, ૩
પતિત પાવન અધમ ઉધારણ ત્રિવિધ તાપ નિવાર્ણં;
સુર સનકાદિક જય જય કરતે ભવ દુખ ભંજન કારણં,
ઉધવ હનુમંત ગરૂડ ઘંટાકર્ણ લક્ષ્મી પતિ ઉરધારણં,
બદ્રીનારાયણ બ્રહ્મ પરાયણ ત્રિભુવન પતિ વિસ્વેશ્વરં. ૪

ચતુર્ભુજ ઘનસ્યામ મુર્તિ સંખ ચક્ર કર સોભીતં,
ગદા પદ્મ મક્રાકૃત કુંડળ મુખ કમળ મન લોભીતં.
દુષ્ટ વિદારણ મુકુટ ધારણ બહિર મુખ ઉર શોભીતં,
બદ્રીનારાયણ બ્રહ્મ પરાયણ ત્રિભુવન પતિ વિસ્વેશ્વરં. ૫
ઇંદ્ર ચંદ્ર સેષ સારદ ગણેશ નારદ પુજીતં,
દીવ્ય પુષ્પ કંઠ માળા કેસર કસ્તુરી અર્ચિતં;
બાળભોગ પ્રાતઃકાળે મધ્યાને મહા ભોગ અર્પિતં,
બદ્રીનારાયણ બ્રહમ પરાયણ ત્રિભુવન પતિ વિસ્વેશ્વરં. ૬
પટ પિતાંબર પાય નેપુર વૈકુંઠ પતિ વિશ્વંભરં,
રૂષી મુનીજન દેવ ગંધર્વ ધરત ધ્યાન યોગેશ્વરં;
વ્યાસ વાલ્મીક વસીષ્ટ વિશ્વામીત્ર રાજરૂષીશ્વરં,
બદ્રીનારાયણ બ્રહમ પરાયણ ત્રિભુવન પતિ વિસ્વેશ્વરં. ૭
વસુદેવ રાવળ કરત પુજન અહર્નિષ બદ્રી સેવીતં,
ધુપદીપ નૈવેદ આરતી પ્રેમભાવે સમર્પિતં;
બદ્રીનારાયણ દેવ નિરંજન અલક્ષ પુરૂષ મન ભાવીતં,
બદ્રીનારાયણ બ્રહ્મ પરાયણ ત્રિભુવન પતિ વિસ્વેશ્વરં. ૮
ભક્તભાવે પઠત સ્તુતિ સુર્યપુરી નિવાસીતં,
બદ્રીનારાયણ કરે પારાયણ છેદે સંકટ ભવભીતં;

નગીન રાજારામ વિનવે અધમ ઉધારો હે પ્રીતં,
બદ્રીનારાયણ બ્રહ્મપરાયણ ત્રિભુવન પતિ વિશ્વેશ્વરં.

---

૬૦

હમને ચાકર રાખોજી — એ રાહ.

ચરણકે ચાકર બનાઓજી,
જગન્નાથ માહારજ ચરણકે ચાકર બનાઓજી. ટેક.
ચાકર રહેસું ચંપી કરસું ભવ સાગર ઉધરસું;
ચરણ પખારી ચરણામૃત લેસું જગદીસ જગદીસ ગાસું
ચરણકે ચાકર બનાઓજી. ૧
ચાહ ચાહ કર ફેરી ફરસું, નમી દંડ વૃત કરસું,
તાલ બજાવી નાચ નાચસું ભેટ ભર ભર પાસું;
ચરણકે ચાકર બનાઓજી. ૨
છડીદાર થઇ ઉભા રહેસું બળીભદ્ર પુજીસું,
સુભદ્રાની સન્મુખ રહીને નગીન કમાઈ કમાસું;
ચરણકે ચાકર બનાઓજી, જગન્નાથ માહારાજ,
ચરણકે ચાકર બનાઓજી. ૩

---

## ૬૧

### ધનાશ્રી.

કૃષ્ણ કરો યજમાન એ રાહ.

જગન્નાથ યજમાન, હમારા ભીડભંજન ભગવાન. ટેક.
ચંદન તળાવમેં નિર્મળ નીર હય, ઝટપટ કીજે સ્નાન;
હમારા ભીડભંજન ભગવાન. ૧
શીખરપર શ્રીચક્ર વિરાજે, ફડફડે નીસાન;
હમારા ભીડભંજન ભગવાન. ૨
ઝગમગ ઝગમગ જ્યોતી ઝમકે, અલખ પુરૂષ નિદાન;
હમારા ભીડભંજન ભગવાન. ૩
કૃષ્ણ બળરામ દોનો ભૈયા, બિચમે સુભદ્રા જાન;
હમારા ભીડભંજન ભગવાન. ૪
ઠાકુર આગે સેવક નાચે, ભરભર મારે તાન;
હમારા ભીડભંજન ભગવાન. ૫
મહાપ્રસાદ રચરચ પાચે, જનમ સુફળ મનમાન;
હમારા ભીડભંજન ભગવાન. ૬
પુરી નિવાસી અજર અવીનાસી, નગીન લગાતું ધ્યાન;
હમારા ભીડભંજન ભગવાન. ૭

---

## ૬૨

### પ્રભાત.

જાગીયેજી રાજ જગન્નાથ સ્વામી મારા,
દીનમણી ઉગે સ્વામી મીટે અંધીયારા. ટેક.
દંતધાવન કીજે પ્રભુ લાય ગંગધારા,
સ્નાન કીજે સામળા ગડગડે નગારા. જાગીયે. ૧
ભગત ભીડ ભઈ દ્વારે દર્સ દો સવારા,
જાગતેકું કયા જગાવે નેનનકે તારા. જાગીયે. ૨
પરબ્રહ્મ પરમેશ્વર સૃષ્ટિ સરજનહારા;
પાતક નાખો વિદારી કરો પાર પારા. જાગીયે. ૩
માત તાત ભ્રાત ભગ્નિ પુત્ર પુત્રી દારા;
અંન ધન તનમન આપ પ્રીતમ પ્યારા. જાગીયે. ૪
આપ ગુરૂ આપ ગોવીંદ જગન્નાથ ઠારા;
અધમકું ઉધારો હરી નગીનદાશ ઓચારા. જાગીયે. ૫

---

## ૬૩

### ગરબી.

સુરત સુનાની છે મોહોર—એ રાહ.

ગુરૂ ગણુપત લાગું પાય, બ્રહ્મ તનયા કરજો સ્હાય, ગુણ ગોરી,
મળી ગાય, સૌ ઉમંગ ભરી; (૨)

મછરૂપ ધર્યું મહારાજ, સંખાસુર કર્યો તારાજ,
બ્રહ્મા હતા ઘણા નારાજ, વેદ લાવ્યા હરી. ૧
પ્રભુ ચૌદ રત્નને કાજ, સાગર મથવા સજીયો સાજ,
દેવોની જાણી દાજ, કચ્છરૂપે કરી. ૨
હીરણાક્ષ પ્રગટયો પાપી, પૃથ્વી થાપેલી ઉથાપી,
અસુરને નાંખ્યા કાપી, વ્યાહારા દેહ ધરી. ૩
કરવા પ્રહેલાદની પ્રતિપાળ નરસીંહરૂપ ધર્યું તત્કાળ
દૈતો નાસી ગયા પાતાલ, ગયા સર્વે ડરી. ૪
થઇને ઉભા છડીદાર, જઇને બળીરાયને દુવાર,
કાંણા કીધા સુક્રાચાર, વામન બન્યા હરી. ૫
ફરસી ધરી ફરસરામ, ક્ષત્રી પોંહચાડયા સ્વધામ,
કીધો કુંકણમાં મુકામ, સુણો વાત ખરી. ૫
રામ લક્ષમણ કેરી જોડી, કંચનની લંકા તોડી,
દેવ વિનવે કરજોડી, બેસો ઠામ ઠરી. ૭
ચારી નંદરાયની ગાય, કંસ પ્રગટયો પૃથ્વી માય,
કરી પાંડવની રક્ષાય, કૌરવ ગયા મરી. ૮
ઝગ મગ જોતી જગન્નાથ, બળદેવ સુભદ્રા છે સાથ,
ભગત વિનવે જોડી હાથ, દુષ્ટ જાય વિસરી. ૯
ધરસો કલંકી અવતાર, જ્યારે થાશે ભ્રષ્ટાચાર,
થાસો નિરાકાર સાકાર, નગીન નિશ્ચય કરી. ૧૦

૬૪

## કાફી-હોરી.

ખેલે જનકપુર હોરી. સીયા કારણ ધનુષ મરોરી.
ખેલે જનકપુર હોરી, (ટેક).
દેશો દેશકે રાજા આયે, મનમેં ઉમંગ ધરોરી,
રૂષી મુની સ્વયંવર દેખન, જનકને દુત પઠોરી;
દસાનન આયો કઠોરી. ખેલે૦ ૧

---

૬૫

ભજન બનત નાહીં મન તો સેલાણી.

તાહરે માહરે નહીં બને તું કરે વડાઇ,
તું કરે વડાઇ મનડા તું કરે વડાઇ. ટેક.
હું કહું જે ધીરજ ધરવી તું કરે અધીરાઇ,
હું કહું મદપાનજ કરવા તું રહે લપટાઇ. તાહરે. ૧
હું કહું ફીકરને ખાજે ખાયે પુરી મલાઇ,
હું કહું અહીં બેસી રહેજે સુવે સજી તળાઇ. તાહરે. ૨
હું કહું નિર્લોભી રહેવું તું જાયે લોભાઇ,
હું કહું પરમાર્થ કરવા સ્વાર્થની કરે સગાઇ. તાહરે. ૩

હું કહું નિર્મોહી રહેજે તું જાચે છે મોહી,
હું કહું પ્રેમરસને પીજે તું પીયે વિષ દોહી. તાહરે. ૪
અંગ ભીભુતી માહરે જોઇયે પલંગ પૃથ્વી માંઈ,
તારે જોઇયે માલ મલીદા મારે રોટી સવાઇ. તાહરે. ૫
હું બતાવું ઉત્તર પંથને જાય દક્ષીણે ધાઇ,
તારે જોઇએ બાગ બગીચા, મારે ગિરિ ગુફાઇ. તાહરે. ૬
હું કહું રહે નિવૃતિમા થાસે ભલી ભલાઈ,
કહે નગીન મન સમજી લેજે જગ જોસે ભવાઈ. તાહરે. ૭

---

૬૬

## ભેરવી.

ચાલવું ચેલા દુર કેમ ખાયે ગોથાં,
ભવસાગર ભરપુર કહે પુરાણુ પોથાં. ટેક.
કરી મુસાફરી જાવું જલદી અમરપુરની માંહી,
સું સમજી તું સુઇ રહ્યો છે વાતો કરે ડાહીડાહી. કેમ. ૧
નબળા સીષથી ગુરૂ દુખ પામે થાય જગમાં રૂસવાઇ,
એવા સીષને ધીક્કાર છે જાયે ગુરૂની બાદશાહી. કેમ. ૨
ખાનપાનને તાન છોડી તું સોહંમ સબ્દ લે ગાઇ,
ઓહંમ સોહંમ એક કરીને રંગમાં રહે લપટાઇ, કેમ. ૩

ઘાટના ગુરૂ વાટના ચેલા તેને શું સગાઇ,
કહે નગીન મન સમજી લેજે ક્યાં ગઇ ચતુરાઇ;
કેમ ખાયે ગોથા, ચાલવું ચેલા દુર. કેમ. ૪

૬૭

## હરીગીત છંદ.

અરે કામના વિકાર માંહી, જ્ઞાન માહરૂં ક્યાં ગયું,
સદવિદ્યા ક્યાં સટકી ગઇ ને, વિહવળ તો દીલડું થયું. ૧
સારંગ ઇચ્છે મન વિષે, સારંગ મુજને ક્યાં મળે,
તેમ ચીત તો ચોંટી રહ્યું, દવ કામનો તનમાં બળે. ૨
દુષ્ટ કામ વિકારથી તો, મુર્ખ જન નિત્યે બળે,
વિદ્વાન તો નિજ મંનને, સ્વાધિન રાખે છે કળે. ૩
વણુ રતે નિર સીંચીયે પણ, રતે ફળ આવી મળે,
પ્રારબ્ધ રત ઉદય થયે, તન લ્હાય તો સે'જે ટળે. ૪

૬૮

મારી જાત વરણુ કુળ નીચ—એ રાહ.

માહરી દેહ દુર્બળ ધન હીંણુ, સુદામા મુખ ઉચરે,
કેમ જાવું પ્રભુજીની પાસ, હડેહડે સૌ કરે. ટેક.
મોર મુગુટ પીતાંબર ધારી, લક્ષમીપતિ કહાવે,
હું ભીખારી રંક હાલને, કોઈ નહીં બોલાવે. સુ. ૧

કુબજાનું જેણે ચંદન લીધું, માલણ હાર સોહાવે,
પાંડવનું પ્રતિપાળણ કીધું, ભગતને લાડ લડાવે. સુ. ૨
એંઠા બોર સવરીના ખાધાં, ભીલડીના જે ભાવે,
અજામેલને લીધો ઉગારી, પ્રહેલાદ નાથ બચાવે. સુ. ૩
ભાજી વિદુરની ભાવે જમીયા, દુર્યોધન પસ્તાવે,
બાળક જાણી દીલ દયા આણી, ધ્રુવને મન રીઝાવે. સુ. ૪
સુપચ ભગતનો મહીમા વધાર્યો, પાંડવ યજ્ઞને દાવે,
કેમ મુજને દેસે વિસારી, નગિન નિર્ભયે ગુણ ગાવે.
સુદામા મુખ ઉચરે કેમ જાવું પ્રભુજીની પાસ,
હડેહડે સૌ કરે.

---

## ૬૯

### અંગ્રેજી છપ્પો.

ગોડ મેઇડ ધી મેન, ગોડ મેઇડ ધી વુમન;
ગોડ મેઈડ ધી સન, ગોડ મેઇડ ધી સીઝન.
ગોડ મેઈડ ધી મુન, ગોડ મેઇડ ધી વોટર,
ગોડ મેઈડ ધી કીંગ, ગોડ મેઈડ ધી પોટર.
ગોડ મેઇડ ધી યંગમેન, ગોડ મેઇડ ધી ઓલ્ડ,
ગોડ મેઇડ ધી ડાયમંડ, ગોડ મેઇડ ધી ગોલ્ડ.

---

## ૭૦

ઉમીયાં આજ મેંને દેખા જોગી—એ રાહ.

કપીરાજજો હમને દેખા વજા કછોટાવાળાજી. કપી. ૧
મુલ્લાં બારી તાપી તીરે, પાતાળી નિરાળાજી. કપી. ૨
તેલ સિંદુર મર્દન કીયા હે, સ્વરૂપ બના રૂપાળાજી. કપી. ૩
મુગટ સીરપે ઝલક રહયા હે, તિલક રૂપાળાભાળાજી. કપી. ૪
રોમ રોમસેં રામ જપત હે, સ્વર્ગ મૃત્યુ રખવાળાજી. કપી. ૫
ગગન મંડળમેં નિસાન ફરકે, ડંકા આરતિ ઉજીયાળાજી. કપી. ૬
બાળબ્રહ્મચારી ભજો નરનારી, બિર બજરંગ પુંછાળાજી. કપી. ૭
છબીલ છબીલી સુરતજીનોકી, નગિન જપે જપ માળાજી કપી. ૮

---

## ૭૧

### માલિની છંદ.

રાત્રી દીન રટણુ તારૂં, મંન માંહી રમે છે,
ધ્યાન એક તુજમાં, અંતરે તું ભમે છે. ૧
બાહેર ભિતર ભાષે રાગ વૈરાગય તુજમાં,
મછનીર પ્રીત જેવી, રહી છે રદય મુજમાં. ૨
મમતા પ્રભુ મળવા, બેડલો લો સમાલી,
કહે નગીન લગ્નિ લાગી, વંનને વનમાળી. ૩

---

## ૭૨

### ગિતિ.

પીયુ પીયુ હું જપતી, પિયુ વિનાની પત્નિ નવ હોષો,
મને પીયુ પરલોકે ગયો તજીને હશે શું અવદોષો. ૧
નિર્દય નર નિરખવા તેનું પ્રમાણ છે જગમાં ઝાઝું,
અનાથને સંતાપે જાસે નર્ક તે દુખે દાઝું. ૨
સુરપતિની જઈ સંગે કપટે બોલ્યો અરૂણ ઉદય જેવો,
કર્યા કર્મ અનુસારે ક્ષય રોગનો શ્રાપ પડયો લેવો. ૩
અરૂણ અસ્ત ઉદય સમ થનાર વસ્તુ સેજે થઇ જાયે,
રંક બને કઇ રાજા રાય રંક તો પલમાં પલટાયે. ૪

---

## ૭૩

કહું કયા પ્લકકા સતાયા હું મે—એ રાહ.

વાહે વિશ્વંભર ગહન ગતી તાહરી,
પદરજ સ્પર્સે અહલ્યા તારી. ટેક.
પ્રહલાદને પાવકથી ઉગાર્યો,
કુકર્મી દુષ્ટ રાવણ માર્યો. વાહે. ૧
સુરપતિના કપટે કરીરે,
ગર્વ હર્યો તેં ગિરિધરીરે. વાહે. ૨

પરમાર્થે હું તો જોગી થયોરે,
દુઃખ દાવાનળ પુર સહ્યોરે. વાહે. ૩
વાહરે ચઢો પ્રભુ છું દુખીયારો,
દર્સ દીયે નગીન થાય સુખીયારો.
વાહે વિશ્વંભર ગહન ગતી તાહરી,
પદરજ સ્પર્સે અહીલ્યા તારી. વાહે. ૪

---

૭૪

બનાયો પ્રભુને આના મોહની રૂપ—એ રાગ.

સુકદેવ કહે છે સાંભળ રાજા પરિક્ષતજી. ટેક.
નાગ નાથવા ઇચ્છા કીધી, કળથી કૃષ્ણ મોરારી,
લાલા કળથી કૃષ્ણ મોરારી;
ગૈ ગોવાળ ગેંડ લે સાથે તૃટ યમુનાપે
ખડે ગિરિધારી. પરિક્ષતજી. ૧
સ્યામ સુંદરજી સરત સખાસું સખત સમજીને કરતા
લાલા સખત સમજીને કર્તા;
જેહનાથી જળમાં દડો ભાઇ, રખે ભુલી કોઈ મરતા
હરતા સર્વ. પરિક્ષતજી. ૨

વનનો માળી જીતવો, કાળી ગેડી દડે ગડગડીયો,
લાલા ગેડી દડે ગડગડીયો;
ફેંકયો રીશ કરી જમુના જળમાં, કાળી દ્વારે જઇ અડીયો;
પડયો દડો. પરિક્ષતજી. ૩

સર્વ સખાઓ સ્યાણા થઇને કૃષ્ણજીને એમ કહેતા,
લાલા કૃષ્ણજીને એમ કહેતા;
નંદ કુંવર નાહાની તારી, તને નડી કેવી મેહેલી
ગૌધેનચારી. પરિક્ષતજી. ૪

ગયો જેનાથીરે ભાઇ જળમાં, તે જઇને લઇ આવે,
લાલા તે જઇને લઇ આવે;
અર્ધ ઘડી વિશ્રામ કરો સૌ, હું લાવું ગમે ત્યાં
હોયે દડો માહરો. પરિક્ષતજી. ૫

ના, ના, કહેતા રહ્યા સખા સૌ, કદમે કૃષ્ણ કડકડીયા,
લાલા કદમે કૃષ્ણ કડકડીયા;
મારી કાછને કસી પિતાંબર, જોરે જમના જળમાં પડીયા,
રડીયા સૌ. પરિક્ષતજી ૬

કાળી નાગના મંદિર આગળ, મધુરી મોરલી વાતા;
લાલા મધુરી મોરલી વાતા;
સર્વ નાગણી કહે કૃષ્ણને, નાસ નહીં તો કાળ,
આવ્યો તાહરો. પરિક્ષતજી. ૭

નીકાલ નાગણી તેરે નાગકું, બોલે પ્રભુ અલબેલા,
લાલા બોલે પ્રભુ અલબેલા,
સુણી મોરલી ધુંન ધસમસી આવ્યો, કાળી કાળરૂપે ડસીયો.
કર્યું કુરૂપ. પરિક્ષતજી. ૮
કોપ કરીને કૃષ્ણજી કાળી વસ કરવા દીલ અડીયો,
લાલા વસ કરવા દીલ ચડીયો;
બાંહે ગ્રહી પુંછ પદ પ્રહારે પટકયો ઝટકયો આણી;
ઘડી એકમાં સુધ બુધ. પરિક્ષતજી. ૯
નાગ નાથી અસ્વાર થઇ પ્રભુ નીકળ્યા જળથી બાહરે,
લાલા નીકળ્યા જળથી બાહરે,
માત જસોદા નંદ પીતાજી હરખે સખા સૌ વધાવે,
જય જય બોલે. પરિક્ષતજી. ૧૦
નગીન નાથકું કહેવે નાગણી સ્વામી દાન તો દીજે,
લાલા સ્વામી દાન તો દીજે.
દયા દીલ મોરાર ધરીને મેહલ્યો છોડી તોડી,
ભય અરીનોરે, પરિક્ષતજી સુકદેવ કહે છે સાંભળ રાજા.
પરિક્ષતજી. ૧૧

## ૭૫

પરણીને પરવશ થઇ રહેવું—એ રાહ.

પાપ કરીને પાપી થાવું, જમપુરીમાં જાવું;
લંપટ લોભી લાલા જીવે, નર્કમા બંધે બંધાવું,
ડાહ્યા થઇ દંડાવું, ખાંડણીયે ખંડાવું. ટેક.
ખંડાયા તે ખોળ્યા જડયા નહીં, તાહરે તેહવા થાવું;
રાજા રાવણ રણે રોળાયો, એવા અનેક બતાવું,
ડાહ્યા થઇ દંડાવું, ખાંડણીયે ખંડાવું. ૧.
પાપીને પ્રભુજી મળીયા, પાપ કરી કમાવું;
સીસુપાળ રાવણ કંસનું બ્રહ્મમા જઇ ભેળાવું.
પાપી નામ ધરાવું, વૈકુંઠે વેહેલો જાવું,
વૈકુંઠે વૈભવ ભોગવી, વિષ્ણુ નામ ધરાવું;
લક્ષમીપતીની લીલા જોઇ, હૈયે અતિ હરખાવું,
પાપી નામ ધરાવું, વૈકુંઠે વેહેલો જાવું. ૨
પાપ પુન્ય ગણી પરવસ રહેવું, સ્વર્ગ નર્કે સંચરવું;
હું નોધાર સ્વયં આધારે, ભુમી માંહી ભંડાવું;
છંછેડી છંડાવું, રાહડ કરી રંડાવું;
રંડાયા તે રખડી મુવા, શું શું દુખડાં ગાવું,
પુન્ય કરેથી પાપજ પ્રગટે, ગૌતમ નામુ મંડાવું;
છંછેડી છંડાવું રાહડ કરી રંડાવું. ૩

પાપ પુન્યથી નિવૃત રહેવું, ધ્યાન આતમનું ધરવું;
ત્રિગુણ ત્યાગી અલખ જગાવી, અલક્ષ લેહ લગાવું,
સ્યાણા સમજી જાવું, નિરાશ્રીત પદ પર ધાવું.
પદવી પામી પરમપદની, આપમા આપ સમાવું,
બ્રહ્મ વીચાર કહે બ્રહ્મચારી, નગીન નેહ વધાવું,
સ્યાણા સમજી જાવું નિરાશ્રીત પદપર ધાવું.

---

૭૬

શા માટે શ્રમ કરે—એ રાહ.

શીવજી—વણ સમજે ડગ ભરે, સતી તુજ હાસ્ય થશે ભારી; (૨)
ન જાવું કહું તને વારી. (૨).

દોહરો.

ઉમીયા—રામ રૂદન કરે રાનમાં, રમા વિયોગ દર્શાય;
મોહ માયામાં ડુબીયા, બ્રહ્મ કયમ કહેવાય.

રેકતો.

સુખ દુખની સમાન રાસી,
તેને હું જાણું અવિનાસી.
ભોળાનાથ કહું જોડી હાથ, મને રજા આપો સ્વામી,
હું જાઉં પાર લહું પામી. (૨). ૧

શીવજી—પરમેશ્વરનો પાર ન પામે,
લોક·લીલા કરે ઠામે ઠામે.
સુખ કરતાં દુઃખ પડે, સતી મનમા જો વીચારી;
ન જાવું કહું તને વારી. (૨). ૨

દોહરો

ઉમીયા—સીશ છત્ર શીવજી તણું, દુઃખ ન દેખું જરાય;
આકુળ વ્યાકુળ ના કરો, ડરૂં ન ડરી ડરાય.

રેકતો

તમે ભજો પણ એ છે કામી,
વિષય વાંસના નત્ર વિશ્રામી.
ભોળાનાથ કહું જોડી હાથ, મને રજા આપો સ્વામી,
હું જાઉં પાર લહું પામી. (૨) ૩

શીવજી—કામી નહીં એ છે નિષ્કામી,
રદય કમળના અંતર્યામી;
સુખ કરતાં દંખ પડે, સતી મનમાં જો વીચારી. (૨)
ન જાવું કહું તને વારી. (૨) વણુ સમજે. ૪

દોહરો

ઉમીયા—અદભુત શકિત માહેરી, કળી ન જાય કળાય;
હીન દુર્બળ મનડાં તણાં, પામર સૌ અકળાય,

રેક્તો

તજે ન રામ આરામ કદાપી,
નવ ભટકે વન લહયું મેં માપી;
ભોળા નાથ કહું જોડી હાથ, મને રજા આપો
સ્વામી. (૨)
હું જાઉં પાર લઉં પામી. (૨) ૫

શીવજી--ભવો ભવ તમો પામો ભવાની,
અગમ કેરી કહું છું બાની;
સુખ કરતાં દુઃખ પડે, સતી મનમાં જો વીચારી;
ન જાવું કહું તને વારી. (૨) વણુ સમજે. ૬

દોહરો

ઉમીયા--પ્રાણુ નાથ તમ પ્રેમદા, લળી લળી લાગે પાય;
ના કહેશો તો જીવ જશે, આજ્ઞા દો શીવરાય,

રેકતો

શીવજી તમારી સારી સૃષ્ટિ,
સૌ પર સમાન રાખો દ્રષ્ટિ;
ભોળા નાથ કહું જોડી હાથ, મને રજા આપો
સ્વામી. (૨)
હું જાઉં પાર લઉં પામો. (૨) ૭

શીવજી--જાઓ સતી તમ કાજ સુધારો,
બ્રહ્મચારી પર પ્રેમ વધારો;

સુખ કરતાં દુઃખ પડે, સતી ધીરજ ધરવી ભારી.
જાઓ હવે નવ રાખું વારી. (૨)
વણ સમજે ડગ ભરે, સતી તુજ હાસ્ય થશે ભારી;
જાઓ હવે નવ રાખું વારી. (૨) ૮

---

૭૭

રાહ ઉપરનો.

સતી સીતા રૂપ ધરી, મદન થઇ ગઇ દક્ષ બાળી (૨)
રામને છળવાને ચાલી. (૨)

દોહરો

ઉમીયા—વન પટકુળ અંગે ધર્યાં, વન પુષ્પોના હાર;
વનમાં વીલી વલવલે, વનમા કરે પોકાર.

રેકતો

અવધી થઇ અયોધ્યાવાસી;
જનક દુલારી હું છું દાસી;
દુઃખ દરીયામાં પડી, રડી હું છું બળી બાળી, (૨)
રામને છળવાને ચાલી. (૨) સતી. ૧

દોહરો

રામ રામ મુખથી જપે, હૈયે રામ હરામ;
ચતુરા ચોંપે ચાલતી, જયાં લક્ષમણને રામ.

રેકતો

જોગણુ બની સંજોગણુ જેવી;
નિરોગણુ બની રોગણુ તેવી.
દુખ દરીયામા પડી, રડી હું છું બળી બાળી. (૨)
રામને છળવાને ચાલી (૨) સતી. ૨

દોહરો

દુરથી દીઠી લક્ષમણે, જાનકી જીવન પ્રાણુ;
હર્ષ ભર્યા થઇ રામને, કહેવા લાગ્યા વાણુ.

રેકતો

પ્રીત કરી વચન મમ પાળો;
સન્મુખ દ્રષ્ટ કરીને ભાળો.
દુઃખ દરીયામાં પડી, દીસે કોઇ બળી બાળી;
નયનથી અલ્પ લો નિહાળી. (૨) સતી. ૨

દોહરો

રરંકાર ધુનમા રમે, રામ કરે આરામ;
જાણુ અંજાણુ ભાવે કરી, મુન્ય ગ્રહ્યું શ્રીરામ.

રેકતો

મીયા—હર્ષ ઘેલી બની આવી નારી;
રક્ષા કરો મુજ કહે પોકારી.
સન્મુખ આવી ખડી, રડી વનમાં બળી બાળી;
કેમ હવે તરછોડો પાળી (૨)

દોહરો

લક્ષમણ—વડીલ બંધુ માહેરા, સોક તજો મહારાજ;

જુવો જાનકી જીવન તમ, સફળ થયા સૌ કાજ.

રેકતો

રામ—રઘુવર ઝટ બોલ્યા ત્યાં વાણી,

જાનકી નહીં માતા લો જાણી;

મુજ પામર પર કૃપા કરી, આવ્યા ઉમીયા ચાલી;

હામ મને છળવાને ઘાલી. (૨) સતી સીતારૂપ.

દોહરો

ઉમીયા—ઉદાસ ઉમીયાંજી થયા, સુણી રામ વચન;

લજ્યા યુક્ત થઇ સંચર્યાં, જ્યાં બેઠા શીવ વંન,

રેકતો

શીવજી—જાઓ પ્રેમદા વીહું વિકારી,

જનક નંદની માત હમારી;

સીતા રૂપ તમે ધર્યું, હવે નવ કરૂં તને વ્હાલી,

જાઓ જ્યાં જોઈયે ત્યાં ચાલી. (૨) સતી સીતારૂપ.

દોહરો

ઉમીયા—પતિત પાવન પરમેશ છો, જ્ઞાન તણા દાતાર;

દયા કરો દીન દાસી પર, ક્ષમા કરો કીરતાર.

રેકતો

પાપણી પતિ વચન નવ માને,

સુખ સંપત સ્વપ્ને નવ જાને,

ભોળાનાથ કહું જોડી હાથ, મારી ભુલ મેં ભાળી,
રામને છળવાને ચાલી (૨)

રેકતો

શીવજી—સન્મુખ આસન જો તમો લેસો,
ઉછ્‌ંગ વિના આશ્રમમાં બેસો;
ભોળાનાથ બ્રહ્મચારી બન્યા, કહે નગીન નિહાળી.
છળથી કાળી પડી કાળી,
સતી સીતા રૂપ ધરી, મધન થઇ ગઇ દક્ષ બાળી,
રામને છળવાને ચાલી. રામને છળવાને ચાલી.

---

૭૮

બચ્ચા કચરા કંઇ સાવધ થા—એ રાહ.

બચ્ચા કાંતી કંઈ સાવધ થા,
ઝટપટ વેહેલો તું ભણુવા જા;
છોડ મક્કર વાધે વક્કર,
ચાલ મદનભાઇ ઉભો થા,
થા, થા, થા થા થૈ થૈ થા.
ચાલ મદનભાઇ ઉભો થા.

બ્રહ્મ વિદ્યા ભણુવી, એ ઘણી છે સહેલ,
બચ્ચાઓને નહિ ભણાવે, હોય જે ચસ્કેલ;

બણુક રાખે બાળકાં, જેવા ઘાંચી બેલ,
શરમ શરમ બુઢાઓને જેહ નહીં ભણેલ;
અચ્ચા કાંતી કંઇ સાવધ થા.

---

૭૯

## ગરબી

ગોકુળીએ લઇ ચાલોરે ઓધવરાજ હમને—એ રાહ.

જાગો ભરતખંડી વીર, સુરા સિંહ સુઇ રહયા શું;
સુઇ રહયા શું ઉંઘી ગયા શું. જાગો. ટેક.
હીંદુસ્થાનમાં દેશોદેશે, દરીદ્ર રહયું છે ઝુલી. સુરા. ૧
ઉત્તર દક્ષિણ પુરવ પશ્ચિમ, દુનિયા રહી છે દુલી. સુરા ૨
અંનવસ્ત્રોના દુખીયા દેખી, કાળજડું કંપાયે. સુરા. ૩
ઘરના છઇયાને છાસ મળે નહીં, માખણ ઘોલૈયા ખાયે. સુરા. ૪
અંનગિરી સમ વહે વિદેશે, લોભીને શીર પેજારો. સુરા. ૫
અંધ શ્રીમંત ભાદરવાના અંધા, વસે છે લાખ હજારો. સુરા. ૬
કળા કૌસલ્યમાં કાયર થઇને, કેમ ફરો છો પુલી. સુરા. ૭
પુર્વજોનું પ્રાક્રમ સંભારો, શું જાઓ છો ભુલી. સુરા. ૮
બળહીણા બાળકો દીસે, કારણ જુઓ વિચારી. સુરા. ૯
બીજ વંઠે તેનું કર્મજ વંઠે, નગીન કહે નિર્ધારી. સુરા. ૧૦

૮૦

હમારી પરીક્ષા કયા કરો ગુરૂજી—એ રાહ.

ગુંજકી બાતાં ગુરૂજી કહ ગયે,
ભક્તિ નાગર બ્રાહ્મણીયાંઓજી. ટેક.
મોહકું ખા ગઇ, મદકું ખા ગઇ,
ઓર ખા ગઈ સારી લોભણીયાંઓજી,
ભક્તિ સમુદ્રમે દો નંગ છોડે,
એક ધન દુજી કામનીયાંઓજી. ગુંજકી ૧
આશા ખા ગઇ તૃષ્ણા ખા ગઈ,
ઓર ખા ગઈ મન મેલનીયાંઓજી,
ભક્તિ નગરમેં દો નંગ છોડે,
એક કાયા દુજી નીંદડીયાંઓજી. ગુંજકી ૨
અહંકાર ખા ગઇ ઇર્ષા ખા ગઇ,
ઓર ખા ગઈ લાજ લટકનીયાંઓજી,
ભક્તિ મંડલમેં દો નંગ છોડે,
એક જુઠ દુજી ચુગલીયાંઓજી. ગુંજકી ૩
માયા ખા ગઈ મમતા ખા ગઇ
ઓર ખા ગઇ ક્રોધ વાસનીયાંઓજી,
ભક્તિ બજારમેં દો નંગ છોડે
એક હિંસા દુજી ત્રિગુણીયાંઓજી. ગુંજકી ૪

બતીસ સુખમે પ્રગટ ભયે જબ
ઉસ દીનસેં બની જોગણીયાંઓજી.
જન્મ જન્યકું જનુની ઉદરમે,
ભકિત કર રહી દાતણીયાંઓજી. ગુંજકી ૫
છત્રીસકા ઉપદેશ મીલે નહીં,
ભકિત કર રહી લાંઘણીયાંઓજી,
ગુરૂ પ્રતાવે નગીન ગુણુ ગાવે,
જન્મ જન્મકી બાતનીયાંઓજી.
ગુંજકી બાતાં ગુરૂજી કહે ગયે,
ભકિત નાગર બ્રાહ્મણીયાંઓજી. ગુંજકી ૬

---

૮૧

## પરજ કાલીંગડો.

ધ્યાન નહીં જ્હાં કયા ધ્યાની, જ્ઞાન નહીં જ્હાં કયા જ્ઞાની;
માન નહીં જ્હાં કયા માની, રાય નહીં જ્હાં કયા રાની. ધ્યા.૧
હામ નહીં જ્હાં ધર્મ નહીં, પ્રીત ભઇ જ્હાં સર્મ નહીં;
જ્ઞાન હુવા પીછે કર્મ નહીં, વેદ બિનાકી કયા બાની. ધ્યા.૨
વૃક્ષ નહીં જ્હાં કયા ડાળી, પક્ષી નહીં જ્હાં કયા જાળી;
પત્નિ નહીં જ્હાં કયા સાળી, જાન નહીં જ્હાં કયા જાની. ધ્યા.૩

ભજન બિનાકી કયા મસ્તિ, ભાવ બિનાકી કયા ભક્તિ;
સત્ય નહીં જ્હાં કયા સક્તિ, સુમ હુવા પ્રીર કયા દાની. ધ્યા.૩
પ્રથમ અવસ્થા હે લડકન, દુજા હુવા બાળા જોબન,
દેખો આવેગા અબ ઘડપન, જમ કીંકર જાસે તાની. ધ્યા.૪
આસ નહીં નિરાસ નહીં, ભાસ નહીં પ્રકાસ નહી;
પુન્ય નહીં જ્હાં પાપ નહીં, નગિન મત બન અભિમાની. ધ્યા.૫

---

૮૨

કરીએ કૃષ્ણુ ઉપાસના—એ રાહ.

સદચિદાનંદ સેવતાં, સદચિદ આનંદ થાય;
બ્રહ્માનંદમાં ઝુલતાં બ્રહ્મ રસ થઇ જાય. સદ. ૧
કાયા નગર સોહમણું, રાજ કરે શીવરાય;
આણુ વર્તે ચૌદ ભુવનમાં, નીત્યે મંગળ વર્તાય. સદ. ૨
ગગન ઝરૂખે બેસીને, નિરખે નગર ચરચાય;
ભાવીના ભાવ પુર્ણ કરે, રિદ્ધિ સિદ્ધિના રાય. સદ. ૩
સારંગે સારંગ ગ્રહ્યા, સારંગ આવ્યો ધાય;
રતનો સારંગ જો ગ્રહું, મુખનો સારંગ જાય. સદ. ૪
ભિન્ન ભિન્ન મત દરસતાં, ભિન્ન ભિન્ન મન થાય;
ભિન્ન ભિન્ન માળ ગુંથતાં, એક બ્રહ્મ થઇ જાય. સદ. ૫

આ તન તાહરૂં ઘર છે, ગ્રહસ્થ છે તું જાણ;
ઘરમાં વસવું જુગતથી, નગીન સાચું માન. સદ. ૬

---

૮૩

જેસલ કરી લે વિચાર—એ રાહ.

જાપ જપી લે ઓંકાર, અકાર ઉકાર મકાર;
બની જાયે બ્રહમા કાર, વેદ કરેરે પોકાર.
જાગોજી મનરાય, સ્નેહથી નીત્ય રંગે રમીયે;
જ્યાં ઝગમગે આત્મ ઝોત, તેમાં જઇ સમીયેરેજી. ઓજી. ટેક
સંગત સાધુની થાય, મુર્ખ પંડીત બની જાય;
પારસના સંગે લોહ, કંચન દર્શાય. જાગોજી મનરાય. ૧
તરસ્યો પાણી પીવા જાય, મૃગજળ દેખી ધાય,
માયાના પ્રપંચ માંહિ, તૃપ્તિ નવ થાય. જાગોજી ૨
લોભમાં દુનિયા ડુબકાં ખાય, ગળે પથ્થર કેમ તરાય;
દીપકની ઝોત માંહિ, પતંગીયું ઝીંપલાય. જાગોજી ૩
કાચા કુંભ જેવી કાય, તેતો સેહેજે ફુટી જાય;
શીરપર કાળ ભમે, મચ્છર ફુલાય, જાગોજી. ૪
નુગરા મનુષ્યો કહેવાય, ખાંડ છોડી ખડ ખાય;
ઘીને સાટે કંસારમાં દીવેલ ભેળાય. જાગોજી. ૫

કાયા પીંજર બંધાય, તત્વ ચોવીસનું થાય,
બકરાની લાલચમાં, સેર સપડાય. જાગોજી. ૬
તેજ આકાસે સમાય, દશ દીશાએ પથરાય;
ચંદ્ર સુર્યમાં પ્રકાશ જેનો થાય. જાગોજી. ૭
માછલાં નિત્ય નદીયે નહાય, તે તો સ્વર્ગ ન જાય;
જમડાની જાળ માંહી, જઇને ફસાય. જાગોજી. ૮
સંસાર અસાર દેખાય, સાર બ્રહ્મ પર્ખાય;
દ્રષ્ટે દેખાય તેમાં બ્રહ્મ સમજાય. જાગોજી. ૯
રૂપ આપનું જણાય, આણંદ આણંદ છવાય;
સ્વરૂપમાં લીન થઇ નગીન ગુણ ગાય,
જોગીજી મનરાય. ૧૦

---

## ૮૪

પ્રભુ તોરે નામકી લેહ મોહે લાગી—એ રાહ.

મનવા મનથી તું જોને વીચારી, ભકિત કરી શકે નરને નારી;
મનવા મનથી તું જોને વીચારી. ટેક.
બ્રાહ્મણ ભુવનમાં સ્નાન ધ્યાનમાં, ભકિત થાયે મહા ભારી;
જોગી સન્મુખ નિરંતર રમતી, ચેલી બની રહે બીચારી.
મનવા. ૧

બંદગી કરી કુરાન ભણીને, તરકડી નામ ઉચારી;
એક અખંડિત ભક્તિ જાણો, દેખીતી ન્યારી ન્યારી. મનવા. ૨
એક આવે એક જાય જગતથી, ભક્તિ દીસે વ્યભિચારી;
એક નહીં અનેકની નારી, દેખીતી બાળ કુંવારી. મનવા. ૩
ભક્તિનો સસરો સુદ્ધ બ્રહ્માત્મા, બાળો ભોળો નિર્વિકારી;
સાસુજી માયા બાળ કુંવારી, રહે જન્મ જન્મ ધારી.
મનવા. ૪
ભક્તિ પતિ જીવ કાયા માયામાં, ઝુલે વારમવારી;
હીત શબ્દનો ઝુલો ઝુલાવી, વારે વારે જાય હારી. મનવા. ૫
ભક્તિથી પ્રગટે બ્રહ્મા વિષ્ણુ, રૂદ્ર બને અવતારી;
અહર્નિશ સજ સેવામાં રહીને, બની બેઠી છે નારી. મનવા. ૬
સ્વર્ગ સાસરૂં ગમતું નથીને, સંસાર પીયર દુખકારી;
આત્મ જોતની સેજમાં સુઇને, નગીન લપટ નિર્ધારી. મનવા. ૭

---

૮૫

## આરતી.

જયદેવ જયદેવ જય જય શ્રી માહદેવા,
જે કરે શીવજી સેવા, થાશે શીવ જેવા.
જયદેવ માહદેવ. ટેક.

સદચિદાનંદ રૂપ, શીવ અંતર્યામી,
કૈલાસ સીખરના ધામી, અવિચસ બહુનામી,
જયદેવ માહદેવ. ૧
ત્રિગુણાત્મક ત્રિગુણાતિત, ત્રિભુવનના ગામી,
પંચ વદન ચતુરાનન, એકાનન સ્વામી,
જયદેવ માહદેવ. ૨
આનંદ પર્માનંદ, શીવજી શુભ કરતા,
દુખ હરતા સુખ કરતા હોય લંપટ કામી.
જયદેવ માહદેવ. ૩
કરપુર ગૌર સ્વરૂપ, મુકુટ જટાધારી,
અંગે ભસ્મ વિલેપન, ગિરીજા સંગ નારી.
જયદેવ માહદેવ. ૪
નંદી ભંગી સાથ, ભુત ભૈરવ નાચે,
નાચે ગણેશ ગિરિજા, દેવ મુની રાચે,
જયદેવ માહદેવ. ૫
વાસુકી તક્ષક કુંડળ છે કાને,
શીશ ચંદ્રમાં ઝળકે યોગી ધરે ધ્યાને,
જયદેવ માહદેવ. ૬
વાઘાંબર પિતાંબર કર ત્રિસુળ ધારી,
ભુજંગ ભુષણ અંગે, ત્રિનેત્ર ત્રિપુરારી,
જયદેવ માહદેવ. ૭

સંખ તાલ મૃદંગ, ઘંટ ઘડીઆલ વાગે,
ઇંદ્ર ઇંદ્રાણી નાચે, શીવશંકર આગે,
જયદેવ માહદેવ. ૮
શીવ આરતી મહીમાય, વેદ વદે વાણી,
આવાગમન દુખ જાયે નગીન લે જાણી,
જયદેવ માહદેવા. ૯

# त्रागड ब्राह्मणनी उत्पत्ति.

॥ ॐ तत्सत परमात्मने नमः ॥

ગુજરાતીઓમાં જે ભિન્નમાળ ત્રાગડ બ્રાહ્મણ નામ પ્રસિદ્ધ છે, તે બ્રાહ્મણોમાં કેટલાક જડીયા તેમજ સોનારી ધંધો કરી નિર્વાહ કરે છે, તેથી કેટલાક એહવું સમજે છે કે, એ જાતના બ્રાહ્મણ નથી પણ સોની છે. એહવી શંકા લોકોના દીલમાંથી દુર કરવા શ્રી કાશીધામ નિવાસી ઈશ્વર શ્રી સીતારામ શર્માના પુત્ર હાલમાં કલકતાવાસી શ્રી યુકત શાલેગ્રામ વૈજનાથ શર્માએ પોતાની જાતીની ઉત્પતિની વ્યવસ્થા સંવત ૧૯૨૨ ના આશ્વિન સુદ ૧૦ ને દીવસે પછાડી લખેલા પંડિત મહોદયની સમ્મતિથી કરી. તેમાં તે લોકોને સંપુર્ણ બ્રાહ્મણત્વ છે તે ઘણાં પ્રમાણોથી સીદ્ધ કર્યું છે. તે સર્વ સાધારણ માણસને જાણવા સારૂ તે વ્યવસ્થાનો સારાંસ ભાષામાં લખીયે છીયે. કે જેવા એ બ્રાહ્મણ લોક જગતના કારણ ઇશ્વરની શકિતરૂપ શ્રી શ્રી લક્ષ્મીજીના મનોરથ પુર્વક જોવાથી અને ઇચ્છાથી ઉત્પન થયા, અને માતુશ્રીથી વરદાન મેળવી જગતમાં ભીન્નમાળ ત્રાગડ બ્રાહ્મણ નામથી વિખ્યાત પામ્યા તે પ્રસંગ લખવામાં આવે છે.

એક સમય શ્રી લક્ષ્મીજીના મનમાં એવી ઈચ્છા થઈ

કે સ્ત્રિ સમેત બ્રાહ્મણોનું પુજન કરવું. પછી પરમ પ્રિય શ્રીમાળ દેશમાં એક અતિ ઉત્તમ મંડપ બનાવી ત્યાં પુજાની સર્વ સામગ્રી મુકી લક્ષ્મી અને નારાયણ આવી બેઠા અને અને બ્રાહ્મણોને નિમંત્રણ કરી બોલાવ્યા તે મંગળ ઉત્સવ જોવાને માટે ત્યાં સિદ્ધ વિદ્યાધર વીગેરે સર્વ દેવતાઓ આવ્યા, તે વખતે વરૂણે એક હજાર આઠ (૧૦૦૮) આઠ પાંખડીના સુનાના કમળની માળા લક્ષ્મીજીના ગળામાં પહેરાવી.

માળાને વક્ષ સ્થળમાં ધારણ કરવાથી લક્ષ્મીજી અતિ સુંદરતાને પ્રાપ્ત થયા અને આનંદથી સ્ત્રિ સમિત બ્રાહ્મણોનું પુજન કરવા લાગ્યા; અને ગળામાં પેહેરેલી માળા જોવા લાગ્યા તો માળાના નિર્મળ કમળની પાંખડીઓમાં બ્રાહ્મણ દંપતીના પ્રતિબીંબ જોવામાં આવ્યા, ત્યારે જગત માતુશ્રી લક્ષ્મીજી વારે વારે આશ્ચર્યથી માળા જોવા લાગ્યા. કે બાહર બ્રાહ્મણોના જોડાં બેઠા છે તેવા માળામાં પણ દેખાય છે તેથી પ્રસન થયાં અને આંખમાં હર્ષના આંસુ આવ્યા.

પછી એવી ઇચ્છા કીધી કે જો એ બ્રાહ્મણોના જોડાં બાહર આવે તો એની પણ પુજા કરૂં, જુવો ઇશ્વરોના સંકલ્પ સિદ્ધ થાય છે ને ભગવતીને ઇચ્છા થતાંજ માળા માંથી સ્ત્રિ સમેત નિમંત્રણ કરેલા જોડે જોડાં વેદ પાઠી બ્રાહ્મણોના બેઠા હતાં તેવાંજ જોડાંઓ વસ્ત્ર આભુષણ પેહે-

રેલાં ચંદન ચર્ચિત શરીર ગળામાં પુષ્પમાળા સહીત બાહર આવી બેઠા અને લક્ષ્મીજીયે તે સર્વનું પુજન કીધું ત્યારપછી તે પ્રતિબીંબ બ્રાહ્મણો લક્ષ્મીજીને પ્રણામ કરી હાથ જોડી બોલ્યા હે ભગવતી! આપે હમને પ્રગટ કર્યા પણ હવે હમને આજ્ઞા કરો કે હમે શું કામ કરી જીવીકા કરીયે, અને પૃથ્વીમાં જે નામથી પ્રસિદ્ધ હોય તેના નામ આપો.

એવી વાત સાંભળી લક્ષ્મીજી બોલ્યાં કે હે દ્વિજો! તમે કમળની માળામાંથી પ્રગટ થયા તેથી તમારૂં નામ ભિન્નમાળ તેમજ ત્રણ વેદના પ્રતિબીંબોથી પ્રગટ થયા માટે ત્રાગડ બ્રાહ્મણથી ઓળખાશો.

તમે સામવેદનુ ગાન કરો અને બ્રાહ્મણની વૃતિથી આપની દેહયાત્રા કરો.

તે સાંભળી પ્રતિબીંબ દ્વિજો બોલ્યા કે આપની આજ્ઞાથી હમે સામવેદ ભણીશું પણ હમારાથી ભિક્ષાવૃતિ નહીં થઇ શકે માટે બીજા ઉપાયનો ઉપદેશ કરો કે જેથી હમારો નિર્વાહ કરીયે. તે સાંભળી લક્ષ્મીજીયે કહ્યું કે તમે કલાવૃતિ ધારણ કરો અને બ્રાહ્મણોના રત્નજડીત આભુષણો બનાવો અને શ્રીમાળ દેશમાં કલાદ નામથી પ્રસિદ્ધ થશો. એ પ્રમાણે તે બ્રાહ્મણોની ઉત્પતિ થઇ.

જે બ્રાહ્મણુના પ્રતિબીંબથી જે બ્રાહ્મણ પ્રગટ થયાં તેના તેજ ગોત્ર પ્રવર અને વેદ પણુ તેના જાણુવા.

ત્યાર પછી જેની જ્યાં ઇચ્છા થઇ ત્યાં જઇ રહ્યા આ વાત સ્કંદ પુરાણુમાં શ્રીમાલ માહત્મના તેરમાં અધ્યાયમાં છે.

હવે કોઇ કહે કે લક્ષ્મીની ઇચ્છાથી પ્રગટ થયા તેને બ્રાહ્મણુત્વ કેવી રીતે મળ્યું, કેમકે બ્રાહ્મણુ તો બ્રાહ્મણીના ગર્ભથી થાય છે. ત્યારે સાંભળો એક તો એ બ્રાહ્મણુ પ્રતિબીંબ થયા, જુવો દર્પણુમાં જેવો આકાર પડે છે તેનું તેવુંજ પ્રતિબીંબ માલમ પડે છે, ત્યારે એ બ્રાહ્મણો બ્રાહ્મણોના પ્રતિબીંબથી બ્રાહ્મણુજ થયા, બીજા થઇ શકે નહીં, બીજું ઇશ્વરીનો સંકલ્પ છે.

ઇચ્છા કોઈ બીજા પ્રસિદ્ધ કારણુની રહેતી નથી એ વાત સેંકડો શ્રુતિયોમાં કહી છે, નહીં તો ઇશ્વરના સત્ય સંકલ્પ આદિ ગુણોને મોટો અપજસ મળશે. જુવો શકિત અને સકિતમાનમાં ભેદ નથી, કારણુ લક્ષમીજી સાક્ષાત ઇશ્વરની સકિત છે, એ વાત સપ્તસતીની ગુપ્તવતિ નામ ટીકામાં મહાકાળી આદી ત્રણુ સક્તિને ઈશ્વિરથી અભિન્ન કહી છે, તે હેતુથી શ્રી લક્ષમીજીની આજ્ઞાનુસાર બ્રાહ્મણુત્વ અવસ્ય છે.

અથવા કદાચીત બ્રાહ્મણોના પ્રતિબીંબથી પ્રગટ થયા તેને બ્રાહમણ નહીં માનો તો, પણ ભગવતિની ઇચ્છાથી સત્ય બ્રાહમણત્વ છે, નહીં તો જીવનવ્રતિની પ્રાર્થના કેમ કરી, અને દેવીચે સામગાનનો ઉંપદેશ શું કરવા આપ્યો.

બીજું બ્રાહમણ બ્રાહમણીના ગર્ભથી ઉત્પન થાય તેજ બ્રાહમણ એવો કાંઇ નિયમ નથી, પણ સત્ય સંકલ્પોના સંકલ્પ પણ બ્રાહમણત્વનું કારણ છે.

જુવો મહાભારથના અનુશાશન પર્વમાં કહ્યું છે કે હરિણીના ગર્ભથી શૃંગીરૂષિ થયા, અને મલાહીના ગર્ભમાં વ્યાસદેવ ઉત્પન્ન થયા. ગણીકાના ગર્ભથી વસિષ્ટ, સુકીના ગર્ભમાં સુકદેવ, ક્ષત્રિયોના ગર્ભમાં વિશ્વામીત્ર તપથી બ્રાહમણ થયા છે. કોઇ કહે કે વિશ્વામીત્ર તપથી બ્રાહમણ થયા તો તપ શબ્દનો અર્થ સંકલ્પ છે. તે સંકલ્પ તેના પીતાનો છે, બીજું શૃંગી રૂષિના પીતા વિભાંડક વીગેરેના પણ સંકલ્પ હતા કે આ ક્ષેત્રમાં બ્રાહમણ ઉત્પન્ન થાય.

જે ઈશ્વરના પ્રસાદથી રૂષિમુનીને સિદ્ધ સંકલ્પ હોય છે તે ચાહે તે થાય છે. બીજા કોઈ કારણની અપેક્ષા છે નહીં તો પછી સ્વયં ઇશ્વરનો સિદ્ધ સંકલ્પ થવો શું મોટી વાત છે.

બીજું શારીરક મિમાંસાના ફળાધ્યાયમાં કહ્યું છે કે ઇશ્વરના પ્રસાદથી યોગેશ્વરીનો સિદ્ધ સંકલ્પ છે. બીજું શંક-

રાચાર્યે પણ કહ્યું છે કે સંકલ્પથી ભોગ ભોગ્યાદિ કર્તવ્ય છે, અને વિશ્વામિત્રને બ્રાહ્મણ થવામાં જો તપસ્યા કારણ છે તે પણ ઇશ્વરનું આરાધન છોડી બીજું કાંઇ નથી, એ વાત પણ શંકર ભાષ્યના ત્રીજા અધ્યાયમાં લખી છે.

બીજું ન્યાય કુસુમાંજલીના બીજા સ્તબકમાં કહ્યું છે કે જો બ્રાહ્મણથી ઉત્પન્ન થયલાને બ્રાહ્મણત્વ હોય તો સૃષ્ટિની આદિમાં બ્રાહ્મણ વ્હેવહાર કેવી રીતે થયો, તેથી ઇશ્વર અને માહત્મા લોકોની ઈચ્છાથી બ્રાહ્મણ થતા આવ્યા છે. નહીં તો બ્રહ્માંના મનથી પ્રગટ થયલા સનકાદિકોને બ્રાહ્મણત્વ નહીં હોઇ શકે. અને શ્રુતિમાં પણ કહ્યું છે કે એક હીમં નાના જાતી અને રૂપ થાવું છું, અને મનુએ પણ સંહિતામાં કહ્યું છે કે ભગવાનનું ધ્યાન કરીને પોતાના શરીરમાં વિવિધ પ્રકારની પ્રજાઓ પ્રગટ થાય છે તો પછી ઇશ્વરના પ્રસાદથી બીજાઓને સર્વ સામર્થ હોય તો મા-ળાથી પ્રતિબીંબ બ્રાહ્મણ પ્રગટ કરવા મોટી આશ્ચર્યની વાત નથી.

ઈશ્વરઇચ્છાનુંસાર સુવર્ણના કમળોની પાંખડીમાંથી બ્રાહ્મણોના પ્રતિબીંબથી પ્રગટ થયા તે અવસ્ય ભિન્નમાળ બ્રાહ્મણ છે તેમાં કાંઈ સંદેહ નથી, કેમકે બ્રાહ્મણોના પ્રતિબીંબ અને લક્ષમીજીની ઇચ્છા એ બેઉ હેતુ બળવાન

છે. અને જેના પ્રતિબીંબથી પ્રગટ થયા તેનાજ ગોત્ર-પ્રવર અને વેદ પણ તેના છે, તેથી નાના ગોત્ર અનેકૃક યજુર અને સામવેદી થયા.

બીજું સ્કંદપુરાણમાં યચુર્દ્વીજા અને પ્રતિબીંબદ્વીજા ઉચ્ચુ એમ કહ્યું છે, તે બ્રાહ્મણ વિના કેમ કહે તે અને શું કરવા ભગવતિ લક્ષમીજી સામગાનનો ઉપદેશ કરતે.

બીજું ભિક્ષાવ્રતિથી વિમુખ જાણી ભગવતીયે તેને સુ-વર્ણના આભુષણ બનાવી જીવીકા કરવા આજ્ઞા કરી. કેમકે જે જેમાંથી પેદા થાય છે તેને તેના ગુણ જીવનવ્રતી પણ આપવામાં આવી છે. જેમ મુખથી બ્રાહ્મણ ઉત્પન થયા તે મુખ્ય સાધ્ય વેદ શાસ્ત્ર જાણવા લાગ્યા. અને બાહુથી ક્ષત્રીઓને બાહુ સાધ્ય યુદ્ધ વ્રતી મળી છે.

તે પ્રમાણે સુવર્ણના કમળથી પ્રગટ થયલાને સુવર્ણ આભુષણથી લક્ષમીજીયે જીવિકા વ્રતિ આપી તો એ કામ કરવામાં કાંઇ દોષ નથી, કારણ ઇશ્વરની આજ્ઞા છે. જુવો વરાહ પુરાણમાં લખ્યું છે કે શ્રુતિ અને સ્મૃતિ એ બેઉ મારી આજ્ઞા છે. તે જો કોઈ ઉલંઘન કરશે તે માહરી આજ્ઞા ભંગ કરવાવાળો મારો શત્રુ છે, અને અંત સમયે ઘોર નર્કમાં જાય છે. બીજું માળામાં એક હજાર આઠ

કમળ હતાં, અને પ્રત્યેક કમળમાં આઠ પાંખડી હતી તેટલા બ્રાહ્મણ ઉત્પન્ન થયા તેની ગણત્રી ૮૦૬૪ ની થઇ તે પછી જેની ઈચ્છા આવી ત્યાં જઇ રહયા, અને તરેહ તરેહના ઠામ કરવાના કારણથી આચાર અને નામ પણ બદલાઇ જાય છે. જેમ બે વેદ ભણવાથી દુવે, અને ચાર ભણવાથી ચૌવે, ત્રણથી ત્રવાડી મિથિલામાં રહેવાથી મૈથિલ, કનોજનાં કાનકુબ્જ, ભણાવવાથી ઉપાધ્યાય, યજ્ઞ કરવાથી અધ્વર્યુ કહેવાય છે તે પ્રમાણે સામતાનથી, સામતાન કહેવાય છે. બીજું ત્રણ વેદવાળા બ્રાહમણોના પ્રતિબીંબથી ઉત્પન્ન થયા માટે ત્રાગડ કહેવાય છે. જુવો ઇશ્વરની આજ્ઞાથી ગયાવાળ બ્રાહમણ તથા ગંગા પુત્રી તથા પ્રયાગ બ્રાહ્મણોને તિર્થમાં પ્રતિગ્રહરૂપ નિશ્ચયવતી કરવાથી પણ દોષ લાગતો નથી. અને બ્રાહમણત્વ બન્યું રહે છે, તે પ્રમાણે ત્રાગડ બ્રાહ્મણોને પણ આભુષણ ઘટના દીવ્રતિ કરવાથી કાંઈ દોષ પ્રાપ્ત થતો નથી. બીજું પ્રતિ-બીંબ ગોત્રવેદ પ્રાપ્તી રહેવાથી પણ સામગાનનો ઉપદેશ કર્યો તેથી બીજા વેદની મના કીધી નથી. પણ સામવેદ વિશેષ કરી માનવો. એવું પુર્વ મિમાસામાં અનેકવાર કહયું છે;—ઇતિ.

# સમ્મતિ લખી આપનારા પંડીતોના નામ.

ચતુર્વેદ હીરાનંદ શર્મણઃ॥
કાલકર રાજારામ શાસ્ત્રિણઃ॥
સખારામ શાસ્ત્રિણઃ॥
અનંતરામ શાસ્ત્રિણઃ॥
વિઠલ શાસ્ત્રિણઃ॥
રાનડો પાહુબાલ શાસ્ત્રિણઃ॥
ત્રિપાઠી વેચન શર્મણઃ॥
હોડીક વિશ્વનાથ શર્મણઃ॥
બાળકૃષ્ણ શર્મણામ ઃ॥
સીધેશ્વર પદનીમકસ્ય ઃ॥
ગણેશદત્ત શર્મણઃ॥
ત્રવાડી છન્નુ શર્મણઃ॥
સંમતિશ્ચેદ્ર દત્ત શર્મણઃ॥
આંધ્ર વેંકટરામ શર્મણઃ॥
મુકુંદરામ ત્રિપાઠીન શર્મણઃ॥
શ્રી મદનમોહન શર્મણઃ॥
શ્રી વિષ્ણુંદત્તશર્મણામઃ॥
શ્રીયુત દુર્ગાદત્ત શર્મણઃ॥

શ્રી જગન્નાથ શર્મણઃ॥
દેવીદત્ત શર્મણઃ॥
રાધાકૃષ્ણ પંડિતસ્ય શ્રી હર
દેવ શર્મણઃ॥
શ્રી લક્ષમણ શાસ્ત્રિણઃ॥
તારાનાથ તર્કવાચસ્પતેઃ॥
સંકરનાથ શર્મણઃ॥
શ્રી કૃષ્ણગોર નાગરસ્યઃ॥
ઉમાકાંત શર્મણામઃ॥
કૃષ્ણરામ વ્યાસસ્યઃ॥
ગણેશ કૃષ્ણ શર્મણઃ॥
દુર્ગાકૃષ્ણ શર્મણઃ॥
ઓઝા ગણેશ શર્મણઃ॥
વૈજનાથ શ્રીમાલીનઃ॥
ઉત્તમકૃષ્ણ શ્રીમાલીનઃ॥
બળદેવ નૈયાયિકસ્યઃ॥
તૈલંગ શ્રીનરસિંહ શાસ્ત્રિઃ॥
ઉત્કલ કાશીનાથસ્યઃ॥

કલકત્તા.

॥ श्री ॥

## ॥ व्यवस्थापत्रमिदम् ॥

श्रीगणेशायनमः ॥ श्रीब्राह्मणेभ्योनमः गुर्जरान्तर्गत भिन्नमालश्रेणीभुक्तत्रागडेति प्रसिद्धान्वयसमुद्भवानां कलादवृत्तिरूपाजीव वतामपि द्विजेन्द्रदम्पतिप्रतिबिम्बेभ्यो जगत्कारणेश्वरस्येच्छाशक्तिरूपायालक्ष्म्याः संकल्परूपवीक्षणेन सत्यरूपताप्राप्तिपुरस्सरं मिथुनभावेनप्रतिबिम्बस्थान रूक्मपद्मनिर्गतानां ब्राह्मणत्वमेव॥

तथाहिस्कंदपुराणीयश्रीमालमाहात्म्ये त्रयोदशाऽध्याय

### वसिष्ट उवाच.

तत्राश्चर्यमभूंम्दूप तस्मिन्नुत्सवमंडपे ॥
स्थानीभूतेषु देवेषु सिद्धविद्याधरेषुच ॥ १ ॥
आसीनानां द्विजेन्द्राणां पुजितानां यथाविधि ॥
आलोकनाय लोकेशश्चकार पुरतः स्थिनिम् ॥ २ ॥
अष्ठोत्तर सहस्त्ररयपद्मानां हेमजन्मनाम् ॥
दत्तां जलाधिपेनैव मालां वक्षसि बिभ्रती ॥ ३ ॥
विशालेषु दलौघेषु दम्पती प्रति बिम्बितौ ॥
ददर्श जगतां माता मुहुर्मुहुरवैक्षत ॥ ४ ॥

एकै कास्मिन् पुंडरीके दलान्यष्टौ तदन्तरे ॥
प्रति बिम्बानि जातानि सदाराणां द्विजन्म नाम् ॥ ५ ॥
तानि व्यक्तानिसंविक्ष्य बहिः पद्मान्तरेष्वपि ॥
देवी प्रमुदिता राजन् अन्ततश्च विलोकनैः ॥ ६ ॥
तस्याः प्रमोदबाष्पाम्बु संभृताक्ष्याः पुनःपुनः ॥
वीक्षणात् पुंडरीकेभ्यो मिथुनानि बहिर्ययुः ॥ ७ ॥
यथावेदव्र तस्नाताः कृतदारपरिग्रहाः ॥
तथा भूतानिकौशेयहेमरत्नार्च्चितानिच ॥ ८ ॥
पुष्पमाला विशोभीनि चन्दनच्छुरितानिच ॥
द्विजानां प्रतिबिम्बानि सत्यीभूतानितान्यथ ॥ ९ ॥
देवींविज्ञापयामासु र्बद्धा मौलौनृपाञ्जलिम् ॥
वयंकिंकुर्म्महेदेवि देहि नामानिनःशुभे ॥ १० ॥
वर्त्तितव्यंकयाऽस्माभिःकलयाकुत्रचित्स्थितैः ॥
तानीति वादीनि भूतधात्री समादिशत् ॥ ११ ॥

## श्री देव्युवाच.

पद्ममालाबहिर्याता भिन्नमालास्ततो द्विजाः ॥
सामगानंतु कर्त्तव्यं योगक्षेमं वहाम्यहम् ॥ १२ ॥

प्रतिबिम्बाद्विजा उचुः सामगानं तुदेवेशिकुर्म्महे चतवाज्ञया ॥
याचनं न करिप्यामि जीवनाय कलांवद ॥ १३ ॥

## श्री दे॰ वाच.

कलया वर्त्तितव्यं हि भवाद्भिः स्वर्णपद्मजैः ॥
श्रीमालेचततोयूयं कलादा वैभविप्यथ ॥ १४ ॥
भूषणानि द्विजेन्द्राणां पत्नीभ्यो रत्नवनित हि ॥
कर्त्तव्यानि मनोज्ञानिसंसेव्याश्चाद्विजोत्तमाः ॥ १५ ॥

## वसिष्ट उवाच.

आसन भूपकलादानां श्रीमाले श्रीप्रियंकरे ॥
यस्य प्रतिकृतेर्य्यो भूत् तद्गोत्रं सोऽन्वपद्यत ॥ १६ ॥
तेकलादासमंदारै र्यथाभागंययुर्द्विजाः ॥
इत्युक्तं स्कंदपुराणस्य श्रीमालमाहात्म्ये ॥

नचैषांलक्ष्म्या वीक्षणमात्रेण जातानां कथं [illegible] ब्राह्मण्य कारणस्य ब्राह्मण्यां ब्राह्मण जातत्वरूपस्याभावादिति वाच्यम् इश्वरसंकल्पादेः प्रसिद्धकारणानपेक्षयैव कारणत्वस्य शतशः श्रुतिभिर्बोधनात् अन्यथासत्यसंकल्पादयोऽस्यगुणाः सामजस्येन नावकल्पेरन् इश्वरस्यच्च ज्ञानेच्छा कृतिरुप श[illegible]समन्विततया शक्ति शक्तिमतोरभेदेन इच्छाशक्तिरूपाया लक्ष्म्या स्ततोऽभेदात्

गुप्तवती समाख्यायां सप्तसती टीकायां महा काल्यादिशक्तित्रय-स्यइश्वराभिन्नत्वप्रतिपादनाच्च ततसंकल्पस्यापि सत्यत्वौचित्यात् द्विजेन्द्रदम्यतिप्रतिबिम्बानामसत्यत्वेऽपि देवीसंकल्परुपवीक्षणादेव सत्यतयामिथुनी भावेन समुद्भवस्यात्र हि कीर्त्तनात्तेषां सत्यब्राह्म-कथमन्यथा तेषां वृत्तिपार्थनादिसम्भवः कथं वा देव्यास्तानप्रति सामगानादिकर्त्तव्यतोपदेशः सम्भवति ॥

किंच ब्राह्मण्यां ब्राह्मणजातत्वमेव न केवलं ब्राह्मणत्वे नियामकं किन्तुसत्यसंकल्पानां संकल्पोऽपि तदुक्तंमहाभारते आनुशासनिकपर्वणि ॥ हरिणीगर्भसम्भूतो ऋष्यशृंगो महामुनिः श्वापाकी गर्भसम्भूतो व्यासोऽसावृषिसत्तमः ॥ १ ॥ गणिकागर्भस म्भूतो वशिष्टोमुनिसत्तमः ॥ शुकीगर्भसमुद्भुतः शकोनाम महामुनिः ॥ २ ॥ क्षत्रियागर्भसम्भूतो विश्वामित्रो महामुनिः ॥ तपसा ब्राह्मणोयातः संस्कारस्तत्र कारणम् ॥ ३ ॥ इति ॥

अत्र तपःशब्देन संकल्पोग्राह्यः तत्तपोऽकुरुते त्यादि श्रुतौ तपः शब्दस्य संकल्पार्थकता दर्शनान् सच संकल्प उत्पादयितुरेव प्रकृतेच ऋष्यशृंगाजादिजनकानां विभांडकादीनाम् अस्मिन् क्षेत्रे ब्राह्मणो जायतामि त्याकारकः सकल्पस्तेषांचेश्वर प्रसादेना सत्यसंकल्पतया प्रसिद्धकारणानपेक्षयैव कार्यजनकत्वसम्भवात्

अतएव शारीरकमीमांसायां फलाध्याये चतुर्थ पादे जगद् व्यापारवर्जमिति सूत्रेण विश्वसृष्टिमंत्तरा सर्व्वेषां पदार्थानां सृष्टिकर्तृत्वम् इश्वरप्रसादलब्धसामर्थ्यानां योगिनां समार्थितं समार्थितंच भगवत्पूज्यपादेन शंकराचार्येण तेषां संकल्पादेव भोगभोग्यादिकर्तृत्व तत् सूत्रभाष्ये स्पष्टमुक्तम् ॥

विश्वामित्रस्य ब्राह्मण्ये च विश्वामित्रतपएव कारणं नोत्पादयितुः तदुक्तं महाभारते ॥ सगत्वा तपसा सिद्धिं लोकान विष्ठभ्यनेजसाततापसर्वान् दीप्तोजा ब्राह्मणत्व मवाप्तवान् ॥ १ ॥ अस्मिन्पक्षेच तपःशब्दस्य तपश्चरणरूपेश्वराराधनरूपार्थकत्वं ग्राह्यमेव तन्त्रेणावृत्या वा तपः शब्दस्यो भयार्थकता स्वीकृतास्ति संस्कारस्तत्र कारण मित्यभिधानेन अदृष्टविशेषरूपसंसारस्यैव तत्र कारणत्व मिति निःकृष्टार्थो हि तज्ज्ञैर्दर्शितः

वेदांत्तिकमतेपि कर्म्मशेषरूप वासनापरपर्यायस्य संस्कारस्यादृष्टशब्दार्थत्वस्वीकारात् एतच्च शांकरभाष्यस्य तृतायाऽध्याये स्पष्टंतद्ग्रंथवेदिनां सुबोधमिति विरम्यते न्यायकुसुमाञ्जलौ च द्वितीयस्तबके ब्राह्मणत्वस्य ब्राह्मणपूर्व्वकत्वे आद्यसर्गे ब्राह्मणव्यवहारानुपपत्तिमाशंक्य उद्भिद्वृश्चिकवद्वर्णा मायावत् मर्य्यादया इत्यनेन उद्भिदः शाकविशेषस्य तंडुलकणतः

सविजाच्च यथोत्पादः कीटविशेषस्य वृश्चिकश्यच गोमयात् श्वका-
रणात् वृश्चिक शरीराच यथोत्पादस्तथा' ब्राह्मणादि वर्णानाचपि
संकल्पात् ब्राह्मण्य।ब्राह्मणाच्चोद इत्यर्थकेन ब्राह्मणस्य ब्राह्मण
पर्ववत्वाभावेपि संकल्पमात्रादेव प्रथममुत्पत्तिसंभवेन सर्गप्रलयादिसंभवः
समर्थितः ॥

अतएव आदिसर्गोत्पन्नानां सनकादीनां मानसिकत्वं पुराणादौ
प्रसिद्धम् श्रुत्यापि तदैक्षत बहुस्यां प्रजायेयेति संकल्पापर पर्य्या
येक्षणादेव भूम्यादिकर्तृत्वमीश्वरस्य समर्थितं मनुनापिसोऽभिध्याय
शरीरात् स्वात् सिसृक्षुर्विविधाः प्रजा इत्यनेन अभिधानपूर्वकमी-
श्वरस्य जगत्कर्तृत्वं प्रदर्शितं युक्तचैतत् तस्येश्वरस्य प्रसादलब्ध
महात्म्यानामपि योगि नांसकल्पमात्रेण ब्राह्मण्योत्पादिकं प्रागुक्तव
चनन्यायादिभिः समर्थितंसकल्पादेव तस्येश्वरस्य जगत्कर्तृत्वं
कैमुतिकन्यायादेव सिद्धम् ॥

प्रकृते च स्वर्णपद्मप्रतिबिम्ब ब्राह्मणदम्पत्योरेव कारणत्वेन
ब्राह्मणपूर्वकमपि ब्राह्मण्य मस्त्येव तस्यच सत्यतामेवेश्वरसंकल्प
स्यकारणत्वं कल्प्यते यस्यप्रतिकृतेर्योऽभूत् तद्गोत्रं सोन्वपद्यते-
त्यनेन च बिम्बीभूतदम्पत्योर्गोत्रानुगमोक्त्या तद्वर्णाप्तिरपिअर्थादायता
दर्पणप्रतिबिम्बादिस्थले च लोहित्यादिबिम्ब गतवर्णस्य प्रतिबिम्बे

ष्वारोपस्य सर्वसम्म तत्वात् अतएव ययुर्द्विजा इत्यनेनचतेषां द्विजत्वविशेषणेऽपि प्रकतत्वात् द्विजपदस्य द्विजेन्द्रपरत्वं सामान्य शब्दस्य विशेषपरतायाः शतशोदर्शनात्पद्ममालावहिर्भूतत्वेन च तेषाभिन्नमालत्वसंज्ञायाद्विजसंज्ञायाश्चसम्बिधानेमभगवत्यासामगा- नादिकर्त्तव्यतयाविहितमूतेषांचद्विजवृत्तियाचनतः पराङ्मुखतामालो क्यवृत्तिविशेषश्चभगवत्यालक्ष्म्याविहितः ॥ तत्रेदमाकूतंयोवर्णोद्भव स्तस्य तदनुगुणवृतिरेवेश्वरेण कल्पिता यथा मुखभवब्राह्मणस्य मुखोपकार्य्यवेदाध्ययनाऽध्यापनादिवृत्ति र्बाहुजक्षत्रस्य बाहुसाध्य युद्धविक्रमादिवृत्ति स्तथास्वर्णपद्महारजातत्वेनैषां स्वर्ण[illegible]ध्य भूषाघटनरूपावृत्तिः कल्पिताअतोनतेषांतेनकदाचारताईश्वरसंकल्पो पदेशादि साध्यस्यनिर्दोषत्वातूआचारस्यसाधुत्वासाधुत्वय।[illegible]- र्य्यादाया एवनियामकत्वात् वराहपुराणऽपि ॥ श्रुति स्मृती ममैवाज्ञे यस्त उल्लङ्घ्यवर्त्तते ॥ आज्ञाच्छेदी ममद्वेषी नरके प्रतिवर्त्तते ॥ १॥ इत्यनेनेश्वराज्ञा लंघने नरक प्राप्तिरभिहिता तत्तद्विम्बीभूतद्विजगो त्रत्वलाभादेवं तत्प्रबरतापि अतएव प्रवराध्याये [illegible]र मुलनाभिहितागोत्रानुशरणमंतरेणप्रवरासम्भवात् ॥

मालायाश्च अष्टाऽधिकसहस्त्रपद्मघटिततया तेषु तेषु च पत्रेषु चतुःषष्ट्याधिकाष्टसहस्रसंख्यकेषु प्रतिबिम्बात् ब्राह्मणनां

नतु संख्याकत्वम् उपाधिभूतस्वर्णपद्मसंख्यानुसारेणैव प्रतिबिम्बोद यस्यानुभवसिद्धत्वात् एव च तथाभूत बिम्बसंख्यकब्राह्मणानां बाहुल्यात् देशभेदेन स्थितानां बहुपुत्रपौत्रादि परंपरया बहुविस्ता रमधिगतानां क्रमेण क्रियाभेदादिना संज्ञाभेदो यथा द्विवेदाध्यय नादिसम्बन्धात् दुवेइतिचतुर्वेदसम्बन्धात्चौवेइति प्रसिद्धि रेवंसाम-तानसम्बन्धात्सामतानइतिप्रसिद्धिः ॥

एवंत्रिभ्यो वेदेभ्य ऋग्यजुरथर्व्वनामकेभ्य आगता विरता इति आगतायाः संज्ञाया अपभ्रंशरूपतया त्रागड इति प्रसिद्धिः कलादो रूक्मकारक इत्युक्तः स्वर्ण कारस्य कलादशब्दवाच्यतया तेषां वृत्तिरीश्वरकल्पिता तदपभ्रंशरूपतया सोनीतिलोके प्रसिद्धिः॥

किञ्चेश्वरादेशेन गयाब्राह्मण गंगापुत्र प्रयागब्राह्मणानां यथा ब्राह्मणत्वं तीर्थस्थान प्रतिग्रहरूपनिकृष्टक्रियाया यथानिर्दो-षत्वं तथैवैतेषामपिनिर्दोषतयैवायातिसामगानप्रकर्त्तव्यमित्याद्युक्ते-सामवेदोक्तमत्रादिनैवैषां कर्म्माद्यनुष्ठानसूएतद्धनरोधनैवतेषांत्रागडेति संज्ञा ॥

एवंच प्रतिकृतिगोत्रतया तद्वेदसम्बन्धलाभेपि सामगानरूप विशेषवेदसम्बन्धस्याभिधानात् किंच ऋग्यजुरथर्ववेदेष्वविकारअति देशस्तस्यापि विशेषशास्त्रे नतौ पशौकरोतीत्या दिनेव परीत्यागस्य पूर्व्वमीमांसायां शतशो ॥

दर्शनादित्यलमतिविस्तरेणेतिशम् सम्वत १९२२ आश्विन शुक्लदशम्यांकाशीनिवासनान्नथान्यदेशस्थानां येषांमहामहिमविदुषामत्र सम्मतिरस्तितेषान्नामान्यधोलिखितानिसंतितद्धस्तलिपिविशिष्टपत्रं त्वेकमेवेत्यवधेयम् ॥

॥ सम्मतिरत्राधो लिखितानां पंडितानाम् ॥

चतुर्वेदहीरानन्दशर्म्मणः ॥ कालेकरराजारामशास्त्रिणः ॥ सखारामशास्त्रिणः ॥ अनन्तरामशास्त्रिणः ॥ विठलशास्त्रिणः ॥ रानडोपाद्दबालशास्त्रिणः ॥ त्रिपाठिवेचनशर्म्मणः ॥ होर्डिकविश्वनाथशर्म्मणः ॥ वालकृष्णशर्म्मणाम् ॥ सिद्धेश्वरपद्नामकस्य ॥ गणेशदत्तशर्म्मणः ॥ अवाडिछन्नुशर्म्मणः ॥ सम्मतिश्चेन्द्रदत्तशर्म्मणः ॥ आन्द्रवेडकटरामशर्म्मणः ॥ मुकुन्दरामत्रिपाठिनः ॥ श्रीमदनमोहनशर्म्मणः ॥ श्रीविष्णुदत्तशर्म्मणाम् ॥ श्रीयुतदुर्गादत्तशर्म्मणः ॥ श्रीजगन्नाथशर्म्मणः ॥ देवीदत्तशर्म्मणाम् ॥ राधाकृष्णपंडितस्य ॥ श्रीहरदेवशर्म्मणः श्रीलक्ष्मणशास्त्रिणः ॥ तारानाथतर्कवाचस्पतेः ॥ शंकरनाथशर्म्मणः ॥ श्रीकृष्णगोरनागरस्य ॥ उमाकान्तशर्म्मणाम् ॥ कृष्णारामव्यासस्य गणेशकृष्ण शर्म्मणः॥ दुआकृष्णशर्म्मणः ॥ ओझागणेशशर्म्मणः॥ वैजनाथश्रीमालिनः॥ उत्तमकृष्णश्रीमालिनः ॥ बलदेवनैयायिकस्य ॥ तेलङ्गश्रीनृसिंहशास्त्री ॥ उत्कलकाशीनाथस्य ॥

# આ નગીનવાણી વિલાસના પુસ્તકના અગાઉથી ગ્રાહક થનાર ગૃહસ્થોના અમ્મર નામ નીચે પ્રમાણે.

| પ્ર. | સુરત. | ઠેકાણું. |
|---|---|---|
| ૫ | સદચિદાનંદ માહદેવ | સોનીફળીયા |
| ૫ | ગાંડાભાઇ મોતીરામ ભગત | સગરામપુરા |
| ૨ | નાનજી અરજણ | ભાગાતળાવ |
| ૨ | હરકીસનદાશ ભવાનીદાસ | ગોપીપુરા |
| ૧ | ચુનીલાલ પ્રાણશંકર | સોનીફળીયા |
| ૧ | મણીલાલ બાપુલાલ | મંદીરની પોળ |
| ૧ | છોટુભાઇ બાપુલાલ | મંદીરની પોળ |
| ૧ | છબીલદાશ નાનાભાઇ | સોનીફળીયા |
| ૧ | જમનાદાશ સેન ભગત | ભાગાતળાવ |
| ૧ | દોલતરામ હીંમતરામ | દેશાઇપોળ |
| ૧ | જીવણલાલ ગોરધનદાસ | મંદીરની પોળ |
| ૧ | ઝીણાભાઇ નાનાભાઇ | સોનીફળીયું |
| ૧ | રતીલાલ ત્રિભુવનદાશ ડાકટર | કોટસફીલ |
| ૧ | ધનસ્યામલાલ લલુભાઇ | ગુડસ કલાર્ક સુરત |
| ૧ | હીરાલાલ ઇશ્વરલાલ | સોનીફળીયા |
| ૧ | રતીલાલ મણીશંકર | સોનીફળીયા |
| ૧ | નરહરીશંકર માણેકરામ માસ્તર | કેળાપીઠ |
| ૧ | માણેકલાલ કેશવલાલજી | સોનીફળીયા |

| | | |
|---|---|---|
| ૧ | હરકીસન ઘેલાભાઈ તપોધન | દુમ્મારાશેરી બેગમપુરા |
| ૧ | વેણીલાલ દોલતરામ | વાઘેશ્વરની પોળ |
| ૧ | જમનાદાસ રણછોડદાસ ખંભાતી | સોનીફળીયા |
| ૧ | ડાહ્યાભાઇ ફકોરભાઇ દેશાઇ | શાહપુર |
| ૧ | પ્રાણુલાલ શીવલાલ | સોનીફળીયા |
| ૧ | ઝીણાભાઇ પાણુભાઇ ગજ્જર | કોટસફીલ |
| ૧ | ચુનીલાલ આદીતરામ જોસી | ચાંલ્લાવાડ |
| ૧ | મોતીરામ ગોકળદાસ | પગથીયાશેરી |
| ૧ | છોટેલાલ મગનલાલ | ગોપીપુરા રામજી મંદીર સામે |
| ૧ | માણેકલાલ પ્રાણશંકર શર્મા | સોનીફળીયા |
| ૧ | ગોપાળદાસ કસનદાસ | સંઘાડીયાવાડ |
| ૨ | હીરાલાલ મગનલાલ | નાણાવટ |
| ૧ | મનસુખલાલ ચંદુલાલ | નાણાવટ |
| ૧ | નાથુભાઇ દેવચંદ | વડા ચૌટા |
| ૧ | છોટુભાઇ દેશાઇ | ગોપીપુરા |
| ૧ | ચુનીલાલ જેઠીસનદાસ | સોનીફલીઆ |
| ૧ | હરીલાલ મોતીરામ | સોનીફલીઆ |
| ૧ | ચુનીલાલ વેણીલાલ | સોનીફલીઆ |
| ૧ | ફરસરામ કૃષ્ણારામ | સોનીફલીઆ |
| ૧ | ધનશંકર મોતીરામ | સોનીફલીઆ |
| ૧ | છનુંલાલ મોતીરામ | સોનીફલીઆ |
| ૧ | મનુલાલ બાલમુકંદ શર્મા | સોનીફલીઆ |
| ૧ | ભુખણદાસ શીવલાલ | લીંબુશેરી |

| | | |
|---|---|---|
| ૧ | કૃષ્ણલાલ રણછોડલાલ | સોનીફલીઆ |
| ૧ | રણછોડલાલ કાશીરામ જોસી | સોનીફલીઆ |
| ૧ | રા. રા. રતીલાલ પ્રાણલાલ | બાલાજીનો ચકલો |
| ૧ | માસ્તર રંગીલદાશ હરગોવનદાસ | સોનીફલીઆ |
| ૧ | જમનાદાસ રણછોડદાશ ચેરી | દેશાઇ પોળ |
| ૧ | અંબાલાલ નટવરલાલ | સોનીફલીઆ |
| ૧ | રંગીલદાશ નાનાભાઇ શર્મા | સોનીફલીઆ |
| ૧ | છતરસીંગ સેવાસીંગ | રૂદરપરા |
| ૧ | મીસ્તરી લલ્લુભાઇ ત્રીકમદાશ | ગલેમંદી ગોળસેરી |
| ૧ | મણીલાલ ત્રંબકરામ | સોનીફલીઆ |
| ૧ | છગનલાલ ઝીણાભાઇ | લુવારપોળ |
| ૧ | બાબુ ચુનીલાલ હીમતરામ શર્મા | દેશાઇ પોળ |
| ૧ | કેશવરામ રતનરામ શુકલ | છીપવાડ શેરી |
| ૧ | ચંદુલાલ નાનાભાઇ | સોનીફલીઆ |
| ૧ | શીવશંકર નરભેરામ | સોનીફલીઆ |
| ૧ | આતમારામ પ્રાણજીવનદાસ | સોનીફલીઆ |
| ૧ | વરજદાસ લક્ષમીરામ | સોનીફલીઆ |
| ૧ | બાલુભાઇ બીજભુખણદાસ | સોનીફલીઆ |
| ૧ | રાજારામ શીવશંકર | સોનીફલીઆ |
| ૧ | પ્રાણશંકર કીરપાશંકર | વાઘેશ્વરીની પોળ |
| ૧ | રંગીલદાસ રામશંકર | સોનીફલીઆ |
| ૧ | ગંગારામ ભાઇશંકર | સોનીફલીઆ |
| ૧ | રામલાલ છબીલદાશ શર્મા | હનુમાનની પોળ |

| | | |
|---|---|---|
| ૧ | રંગીલદાસ નાનાભાઇ અમદાવાદી | સોનીફળીઆ |
| ૧ | રા. દામોદર ભાઇલાલ | સોનીફળીઆ |
| ૧ | સુરજરામ હરીશંકર | સોનીફળીઆ |
| ૧ | રા. નાનાભાઇ કૃષ્ણુરામ | સોનીફળીઆ |
| ૧ | રા. બ્રીજલાલ બાલમુકુંદ | સોનીફળીઆ |
| ૧ | રા. છગનલાલ ઝીણાભાઇ મેહેતા. | સુતારપોળ |

## નડીયાદ

| | | |
|---|---|---|
| ૧ | છોટેલાલ અમૃતલાલ | |
| ૧ | અંબાલાલ દલપતરામ | નરભીની પોળ |
| ૧ | અચરતલાલ સાંકળલાલ | નરભીની પોળ |
| ૧ | અંબાલાલ કૃષ્ણુરામ | |
| ૧ | સાંકળલાલ મગનલાલ | |
| ૧ | શંકરલાલ મનસુખરામ | |
| ૧ | કૃષ્ણુરામ મનસુખરામ | નાગરવાડા |

## કલકતા

૧ રા. બાબુ ભીખારીલાલ જગન્નાથજી શર્મા

૧ રા. બાબુ માધવરામજી ઉતમરામજી શર્મા

૧ બાબુ મુનીલાલજી હીમતરામજી શર્મા

૧ બાબુ રૂઘનાથજી ગુલાબરામજી શર્મા

૧ બીહારીલાલ શીવલાલજી શર્મા

## ખંભાત

૨ દામોદરદાસ કાશીરામ

**ભરૂચ**

૧ રા. ધીરજલાલ લક્ષ્મીદાશ

**કઠોર**

૧ રા. ચુનીલાલ નંદલાલ

**કરાંચી**

૫ ચીમનલાલ નગીનલાલ શર્મા

**સજોત**

૧ ગજાનંદ બ્રહ્મચારી — સજ્જોત મુળેશ્વર મહાદેવમાં